# ધાનકા

## (ગુજરાતની એક અનુસૂચિત જનજાતિનો સામાજિક આર્થિક અભ્યાસ)

અહેવાલ લેખન
ડૉ. ગૌરીશ પંડ્યા
શ્રી ભીખાભાઈ પટેલ

સંપાદન
ડૉ. ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪
૧૯૮૮

૨૫૮

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | ધાનકા જાતિની વસ્તી અને વિસ્તાર પરિચય | ૧ |
| ૨ | ભૌતિક સંસ્કૃતિ | ૨૧ |
| ૩ | ધાનકા જાતિની અર્થવ્યવસ્થા | ૪૫ |
| ૪ | સામાજિક સંગઠન | ૮૨ |
| ૫ | સામાજિક રીતરિવાજો | ૮૮ |
| ૬ | ધાર્મિક જીવન | ૧૦૪ |
| ૭ | ધાનકાઓમાં શિક્ષણ | ૧૦૯ |
| ૮ | વિકાસલક્ષી સૂચનો | ૧૧૮ |

# કોઠાઓની યાદી


| પ્રકરણ | | વિગત | પાન નં. |
|---|---|---|---|
| ૧ | (૧) | ધાનકા આદિવાસી જાતિની જિલ્લાવાર, તાલુકાવાર વસ્તી (૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ) | |
| | (૨) | તાલુકાની સામાન્ય માહિતી | |
| | (૩) | પસંદ કરેલાં ગામોની સામાન્ય માહિતી અને ઉપલબ્ધ સુવિધાઓ | |
| ૨ | (૧) | તપાસેલાં કુટુંબોના મકાનની વિગતો | |
| | (૨) | મકાનની દિવાલનો પ્રકાર | |
| | (૩) | છાપરાનો પ્રકાર | |
| | (૪) | મકાનનું ક્ષેત્રફળ દર્શાવતો કોઠો | |
| | (૫) | ઓરડાની સંખ્યા દર્શાવતો કોઠો | |
| | (૬) | મકાનની માલિકીની જમીનની વિગતો દર્શાવતો કોઠો | |
| | (૭) | પશુઓ માટેની છાપરી | |
| | (૮) | નમૂનાનાં કુટુંબો પાસે ઘરવપરાશમાં લેવાતાં વાસણોની માહિતી અને ફર્નિચરની વિગત | |
| ૩ | (૧) | ધંધા રોજગારમાં રોકાયેલ સભ્યોની માહિતી | |
| | (૨) | કમાનાર- નહિ કમાનાર સભ્યોની માહિતી | |
| | (૩) | જમીનની વિગતો-સરેરાશ જમીનનું કદ દર્શાવતો કોઠો | |
| | (૪) | માલિકીનાં યંત્રો અને ઓજારોની વિગત | |
| | (૫) | પશુધનની સંખ્યા | |
| | (૬) | કુલ ઉત્પાદન અને ખર્ચની વિગત | |
| | (૭) | કુલ ઉત્પાદન ખર્ચ અને ચોખ્ખી આવક | |
| | (૮) | નમૂનાના કુટુંબોના કુલ વપરાશી ખર્ચની વિગતો | |
| | (૯) | નમૂનાના કુટુંબોનાં આવક/ખર્ચની તુલના | |
| | (૧૦) | દેવાની વિગતો દર્શાવતો કોઠો | |

| પ્રકરણ | | વિગત | પાન નં. |
|---|---|---|---|
| | (૧૧) | છેલ્લાં દસ વર્ષમાં કરેલ મૂડી રોકાણ ખર્ચ | |
| | (૧૨) | કુલ અસ્કયામતની કિંમત | |
| ૪ | (૧) | કુટુંબનો પ્રકાર | |
| | (૨) | કુટુંબની સભ્ય સંખ્યાનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ | |
| ૭ | (૧) | આદિવાસીઓમાં જિલ્લાવાર શિક્ષણ (૧૯૮૧) | |
| | (૨) | તપાસના વિસ્તારમાં શિક્ષણ (૧૯૮૧) | |
| | (૩) | નમૂનાનાં કુટુંબોમાં શિક્ષણ | |

# પ્રકરણ - ૧
# ધાનકા જાતિની વસ્તી અને વિસ્તાર પરિચય

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને ગુજરાત સરકારના મજૂર, સમાજકલ્યાણ અને આદિવાસી કલ્યાણ વિભાગ દ્વારા સૂચિત ગુજરાતમાં અત્યંત કપરી આર્થિક પરિસ્થિતિમાં જીવન ગુજારતી જનજાતિઓ પૈકીની ભીલ, રાઠવા, સીદી, ગામીત, ચૌધરી, નાયકા તેમજ પટેલિયા જાતિના સાંસ્કૃતિક અભ્યાસ કેન્દ્ર દ્વારા હાથ ધરીને તેમના વિકાસ માટેનાં કાર્યક્રમો સૂચવવા અંગે કહેવામાં આવ્યું હતું. જેના વિષે અહેવાલો તૈયાર કરીને સરકારશ્રીને સુપ્રત કરી દેવામાં આવ્યા છે. તેમાં 'ધાનકા' જાતિનો અભ્યાસ કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. જે અન્વયે ધાનકા જાતિની વસ્તી ધરાવતા વડોદરા, ભરૂચ, સુરત અને પંચમહાલ જિલ્લાના આદિવાસી વિસ્તારની મુલાકાત લઈ 'ધાનકા' જાતિનો સાંસ્કૃતિક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસને વૈજ્ઞાનિક સ્વરૂપમાં મૂકવા માટે 'ધાનકા' જાતિની સૌથી વિશેષ વસ્તી ધરાવતા ભરૂચ જિલ્લાના રાજપીપળા તાલુકાની પસંદગી કરીને તેના બે ગામોને કેન્દ્રમાં રાખીને, ધાનકા જાતિના ૮૦ કુટુંબોનો પ્રત્યક્ષ મુલાકાત લઈ તેમની સામાજિક, ભૂભૌતિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક તેમજ સમાજજીવનના દરેક પાસાંઓને આવરી લઈ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

ધાનકા જાતિની વસ્તી મુખ્યત્વે વડોદરા જિલ્લામાં અને ભરૂચ જિલ્લામાં પથરાયેલી છે. આ ઉપરાંત પંચમહાલ જિલ્લામાં પણ ધાનકાઓની વસ્તી જોવા મળે છે. કેટલાક સ્થળોએ ધાનકા જાતિને તડવી અથવા તડવી-ભીલ તરીકે પણ ઓળખવામાં આવે છે. ધાનકા જાતિની વસ્તી ભરૂચ જિલ્લામાં જુદા જુદા ૧૦ તાલુકાઓમાં કુલ મળીને ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ૪૫,૨૩૫ની હતી. હાલ પણ તેમની વસ્તી કડીમકવાણા ગામથી માંડીને ઠેઠ સુરપાણ-ગધેર સુધીના નાંદોદ તાલુકાના ૮૦ ગામોમાં પથરાયેલી છે. તેઓ જૂથમાં રહે છે. જયારે વડોદરા અને પંચમહાલ જિલ્લામાં વસતા ધાનકા છૂટાછવાયા વિસ્તારમાં વસવાટ કરે છે.

ધાનકા જાતિની વસ્તી ગુજરાતના દસ જિલ્લાઓના જુદા જુદા ૫૦ તાલુકાઓમાં પથરાયેલી છે. જેની વિગતો અહીં કોઠામાં દર્શાવવામાં આવી છે.

# ધાનકા આદિવાસી જાતિની જિલ્લાવાર વસ્તી - ૧૯૭૧ મુજબ

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કુલ વસ્તી |
|---|---|---|---|
| ૧. | વલસાડ | ઉંમરગામ | ૧ |
| | (૨) | ચીખલી | ૧ |
| ૨ | સુરત | કામરેજ | ૯ |
| | (૧૭૭) | માંગરોળ | ૩૪ |
| | | માંડવી | ૨૪ |
| | | સોનગઢ | ૧૧ |
| | | નિઝર | ૫૩ |
| | | વ્યારા | ૨૭ |
| | | બારડોલી | ૧૯ |
| ૩. | ભરૂચ | ભરૂચ | ૫૦ |
| | (૪૫,૨૩૫) | અંકલેશ્વર | ૩ |
| | | હાંસોટ | ૧૯ |
| | | વાગરા | ૧ |
| | | આમોદ | ૯ |
| | | ઝઘડિયા | ૬૧૪ |
| | | નાંદોદ (રાજપીપળા) | ૩૮૮૭૭ |
| | | ડેડિયાપાડા | ૩૭૩૩ |
| | | સાગબારા | ૧૮૭૮ |
| | | વાલિયા | ૫૧ |
| ૪. | પંચમહાલ | ગોધરા | ૧૦૦ |
| | (૩૬૯૨) | કાલોલ | ૨ |
| | | હાલોલ | ૮૪૮ |
| | | લુણાવાડા | ૬૮ |
| | | સંતરામપુર | ૨૧ |

| | | | |
|---|---|---|---|
| | | ઝાલોદ | ૩ |
| | | દાહોદ | ૧૬૧ |
| | | લીમખેડા | ૧૬૮૩ |
| | | દે.બારિયા | ૩૧૦ |
| | | જાંબુઘોડા | ૪૯૬ |
| ૫. | વડોદરા (૬,૩૩૨) | વડોદરા | ૧૬૧૪ |
| | | કરજણ | ૬૨૮ |
| | | પાદરા | ૧૭૭ |
| | | સાવલી | ૭૦૬ |
| | | વાઘોડિયા | ૧૨૮૩ |
| | | ડભોઈ | ૯૬૩૪ |
| | | સંખેડા | ૩૫૧૧૩ |
| | | જાંબુગામ | ૧૦૫૨૭ |
| | | છોટાઉદેપુર | ૯૧૧૮ |
| | | નસવાડી | ૭૮૩૬ |
| | | તિલકવાડા | ૯૦૮૪ |
| | | શિનોર | ૬૧૨ |
| ૬ | ખેડા (૨,૮૦૨) | મહેમદાવાદ | ૧૬૨૨ |
| | | નડિયાદ | ૨૧ |
| | | આણંદ | ૨૦ |
| | | કપડવંજ | ૨૧૨ |
| | | બાલાશિનોર | ૧૩૯ |
| | | ઠાસરા | ૧૮૬ |
| | | માતર | ૬૦૨ |
| ૭. | સાબરકાંઠા (૨૨૯) | હિંમતનગર | ૬ |
| | | પ્રાંતિજ | ૯ |
| | | ઈડર | ૫૧ |

| | | | |
|---|---|---|---|
| | | ખેડબ્રહ્મા<br>મોડાસા<br>બાયડ | ૬૩<br>૨૫<br>૭૫ |
| ૮. | બનાસકાંઠા<br>(૮) | પાલનપુર<br>રાધનપુર | ૪<br>૪ |
| ૯. | અમદાવાદ<br>(૫૫) | સીટી<br>દશક્રોઈ | ૨૭<br>૧૨૮ |
| ૧૦. | ગાંધીનગર<br>(૧) | | ૧ |
| **કુલ** | **(૧૦)** | **૫૮** | **૧,૩૮,૬૩૩★** |

એવું માનવામાં આવે છે કે મહંમદ બેગડા વખતે પાવાગઢનું પતન થયા પછી ધાનકાઓ લડાઈ વખતે મુસ્લિમ લોકોથી જાત છુપાવવા માટે પાવગઢના ડુંગરોમાંથી, છટકીને વડોદરા જિલ્લાના છોટાઉદેપુર અને બીજા ડુંગરાળ જંગલ વિસ્તારમાં આવીને વસ્યા. કેટલાક નર્મદા પાર કરી છેક નાંદોદ, ઝઘડિયા અને નિઝર તરફના જંગલોમાં આવીને સ્થિર થયા હતા. તેઓ પંચમહાલ, વડોદરા અને ભરૂચ જિલ્લાના કેટલાક ભાગોમાં ગયા ત્યાં તેઓની અસલ જાતિ રજપૂત તરીકે ઓળખાતી. આવી હકીકતો વહીવંચા (પાવાગઢ) ઉપરથી જાણવા મળે છે. પંચમહાલ જિલ્લામાં જાંબુગોડા, લીમખેડા અને દે.બારિયા તાલુકામાં તેમની ખાસ વસ્તી જોવા મળે છે. વડોદરા જિલ્લામાં સંખેડા, જાંબુગામ, ડભોઈ, છોટાકઉદેપુર, નસવાડી, તિલકવાડા અને વાઘોડિયા તાલુકામાં તેમની વધારે વસ્તી જોવા મળે છે. જયારે ભરૂચ જિલ્લામાં ખાસ કરીને નાંદોદ, ડેડિયાપાડા અને સાગબારા વિસ્તારમાં તેમની ખાસ વસ્તી જોવા મળે છે. આ સિવાય ખેડા, સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પણ થોડી વસ્તી આવેલી છે. જેની વિગતો ઉપરના કોઠામાં જોઈ શકાય છે.

**જિલ્લાનો પરિચય :**

ભરૂચ જિલ્લો રાજયની દક્ષિણે આવેલો છે. જિલ્લાની પૂર્વે મહારાષ્ટ્ર રાજય, પશ્ચિમે સુરત જિલ્લો, દક્ષિણે સાબરકાંઠા અને ઉત્તરે ખેડા અને વડોદરા જિલ્લાની સરહદો આવેલી છે.

★ **સંદર્ભ :** ગુજરાતના આદિવાસીઓ : મુસ્તાઅલી મસવી, ૧૯૮૨, પ્રકાશક : આદિવાસી સં. અને તા.કેન્દ્ર, ગૂ.વિ., અમદાવાદ-૩૮૦૦૧૪

ભરૂચ જિલ્લાની પૂર્વ-પશ્ચિમ લંબાઈ ૧૫૭ કિલોમીટર અને ઉત્તર દક્ષિણ પહોળાઈ ૧૦૧ કિલોમીટર છે. જિલ્લાનો કુલ વિસ્તાર ૨૯,૮૫૨ ચો.માઈલ છે. કુલ વસ્તી ૧૧,૦૯,૬૦૧ માણસોની છે. ભરૂચ જિલ્લો જુદા જુદા ૧૧ તાલુકાઓનો બનેલો છે.

ભરૂચ જિલ્લાને બે વિભાગમાં વહેંચવામાં આવેલો છે. ભરૂચ વિભાગ અને રાજપીપળા વિભાગ. રાજપીપળા વિભાગમાં રાજપીપળા તાલુકો, દેડિયાપાડા, વાલિયા, સાગબારા અને ઝઘડિયા તાલુકાનો સમાવેશ થાય છે. જેમાં મોટાભાગની વસ્તી આદિવાસી લોકોની છે.

**જમીન :**

જિલ્લાનો પૂર્વભાગ ડુંગરાળ છે. તે સિવાય બાકીનો ભાગ સપાટ છે. ડુંગરાળ પ્રદેશની જમીન પથ્થરીયા છે. બાકીની જમીન કાળી અને ગોરાડુ છે. મોટી નદીઓના કિનારાની જમીન ભાઠાની જમીન તરીકે ઓળખાય છે. દરિયાકાંઠાની જમીનમાં ક્ષારનો ભાગ વિશેષ છે.

**નદીઓ :**

જિલ્લામાં મુખ્યત્વે ત્રણ નદીઓ વહે છે. જેમાં નર્મદા, ઢાઢર અને કીમનો સમાવેશ થાય છે. સૌથી મોટી નદી નર્મદા નદી છે. નર્મદા નદી ગુજરાત રાજયની મોટામાં મોટી નદી છે. તેની લંબાઈ ૧૨૮૦ કિ.મી. છે. આ નદી વિદ્યાચલ પર્વતના અમરકંટક નામના શિખરમાંથી નીકળીને ખંભાતના અખાતને મળે છે. નર્મદા નદીને લોકો પવિત્ર માને છે. નદીના કાંઠે ઘણાં તીર્થસ્થાનો આવેલાં છે. જિલ્લામાં આ ઉપરાંત મહી, કરજણ, અમરાવતી અને તાપી નદીઓ આવેલી છે.

**વરસાદ :**

જિલ્લામાં ચોમાસાની ઋતુમાં વરસાદ પડે છે. પૂર્વના ડુંગરાળ પ્રદેશમાં ૪૦ થી ૫૦ ઈંચ, મધ્યના સપાટ પ્રદેશમાં ૨૫ થી ૩૫ ઈંચ અને બારા વિભાગમાં ૧૫ થી ૨૦ ઈંચ જેટલો વરસાદ પડે છે.

**મુખ્યપાક :**

જિલ્લાનો મુખ્ય પાક કપાસ છે. કાનમનો પ્રદેશ, મહીનદીથી નર્મદા નદી સુધીનો વિસ્તાર કાળી અને ફળદ્રુપ જમીનનો છે. આ વિસ્તાર કપાસ માટે ખૂબજ જાણીતો છે. બારા વિભાગ ઘઉં માટે જાણીતો છે અને ભાઠાની જમીનમાં શાકભાજી ખૂબ પાકે છે. પૂર્વના વિસ્તારમાં જુવાર, બાજરી, તુવેર, ડાંગર, કોદરા, મઠ-ચણા પાકે છે.

**રસ્તા અને વાહનવ્યવહાર :**

જિલ્લાની મધ્યમાં થઈને અમદાવાદથી મુંબઈ જતી રેલ્વેલાઈન પસાર થાય છે. રેલ્વે અને રસ્તાનો માર્ગવાહનવ્યવહાર જિલ્લાની આર્થિક અને સામાજિક બાબતોની પરિસ્થિતિના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. આ સિવાય રાજય ધોરી માર્ગ પણ અહીંથી પસાર થાય છે. આ ઉપરાંત રાષ્ટ્રીય ધોરી માર્ગ પણ પસાર થાય છે. આ સિવાય જિલ્લામાં જ અંકલેશ્વર થી રાજપીપળા, ઝઘડિયા થી નેત્રંગ, ભરૂચ થી જંબુસર, સમનીથી દહેજ અને જંબુસરથી કાવી અને વિશ્વામિત્રી જતી રેલ્વે જિલ્લાના વિકાસમાં અને પરિવહનના ભાગરૂપે મહત્વની છે.

**તાલુકાનો પરિચય : સામાન્ય માહિતી :**

તાલુકાની પૂર્વે મહારાષ્ટ્ર રાજયની હદ, પશ્ચિમે ઝઘડિયા તાલુકો ઉત્તરે વડોદરા જિલ્લો અને દક્ષિણે દેડિયાપાડા તાલુકો આવેલો છે.

તાલુકાની પૂર્વ-પશ્ચિમ લંબાઈ ૭૨ કિ.મી. અને ઉત્તર દક્ષિણ પહોળાઈ ૩૦ કિ.મી. છે.

આ તાલુકામાં નર્મદા, કરજણ અને વેતરણી નદીઓ વહે છે. જેમાંથી લોકો સિંચાઈ કરે છે.

તાલુકાની જમીન ડુંગરાળ અને પથ્થરીયા છે. થોડો ભાગ સપાટ પ્રદેશ છે. તાલુકાની પૂર્વે રાજપીપળાના ડુંગરો આવેલા છે.

તાલુકામાં મુખ્યત્વે કપાસ, જુવાર, બાજરી, મકાઈ અને કઠોળ પાકે છે. નદીના ભાઠામાં તમાકુ, સક્કરટેટી અને તડબૂચ પણ પાકે છે. કેળાં અને શેરડી પણ પાકે છે.

તાલુકામાં થોડાક જ ભાગમાં થઈને રેલ્વે પસાર થાય છે. ડુંગરાળ રસ્તા વિકટ છે. રાજપીપળાથી દેડિયાપાડા, ગરૂડેશ્વર તેમજ નવાગામ સરદાર સરોવર તરફ જવાના રસ્તા પાકા છે.

તાલુકાની વસ્તી અને વિસ્તાર તેમજ અન્ય સવલતોની માહિતી નીચે મુજબ છે :

તાલુકાની કુલ વિસ્તાર ૧૨૭૯.૭ હેકટર જેટલો છે. તેમાં માત્ર ૪.૫ હેકટર જેટલો વિસ્તાર શહેરી વિસ્તાર છે.

તાલુકામાં કુલ ૩૨૪૪૬ ઘરોની સંખ્યા છે. તેમાં ૮૨.૫ ટકા ઘરો ગ્રામ્ય વિસ્તારમાં આવેલા છે. કુલ કુટુંબોની સંખ્યા ૩૨૬૭૩ની છે. એટલે કે કુલ ઘરોની સંખ્યા કરતાં કુટુંબોની સંખ્યા વિશેષ છે.

તાલુકાની કુલ વસ્તી ૧,૭૯,૨૬૩ની સંખ્યા છે. તેમાં ૫૨.૧ ટકા પુરુષો અને ૪૭.૯ ટકા સ્ત્રીઓની સંખ્યા છે. તેમાં ગ્રામ્ય વસ્તી કુલ ૮૩.૭ ટકા છે. જયારે શહેરી વસ્તીનું પ્રમાણ માત્ર ૧૬.૩ ટકા છે. કુલ વસ્તીમાં હરિજનોની વસ્તી માત્ર ૩.૬ ટકા છે. જયારે આદિવાસની વસ્તી ૬૫.૪ ટકા છે. જેમાંથી ૯૫.૪ ટકા આદિવાસીઓ ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરે છે.

તાલુકાની કુલ વસ્તીમાંથી માત્ર ૪૧.૯ ટકા સભ્યો શિક્ષિત છે. બાકીના અભણ છે. કુલ શિક્ષિત સભ્યોમાંથી ૩૦.૧ ટકા આદિવાસીઓ શિક્ષણ પામેલા છે. તેમાં ૭૨.૮ ટકા પુરુષો અને ૨૭.૨ ટકા સ્ત્રીઓ ભણેલી છે, એટલે કે સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે.

તાલુકામાં કુલ કામ કરનારની સંખ્યા ૩૫.૪ ટકા જેટલી છે. તેમાંથી ૩૩.૦ ટકા ખેતીમાં, ૩૪.૮ ટકા ખેતીમજૂરીમાં અને ૧.૬ ટકા ગૃહઉદ્યોગ-ધંધામાં રોકાય છે અને ૩૦.૬ ટકા સભ્યો અને સેવામાં અને બીજે કામ કરનારા છે. કુલ વસ્તીમાં નહિ કમાનારની સંખ્યા ૫૧.૧ ટકા જેટલી છે એટલે કે બેકારીનું પ્રમાણ સવિશેષ છે.

કુલ આદિવાસી વસ્તીમાં જોઈએ તો કામ કરનારાઓની સંખ્યા ૩૬.૭ ટકા જેટલી છે. તેમાંથી ૩૭.૦ ટકા ખેતીમાં, ૪૫.૮ ટકા ખેતી મજૂરી કરનાર વર્ગ, ૦.૬ ટકા સભ્યો ગૃહઉદ્યોગ અને અન્ય સેવામાં, ૧૬.૬ ટકા લોકો અન્ય કામ કરનાર છે. જયારે કામ નહિ કરનારનું પ્રમાણ કુલ આદિવાસી વસ્તીમાં ૫૨.૯ ટકા જેટલું જોવા મળે છે. તાલુકાની સામાન્ય માહિતી અને આદિવાસીઓની વસ્તીની સામાન્ય માહિતી નીચેના કોઠામાં દર્શાવી છે. કોઠો જોવાથી વધુ ખ્યાલ આવશે.

**તાલુકાની સામાન્ય માહિતી**

| | | | ટકા |
|---|---|---|---|
| (૧) | તાલુકાનો કુલ વિસ્તાર | ૧૧૧૯.૭ (હે) | - |
| | ગ્રામ્ય વિસ્તાર | ૧૧૧૫.૨ (હે) | - |
| | શહેરી વિસ્તાર | ૪.૫ (હે) | - |
| (૨) | કુલ ઘરોની સંખ્યા | ૩૨૪૪૬ | (૧૦૦.૦) |
| | ગ્રામ્ય ઘરો | ૨૬૭૬૪ | (૮૨.૫) |
| | શહેરી | ૫૬૮૨ | (૧૭.૫) |

| | | | |
|---|---|---|---|
| (૩) | કુલ કુટુંબોની સંખ્યા | ૩૨૬૭૩ | (૧૦૦.૦) |
| | ગ્રામીણ કુટુંબોં | ૨૬૯૬૧ | (૮૨.૫) |
| | શહેરી કુટુંબો | ૫૭૧૨ | (૧૭.૫) |
| (૪) | કુલ વસ્તી (તાલુકાની) | ૧૭૯૨૬૩ | (૧૦૦.૦) |
| | પુરુષ | ૯૩૩૦૭ | (૫૨.૧) |
| | સ્ત્રી | ૮૫૯૫૬ | (૪૭.૯) |
| (૫) | ગ્રામ્ય વસ્તી કુલ | ૧૫૦૦૩૭ | (૮૩.૭) |
| | પુરુષ | ૭૮૦૮૩ | ૫૨.૦ |
| | સ્ત્રી | ૭૧૯૫૪ | ૪૮.૦ |
| (૬) | શહેરી વસ્તી કુલ | ૨૯૨૨૬ | (૧૬.૩) |
| | પુરુષ | ૧૫૨૨૪ | ૫૨.૧ |
| | સ્ત્રી | ૧૪૦૦૨ | ૪૭.૯ |
| (૭) | કુલ હરિજનોની વસ્તી | ૬૪૬૦ | (૩.૬) |
| | પુરુષ | ૩૩૫૪ | |
| | સ્ત્રી | ૩૧૦૬ | |
| (૮) | ગ્રામ્યવસ્તી કુલ | ૫૨૦૫ | |
| | પુરુષ | ૨૬૯૨ | |
| | સ્ત્રી | ૨૫૧૩ | |
| (૯) | શહેરી વસ્તી | ૧૨૫૫ | |
| | પુરુષ | ૬૬૨ | |
| | સ્ત્રી | ૫૯૩ | |
| (૧૦) | કુલ આદિવાસીઓ | ૧૧૭૧૯૧ | (૬૫.૪) |
| | પુરુષ | ૫૯૯૦૬ | ૫૧.૧ |
| | સ્ત્રી | ૫૭૨૮૫ | ૪૮.૯ |
| (૧૧) | ગ્રામ્ય વસ્તી કુલ | ૧૧૧૮૧૬ | (૯૫.૪) |
| | પુરુષ | ૫૭૦૬૫ | |
| | સ્ત્રી | ૫૪૭૫૧ | |

| | | | |
|---|---|---|---|
| (૧૨) | શહેરી વસ્તી<br>પુરુષ<br>સ્ત્રી | ૫૩૭૫<br>૨૮૪૧<br>૨૫૩૪ | (૪.૬) |
| (૧૩) | શિક્ષણ પામેલા કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૭૫૧૪૩<br>૫૦૦૫૭<br>૨૫૦૮૬ | (૪૧.૯)<br>૬૬.૬<br>૩૩.૪ |
| (૧૪) | ગ્રામ્ય વિસ્તારમાં કુલ શિક્ષણ<br>પુરુષ<br>સ્ત્રી | ૫૫૭૧૪<br>૩૮૬૨૫<br>૧૭૦૮૯ | |
| (૧૫) | શહેરી વિસ્તારમાં શિક્ષણ<br>પુરુષ<br>સ્ત્રી | ૧૯૪૨૯<br>૧૧૪૩૨<br>૭૯૯૭ | |
| (૧૬) | કુલ કામ કરનારા<br>પુરુષ<br>સ્ત્રી | ૬૩૪૦૯<br>૫૧૨૫૧<br>૧૨૧૫૮ | (૩૫.૪) |
| | ગ્રામ્ય કુલ<br>પુરુષ<br>સ્ત્રી<br>શહેરી કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૫૫૬૧૮<br>૪૪૩૯૬<br>૧૧૨૨૨<br>૭૭૯૧<br>૬૮૫૫<br>૯૩૬ | |
| (૧૭) | ખેતીમાં રોકાયેલ કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૨૦૯૨૪<br>૧૯૧૫૯<br>૧૭૬૫ | (૩૩.૦) |

| | | | | |
|---|---|---|---|---|
| | ગ્રામ્ય | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૨૦૪૭૯<br>૧૮૭૩૬<br>૧૭૪૩ | |
| | શહેરી | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૪૪૫<br>૪૨૩<br>૨૨ | |
| (૧૮) | ખેતમજૂરી | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૨૨૦૬૨<br>૧૪૭૫૯<br>૭૩૦૩ | (૩૪.૮) |
| | ગ્રામ્ય | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૨૧૪૪૨<br>૧૪૩૧૩<br>૭૧૨૯ | |
| | શહેરી | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૬૨૦<br>૪૪૬<br>૧૭૪ | |
| (૧૯) | ગૃહઉદ્યોગમાં રોકાયેલ - | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૧૦૧૯<br>૮૨૨<br>૧૯૭ | (૧.૬) |
| | ગ્રામ્ય | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૭૫૪<br>૫૮૦<br>૧૭૪ | |
| | શહેરી | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૨૬૫<br>૨૪૨<br>૨૩ | |
| (૨૦) | અન્ય કામ કરનારા | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૧૯૪૦૪<br>૧૬૫૧૧<br>૨૮૯૩ | (૩૦.૬) |

| | | | | |
|---|---|---|---|---|
| | ગ્રામ્ય વિસ્તાર | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૧૨૯૪૩<br>૧૦૭૬૭<br>૨૧૭૬ | |
| | શહેરી વિસ્તાર | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૬૪૬૧<br>૫૭૪૪<br>૭૧૭ | |
| (૨૧) | માર્જિનલ વર્કર | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૧૪૩૪૧<br>૫૦૫<br>૧૩૮૩૬ | (૭.૮) |
| | ગ્રામ્ય | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૧૪૦૬૫<br>૪૦૭<br>૧૩૬૫૮ | |
| | શહેરી | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૨૭૬<br>૯૮<br>૧૭૮ | |
| (૨૨) | કામ નહિ કરનાર | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૯૧૫૧૩<br>૪૧૫૫૧<br>૪૯૯૬૨ | (૫૧.૧) |
| | ગ્રામ્ય | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૮૦૩૫૪<br>૩૩૨૮૦<br>૪૭૦૭૪ | |
| | શહેરી | કુલ<br>પુરુષ<br>સ્ત્રી | ૨૧૧૫૯<br>૮૨૭૧<br>૧૨૮૮૮ | |

ઉપર મુજબ તાલુકાની કુલ વસ્તી વિસ્તાર અને કામ કરનારની સંખ્યાનો ઓછો ખ્યાલ મેળવ્યા પછી તાલુકાની કુલ આદિવાસી વસ્તી, વિસ્તાર, શિક્ષણ અને કામ કરનારા અને કામ નહિ કરનારાઓની વિગત નીચેના કોઠા પરથી જોઈ શકાશે.

**તાલુકામાં કુલ આદિવાસી વસ્તી સામાન્ય માહિતી :**

| | | | વિગત | ટકા |
|---|---|---|---|---|
| (૧) | કુલ આદિવાસી ઘરોની | સંખ્યા | ૧૯૯૦૪ | |
| | | ગ્રામ્ય | ૧૮૮૪૭ | ૯૪.૭ |
| | | શહેરી | ૧૦૫૭ | ૫.૩ |
| (૨) | કુલ આદિવાસી વસ્તી | | ૧૧૭૧૯૧ | ૬૫.૪ |
| | | પુરુષ | ૫૯૯૦૬ | (૫૧.૨) |
| | | સ્ત્રી | ૫૭૨૮૫ | (૫૮.૮) |
| | ગ્રામ્ય વસ્તી | કુલ | ૧૧૧૮૧૬ | (૯૫.૪) |
| | | પુરુષ | ૫૭૦૬૫ | |
| | | સ્ત્રી | ૫૪૭૫૧ | |
| | શહેરી વસ્તી | કુલ | ૫૩૭૫ | (૪.૬) |
| | | પુરુષ | ૨૮૪૫ | |
| | | સ્ત્રી | ૨૫૩૦ | |
| (૩) | શિક્ષણ | કુલ | ૩૫૨૧૪ | (૩૦.૧) |
| | | પુરુષ | ૨૫૬૪૮ | (૭૨.૮) |
| | | સ્ત્રી | ૯૫૬૬ | (૨૭.૨) |
| | ગ્રામ્ય વસ્તીમાં | કુલ | ૩૨૮૫૫ | ૨૮.૦ |
| | | પુરુષ | ૨૪૦૩૯ | |
| | | સ્ત્રી | ૮૮૧૬ | |
| | શહેરી વસ્તીમાં | કુલ | ૨૩૬૦ | (૨.૧૧ |
| | | પુરુષ | ૧૬૦૯ | |
| | | સ્ત્રી | ૭૫૧ | |
| (૪) | કુલ કામ કરનાર આદિવાસીઓની વસ્તી | | ૪૩૦૧૨ | (૩૧.૭) |
| | | પુરુષ | ૩૩૩૮૯ | |
| | | સ્ત્રી | ૯૬૨૩ | |

| | | | | |
|---|---|---|---|---|
| | ગ્રામ્ય | કુલ | ૪૧૪૩૪ | |
| | | પુરુષ | ૩૨૦૯૫ | |
| | | સ્ત્રી | ૯૩૩૯ | |
| | શહેરી | કુલ | ૧૫૮૭૩ | |
| | | પુરુષ | ૧૪૩૩૭ | |
| | | સ્ત્રી | ૧૫૩૬ | |
| (૫) | ખેતીકામ કરનાર | કુલ | ૧૫૮૯૬ | (૩૭.૦) |
| | | પુરુષ | ૧૪૩૫૮ | |
| | | સ્ત્રી | ૧૫૩૮ | |
| | ગ્રામ્ય વિસ્તાર | કુલ | ૧૫૮૭૩ | |
| | | પુરુષ | ૧૪૩૩૭ | |
| | | સ્ત્રી | ૧૫૩૬ | |
| | શહેરી વિસ્તાર | કુલ | ૧૯૬૮૮ | |
| | | પુરુષ | ૧૩૦૯૭ | |
| | | સ્ત્રી | ૬૫૯૧ | |
| (૬) | ખેતમજૂરી કરનાર | કુલ | ૧૯૬૮૮ | (૪૫.૮) |
| | | પુરુષ | ૧૩૦૯૭ | |
| | | સ્ત્રી | ૬૫૯૧ | |
| | ગ્રામ્ય | કુલ | ૧૯૨૮૨ | |
| | | પુરુષ | ૧૨૮૨૦ | |
| | | સ્ત્રી | ૬૪૬૨ | |
| | શહેરી | કુલ | ૪૦૬ | |
| | | પુરુષ | ૨૭૭ | |
| | | સ્ત્રી | ૧૨૯ | |

| | | | | |
|---|---|---|---|---|
| (૭) | ગૃહઉદ્યોગ અને અન્ય સેવાઓમાં રોકાયેલા કુલ | | ૨૮૬ | (૦.૬) |
| | | પુરુષ | ૨૦૬ | |
| | | સ્ત્રી | ૮૦ | |
| | ગ્રામ્ય | કુલ | ૨૬૧ | |
| | | પુરુષ | ૧૮૪ | |
| | | સ્ત્રી | ૭૭ | |
| | શહેરી | કુલ | ૨૫ | |
| | | પુરુષ | ૨૨ | |
| | | સ્ત્રી | ૩ | |
| (૮) | અન્ય કામ કરનારા | કુલ | ૭૧૪૨ | (૧૬.૬) |
| | | પુરુષ | ૫૭૨૮ | |
| | | સ્ત્રી | ૧૪૧૪ | |
| | ગ્રામ્ય વિસ્તાર | કુલ | ૬૦૧૮ | |
| | | પુરુષ | ૪૭૫૪ | |
| | | સ્ત્રી | ૧૨૬૪ | |
| | શહેરી વિસ્તાર | કુલ | ૧૧૨૪ | |
| | | પુરુષ | ૯૭૪ | |
| | | સ્ત્રી | ૧૫૦ | |
| (૯) | માર્જિનલ વર્કર | કુલ | ૧૨૨૩૮ | (૧૦.૪) |
| | | પુરુષ | ૩૩૮ | |
| | | સ્ત્રી | ૧૧૯૦૦ | |
| | ગ્રામ્ય | કુલ | ૧૨૧૮૭ | |
| | | પુરુષ | ૩૨૭ | |
| | | સ્ત્રી | ૧૧૮૬૦ | |

| | | | | |
|---|---|---|---|---|
| | શહેરી | કુલ | ૫૧ | |
| | | પુરુષ | ૧૧ | |
| | | સ્ત્રી | ૪૦ | |
| (૧૦) | કામ નહિ કરનાર | કુલ | ૬૧૯૪૧ | (૫૨.૯) |
| | | પુરુષ | ૨૬૧૭૯ | |
| | | સ્ત્રી | ૩૫૭૬૨ | |
| | ગ્રામ્ય વિસ્તાર | કુલ | ૫૮૧૯૫ | |
| | | પુરુષ | ૨૪૬૪૩ | |
| | | સ્ત્રી | ૩૩૫૫૨ | |
| | શહેરી વિસ્તાર | કુલ | ૩૭૪૬ | |
| | | પુરુષ | ૧૫૩૬ | |
| | | સ્ત્રી | ૨૨૧૦ | |

ઉપરના બંને કોઠાના વ્યવસ્થિત અભ્યાસથી તાલુકાની કુલ વસ્તી, આદિવાસી વસ્તી અને ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારનો ખ્યાલ આવે છે. હવે પસંદ થયેલા ગામોનો સામાન્ય પરિચય મેળવીએ.

**પસંદ થયેલા ગામોની સામાન્ય માહિતી :**

**બોરિયા :**

બોરિયા ગામ ભરૂચ જિલ્લા મથકથી ૨૦ કિ.મી. દૂર પૂર્વમાં આવેલું છે. ગામનો કુલ વિસ્તાર ૧૬૭.૨૯ હેકટર છે. મોટાભાગની જમીન ખેડાણ હેઠળની છે. આકાશી ખેતી થાય છે. ગામમાં મોટાભાગની વસ્તી ધાનકાઓની છે. ગામનો વિસ્તાર જુદા જુદા બે ફળિયાઓમાં વહેંચાયેલો છે.

બોરિયા ગામ તાલુકા મથકથી ૨૦ કિ.મી. દૂર રાજપીપળાથી નવાગામ તરફ જતા પાકા રસ્તા ઉપર જ આવેલું છે. ગામની પૂર્વે ગોરા, સાતપુંડા હીલ અને ઉમરવા ગામ, પશ્ચિમે ભીલવશી અને દક્ષિણે નર્મદા નદી આવેલી છે.

ગામમાં સૌથી વધુ ધાનકાઓ (તડવી)ની વસ્તી છે. ધાનકાઓ ઉપરાંત મારવાડીનું ૧ કુટુંબ, વાળંદનું ૧ કુટુંબ, મુસ્લિમ ૨ કુટુંબ, કુંભાર અને પંચોલી એમ કુલ ૭ કુટુંબો અન્ય જાતિનાં છે.

ગામમાં બસસ્ટોપ, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને બાલવાડીની સુવિધા પણ છે. ગામની જમીન સમતળ હોવાથી કપાસ, જુવાર, બાજરી અને કઠોળનો મુખ્ય પાક થાય છે. કરજણ જળાશયની નહેરની સુવિધા ઉપલબ્ધ થવામાં છે. નાની ઉદ્‌વહન સિંચાઈ યોજના કરેલી છે, પરંતુ તે બંધ હાલતમાં છે.

**મોટા પીપરીયા :**

મોટા પીપરીયા ગામ તાલુકા મથક નાંદોદથી ૨૧ કિલોમીટર દૂર રાજપીપળાથી નવાગામ જતાં રસ્તા ઉપર રસ્તાથી અંદર ૨ કિ.મી.ના અંતરે આવેલું છે. ગામનો કુલ વિસ્તાર ૧૬૭.૨૯ હેકટર છે. મોટાભાગની જમીન ખેડાણ હેઠળની છે. ગામમાં સિંચાઈની કોઈ વ્યવસ્થા નથી. ગામ નવી વસાહત તરીકે વસેલું છે. આગળ મૂળ નર્મદા નદીના કિનારે આવેલું હતું. પરંતુ પૂરનો ભોગ વારંવાર બનતું હોવાથી ગામ ખસેડીને અહીં વસાવવામાં આવ્યું છે.

ગામની પૂર્વે ગોરાગામ, ઉત્તરે નર્મદા નદી, પશ્ચિમે બોરિયાગામ અને દક્ષિણે ઉમરવા ગામ આવેલું છે.

ગામમાં મુખ્યત્વે ધાનકાઓની વસ્તી છે. ગામમાં બાલવાડી અને ૧ થી ૭ ધોરણ સુધીની પ્રાથમિક શાળા તેમજ એક આશ્રમશાળા પણ આવેલી છે. ગામની જમીન સમતળ, કાળી અને ફળદ્રુપ છે. મુખ્ય પાક જુવાર, બાજરી, કપાસ અને કઠોળ થાય છે. સિંચાઈની કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ નથી.

ઉપરના નમૂનાનાં બંને ગામોની ઉપલબ્ધ સુવિધાઓ અને સામાન્ય માહિતીને નીચેની આંકડાકીય માહિતી ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે.

**પસંદ કરેલા ગામોની સામાન્ય માહિતી અને ઉપલબ્ધ સુવિધાઓ :**

| અ.નં. | વિગત | | |
|---|---|---|---|
| ૧. | પસંદ કરેલાં ગામ | બોરિયા (ટકા) | મોટા પીપરીયા (ટકા) |
| ૨. | ગામનો કુલ વિસ્તાર (હે) | ૧૬૭.૨૯ | ૧૩૭.૫૬ |
| ૩. | કુલ ઘરોની સંખ્યા | ૮૪ | ૮૮ |
| ૪. | કુલ કુટુંબો | ૮૪ | ૯૦ |

| | | | |
|---|---|---|---|
| ૫. | કુલ વસ્તી | ૫૧૪ (૧૦૦.૦) | ૪૫૫ (૧૦૦.૦) |
| | પુરુષ | ૨૬૨ (૫૧.૦) | ૨૨૬ (૪૯.૭) |
| | સ્ત્રી | ૨૫૨ (૪૯.૦) | ૨૨૯ (૫૦.૩) |
| ૬. | હરિજનોની વસ્તી | ૨૪ (૪.૭) | ૧૦ |
| | પુરુષ | ૧૩ | ૪ |
| | સ્ત્રી | ૧૧ | ૬ |
| ૭. | આદિવાસીઓની વસ્તી | ૪૪૪ ક૮૬.૭) | ૪૨૬ (૯૩.૬) |
| | પુરુષ | ૨૨૪ (૫૦.૪) | ૨૦૯ (૪૯.૧) |
| | સ્ત્રી | ૨૨૦ (૪૯.૬) | ૨૧૭ (૫૦.૯) |
| ૮. | શિક્ષિત કુલ | ૨૮૬ (૫૫.૬) | ૨૦૦ (૪૯.૦) |
| | પુરુષ | ૧૮૯ ક૬૬.૧) | ૧૩૭ (૬૮.૫) |
| | સ્ત્રી | ૯૭ (૩૩.૯) | ૬૩ (૩૧.૫) |
| ૯. | કુલ કામ કરનારા | | |
| | પુરુષ | ૧૩૮ | ૧૪૧ |
| | સ્ત્રી | ૬ | ૧૬ |
| ૧૦. | ખેતીકામ | | |
| | પુરુષ | ૭૧ | ૭૭ |
| | સ્ત્રી | - ૧ | |
| ૧૧. | ખેતમજૂરી | | |
| | પુરુષ | ૩૫ | ૬ |
| | સ્ત્રી | ૩ | ૧ |
| ૧૨. | ગૃહઉદ્યોગ-અન્ય | | |
| | પુરુષ | ૨૯ | ૨ |
| | સ્ત્રી | ૩ | - |
| ૧૩. | અન્ય કામ કરનાર | | |
| | પુરુષ | ૩ | ૫૬ |
| | સ્ત્રી | ૭૪ | ૧૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૪. | માર્જીનલ વર્કર<br>પુરુષ<br>સ્ત્રી | <br>-<br>- | <br>૪૩<br>- |
| ૧૫. | કામ નહિ કરનાર<br>પુરુષ<br>સ્ત્રી | <br>૧૨૧<br>૧૭૨ | <br>૮૫<br>૧૭૦ |
| ૧૬. | શૈક્ષણિક સવલત | પ્રા. શાળા<br>માધ્યમિક શાળા | પ્રા.શાળા<br>- |
| ૧૭. | આરોગ્ય વિષયક | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, એમ.સી. ડબલ્યુ, એફ.પી.સી., સી.એચ.ડબલ્યુ | સી.એચ.ડબલ્યુ |
| ૧૮. | પીવાના પાણી માટે | કૂવો<br>ડંકી | કૂવો<br>- |
| ૧૯. | પોષ્ટ ટેલીગ્રાફ ઓફીસ | ૧ કિ.મી. | ૫ કિ.મી. |
| ૨૦. | હાટ | - | - |
| ૨૧. | બસસ્ટોપ | હા | - |
| ૨૨. | એપ્રોચરોડ | કાચો-પાકો | કાચો |
| ૨૩. | તાલુકા મથક | ૨૦ કિ.મી. | ૨૧ કિ.મી. |
| ૨૪. | મુખ્ય પાક | જુવાર, બાજરી ચોખા, કપાસ, મકાઈ | જુવાર, મકાઈ, ભાત, કપાસ |
| ૨૫. | જંગલ વિસ્તાર | - | ૭૪.૦૦ |
| ૨૬. | જમીનનો ઉપયોગ<br>જંગલ<br>પિયત | <br>૩૦<br>- | <br>-<br>- |

| | | | |
|---|---|---|---|
| | બિન પિયત<br>ખેડી શકાય તેવી પડતર<br>ખેડી શકાય નહી તેવી પડતર | ૧૦૬ ૯૩.૦૦<br>૧૪<br>૧૭.૨૯ | <br>૩.૫૭<br>૪૧.૦૦ |
| ૨૭. | ૧. ગામમાં વીજળીકરણ<br>૨. ખેતી માટે<br>૩. એલ.એલ.પી.<br>૪. ઘરોમાં<br>૫. આદિવાસી ઘરોમાં<br>૬. હરિજનોના ઘરોમાં<br>૭. ઉદ્યોગ માટે | હા<br>-<br>હા<br>હા<br>હા<br>હા<br>- | હા<br>-<br>હા<br>હા<br>હા<br>હા<br>- |
| ૨૮. | ગામમાં વાયરમેન | હા | - |
| ૨૯. | પુસ્તકાલય | હા | - |
| ૩૦. | બાલવાડી | હા | - |
| ૩૧. | ખેતીમાં સિંચાઈ | હા- સામાન્ય | - |
| ૩૨. | ઓઈલ એન્જિન | હા | હા |
| ૩૩. | આર્થિક સુવિધાઓ<br>- દૂધ મંડળી<br>- લેમ્પ્સ<br>- ગોડાઉન<br>- સસ્તા અનાજની દુકાન | <br>હા (બંધ)<br>હા (કોમન)<br>હા<br>હા | <br>-<br>હા<br>-<br>- |
| ૩૪. | ગૌચર | હા | હા |

ઉપર મુજબ પસંદ થયેલા બંને ગામોનો સામાન્ય ખ્યાલ મેળવ્યા પછી પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ થયેલા કુટુંબોની વિગતો જોઈએ.

**તપાસમાં આવરી લીધેલા કુટુંબોની સંખ્યા :**

| ક્રમ | કુલ કુટુંબ સંખ્યા | અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબો | | |
|---|---|---|---|---|
| | | બોરિયા | મોટા પીપરીયા | કુલ |
| ૧. | કુલ કુટુંબોની સંખ્યા | ૮૪ | ૯૦ | ૧૭૪ |
| ૨. | તપાસેલ કુટુંબ સંખ્યા | ૪૦ | ૪૦ | ૮૦ |
| ૩. | ટકા | ૪૭.૬ | ૪૪.૪ | ૪૧.૦ |

પ્રસ્તુત અભ્યાસમાં ઉપર દર્શાવ્યા મુજબ બોરિયા ગામના કુલ કુટુંબોમાંથી ૪૭.૬% અને મોટાપીપરીયા ગામમાંથી ૪૪.૪ ટકા કુટુંબો એમ કુલ મળી બંને ગામોમાંથી ૪૬ ટકા કુટુંબોને આ અભ્યાસમાં આવરી લેવાયા હતા.

અહીં ઉપર મુજબ ધાનકા જાતિના અભ્યાસ માટે પસંદ કરેલા જિલ્લાની, તાલુકાની અને ગામોની સામાન્ય માહિતી વિગતવાર જોયા પછી પસંદ થયેલા બંને ગામોના નમૂનાના કુટુંબોની પાસેથી મેળવેલી માહિતીના આધારે ધાનકા જાતિની ભૂભૌતિક, સાંસ્કૃતિક, આર્થિક અને સામાજિક બાબતો વિષે વિસ્તારથી હવે પછીના પ્રકરણોમાં જોઈશું.

# પ્રકરણ-૨

# ભૌતિક સંસ્કૃતિ

ધાનકા જાતિના વસવાટનાં મોટા ભાગનાં ગામો શરૂઆતમાં જંગલથી અડીને અને ડુંગરોની તળેટીમાં આવેલાં હતાં. અઢીથી ત્રણ દાયકા પહેલાં ગીચ જંગલોવાળો વિસ્તાર ગણાતો. હાલ તો કોઈ જંગલ જેવું રહ્યું નથી. દરેક વિસ્તારમાંથી જંગલો નષ્ટ થઈ ગયેલાં જોવા મળે છે. દરેક વિસ્તાર સપાટ જોવા મળે છે, જ્યાં ધાનકાઓ વસવાટ કરે છે. ધાનકાઓનું જીવન કુદરત પર આધારિત છે. જીવન નિર્વાહનાં સાધનો પણ અપૂરતાં છે. ધાનકાઓની ભૌતિક અને સાંસ્કૃતિક બાબતો અને તેમના જીવનના દરેક પાસાઓના ઝીણવટભર્યા અધ્યયનથી તેઓ કેવી કપરી આર્થિક પરિસ્થિતિમાં પોતાનું જીવન વિતાવે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

ધાનકા જાતિમાં પણ ધોડિયા, ચૌધરી, ગામીત અને પટેલિયા જાતિની જેમ પરિવર્તન આવી રહ્યું છે. દરેક સમાજ એ પરિવર્તન પામતો સમાજ છે. આજે ધાનકા જાતિમાં રહેણીકરણી, પોષાક, ઘરેણાં, ખેતીવાડીક્ષેત્રે, ખોરાક-પીણાં અને રીતરિવાજોમાં પણ ઘણું પરિવર્તન જોઈ શકાય છે. ધાનકા જાતિની મૂળ ભૌતિક સંસ્કૃતિની સાથે આ બધી બાબતોને પણ અભ્યાસમાં ચકાસવામાં આવી છે. પ્રસ્તુત અહેવાલમાં તેની રજૂઆત કરવામાં આવી છે. ધાનકા જાતિની ભૂભૌતિક અને સાંસ્કૃતિક બાબતોને ચકાસવા તેનાં ઘરો, ઘરોની રચના, ઘરોની જમીનની માલિકી, ઘરના પ્રકાર, ઘરવખરી, પહેરવેશ, ખોરાક-પીણાં અને ખેત સાધનો વિષેની માહિતી પણ અહીં ઊંડાણથી દર્શાવવામાં આવી છે.

**ઘર :**

ધાનકા જાતિનાં ઘરો એકસરખી સપાટ જમીન ઉપર ઉંચાણ પર પોતાની માલિકીની જમીનમાં બાંધેલાં જોવા મળે છે અને તેમાં પણ દરેક જિલ્લાવાર જુદી જુદી પરિસ્થિતિ જોવા મળે છે. પંચમહાલ અને વડોદરા જિલ્લામાં વસવાટવાળાં ઘરો એક-બીજાથી દૂર અને ઊંચાણવાળી ટેકરીઓ પણ બાંધેલાં જોવા મળે છે. કેટલાક ઘરો પોતાની જ જમીનમાં બાંધેલાં જોવા મળે છે. તપાસના વિસ્તારમાં ભરુચ જિલ્લામાં ઘરો એક જૂથમાં જોવા મળ્યા છે. તેમની સાથે કેટલાંક ઘર અલગ જાતિનાં પણ જોવા મળ્યાં છે. એક જ કુટુંબના સભ્યો અલગ અલગ ફળિયામાં રહેતા જોવા મળ્યા છે.

ધાનકા જાતિનાં ઘરો લાકડાનાં બનાવેલાં હોય છે. તેમનાં ઘરો વાંસ, સાગ, વળી, થાંભલીઓ અને કપાસ/તુવેર અથવા વાંસની પટ્ટીઓની ગૂંથણી કરીને દિવાલ બનાવેલી જોવા મળે છે.

**ઘરની રચના :**

આદિવાસી સમાજમાં ઘર બાંધતી વખતે પોતાની આજુબાજુમાંથી સહેલાઈથી પ્રાપ્ત એવી સાધનસામગ્રીનો ઉપયોગ કરીને ઘર બાંધવામાં આવે છે. આદિવાસીઓમાં પણ તેની નાની સરખી છાપરી-બિન આદિવાસીઓની જેમ શાસ્ત્ર મુજબ બાંધવામાં આવતી હોય છે.

**ઘર માટેની જગ્યાની પસંદગી :**

ધાનકાઓ સામાન્ય રીતે ઘર પોતાની જ જમીનમાં બાંધે છે. ઘર બાંધવાની જગ્યા પસંદ કરતી વખતે આદિવાસીઓ કેટલીક બાબતોને ધ્યાનમાં રાખે છે જેમ કે,

(૧) ઘર બાંધવા માટેની જગ્યા સપાટ હોય, જમીન સરખી કરવા વધારે પુરાણ કરવું પડે તેમ ન હોય.

(૨) ઘર બાંધવાની જગ્યા બધી જમીન કરતાં ઊંચી હોય, આજુબાજુ પાણી ભરાઈ ન રહેતું હોય અથવા આજુબાજુનું પાણીનું વહેણ ન હોય.

(૩) કોતરથી થોડું દૂર હોય અને અવરજવરના કાયમી રસ્તાથી થોડે દૂર હોય.

(૪) ઘરમાં, ઘરના વાડામાં ઢોરને બાંધવા છોડવા માટેની અનુકૂળતા હોય.

(૫) ઘર એકબીજાની નજીક હોય જેથી ઘરના મુખ્ય માણસે બહારગામ આવવું જવું હોય તો ઘર સચવાય, સ્ત્રી, છોકરાંઓની ચિંતા ન રહે.

(૬) ઘરની આજુબાજુમાં કોઈ મોટું વૃક્ષ પણ ન હોય અને,

(૭) પીવાના પાણીની સુવિધા તથા જંગલ જવાની અનુકૂળતા હોય.

ઉપર મુજબ જગ્યાનું પરીક્ષણ કર્યા પછી પણ આ જગ્યા પર કોઈ વિઘ્ન જેવું તો નથીને ? તે પણ જોવડાવવામાં આવે છે. વડોદરા જિલ્લામાં ધાનકાઓ (તડવી) જે જગ્યાએ ઘર બાંધવાનું હોય ત્યાં ટૂચકો કરી જુએ છે. ઘર બાંધવાની જગ્યાએ સાજે ડાંગરના અમુક દાણા ગણીને પાંચ સરખી ઢગલીઓ કરવામાં આવે છે. સવારે આ ઢગલીઓની ચકાસણી કરીને ઢગલીઓમાં દાણાની વધઘટ તપાસીને જગ્યા સારી કે નરસી છે તે નક્કી કરે છે. દાણા ઘટ્યા ન હોય તો જગ્યા સારી સમૃધ્ધિ આપે એવી છે તેવું માને છે. જો ઢગલી વિખરાઈ જાય અથવા તો દાણામાં ઘટ પડે તો જગ્યા સારી નથી અથવા ઘરના માણસ કે ઢોર પર કોઈ વિઘ્ન અથવા મંદવાડ આવશે એવું સમજે છે. એટલે જયાં સારું હોય ત્યાં ઘર

બાંધે છે. કેટલીક જગ્યાએ જયાં ઘર બાંધવાનું હોય તે જગ્યાના અમુક ખૂણાનું નામ લઈ ડાંગરની ઢગલીઓ કરે છે. ઢગલીની ચકાસણી કરીને ઢગલીઓ બરાબર હોય તો ત્યાં ઘર બાંધે છે.

છોટાઉદેપુર અને પંચમહાલના ધાનકાઓ ઘર બાંધવાની જગ્યાની પસંદગી માટે જુવારના દાણા મૂકે છે. જે જગ્યાએ ઘરની મુખ્ય થાંભલી જેને ''ધારણ'' ના નામે ઓળખે છે. થાંભલી રોપવાની હોય તે જગ્યાએ બબ્બેની જોડીમાં જુવારના દાણા મૂકે, આવી નવ જોડી માટે નવ જગ્યાએ અમુક સરખા અંતરે બબ્બે દાણા મૂકે, તેની ઉપર ''વાકોળ'' એટલે કે ખાખરાના વચલા પાનનો એક સળીનો પડિઓ તેના પર ઊંધો ઢાંકે, દાણાની શીંગલી (રાગ) અણીદાર ઢગલી રહે તો જગ્યા સારી છે તેમ માને છે. આમ સારી જગ્યા પસંદ થતાં ઘર બાંધે છે.

**ઘર બાંધવાનો સમય :**

શિયાળો પૂરો થતાં ઉનાળાની શરૂઆતમાં ઘર બાંધવાનું પસંદ કરે છે. જે વખતે ખેતીની મોસમ પણ પૂરી થયેલી હોય, તે વખતે ઘર બાંધવાની શરૂઆત કરે છે. હોળી પહેલાંની પૂનમથી માંડીને હોળી પ્રગટાવામાં ન આવે ત્યાં સુધીના સમયમાં ઘર બાંધવાની શરૂઆત કરતા નથી. આ દિવસોમાં હોળીની સામી ઝાળે ઘર બાંધવાનું, લગ્ન કરવાનું કે અન્ય કોઈ શુભ કાર્ય કરવાનું વર્જ્ય માને છે.

**મુહુર્તના સમયની કેટલીક માન્યતાઓ :**

આદિવાસીઓ અમાસ પછી નવો ચંદ્રમા દેખાય ત્યારથી નવા મહિનાની શરૂઆત ગણે છે. છોટાઉદેપુર, પંચમહાલ અને નર્મદાકાંઠાનાં ગામોમાં વાર અને તિથિ આ રીતે ઓળખે છે. કોઈ કામ શરૂ કર્યુ હોય અને બીજા કોઈ તેને પૂછે કે ક્યારે શરૂ કર્યું તો તે એમ જ કહેશે કે નવો ચંદ્રમા દેખાયો એના પાંચમે દા'ડે કે છઠ્ઠા દા'ડે, એમ કહે છે. કેટલાક વારનાં નામ પોતાની આજુબાજુ ભરાતા હાટ (અઠવાડિક બજાર) ને નામે ઓળખે છે. કેટલાક રવિવારને 'દિતવાર' બુધવારને 'ગુજરી', ગુરુવારને 'ભેસતરવાર' અને શનિવારને થોવોર, થાવર કે થાવરિયોના નામે ઓળખે છે. દિતવાર એ 'આદિત્યવાર'નું અને ભેસતટવાર એ બૃહસ્પતિવારનું અપ્રભંશ સ્વરૂપ છે.

છોટાઉદેપુરના કેટલાક વિસ્તારોમાં હાટના નામ પરથી વારનાં નામ ઓળખાવે છે.

| | | | | |
|---|---|---|---|---|
| દિતવાર | : | રવિવાર | : | આદિત્ય ઉપરથી |
| રાપચોટિયો | : | સોમવાર | : | અલીરાજપુરના રોપચોરના હાટ ઉપરથી |

| | | | | |
|---|---|---|---|---|
| ડોઈડ્યો | : | મંગળવાર | : | કુશ્કી મધ્ય પ્રદેશના હાટ ઉપરથી |
| ગુજરી | : | બુધવાર | : | - |
| દેવનો | : | ગુરુવાર | : | દેવહાટના હાટ ઉપરથી |
| વાલયરિયો | : | શુક્રવાર | : | મધ્ય પ્રદેશના હાટ પરથી |
| ઉદાયરિયો | : | (થાવટ) શનિવાર | : | છોટાઉદેપુરના હાટ ઉપરથી |

ઘરની થાંથલી ઊભી કરવા માટે ગુરુવારને શ્રેષ્ઠવાર ગણે છે. મંગળ અને શનિ સિવાયના બધા સારા વાર ગણે છે. આદિવાસીઓમાં મોટે ભાગે ધાનકાઓ લાકડાંનો જ ઘર બંધતા હોવાથી થાંભલી રોપવા માટે ચાર-પાંચ વડીલો અને તેમના બ્રાહ્મણ પાસે મૂરત જોવડાવીને 'ડાયા'ની પાસે (વૃધ્ધ માણસ) નાળિયેર વધેરાવીને મુહુર્ત કરે છે.

ઘરની પ્રથમ થાંભલી રોપવામાં આવે તેને મૂરતની થાંભલી કહેવામાં આવે છે. લગ્ન પ્રસંગે પણ મૂરતની થાંભલી રોપવામાં આવતી હોય છે. ઘરની થાંભલીઓ રોપવા માપ લઈ જે નિશાન કરે છે તેને 'ચોકવું' એમ કહે છે. કેટલીક જગ્યાએ સુથાર ઘર ચોકી આપે છે. ઘર ચોકવા માટે સીધો વાંસ અથવા અન્ય કોઈ સીધું લાકડું વપરાય છે. કેટલાક લોકો દોરડા વડે પણ માપ લે છે. જયાં જયાં થાંભલીઓ રોપવાની હોય ત્યાં ત્યાં તે જગ્યાએ કોદાળી વડે ટચકા મારી નિશાની કરે છે. ત્યારબાદ ત્યાં દોઢ-બે હાથનો ખાડો ખોદે છે અને થાંભલીઓ ઊભી કરે છે.

**ઘરનું ક્ષેત્રફળ :**

ધાનકાઓના ઘરનું ક્ષેત્રફળ એક સરખું હોતું નથી. ધાનકા જાતિની વસ્તી ધરાવતા જુદા જુદા વિસ્તારોમાં દરેક ઘરનું ક્ષેત્રફળ જુદું જુદું જોવા મળે છે. તેમાંય સ્થિતિપાત્ર કુટુંબના ઘરનું ક્ષેત્રફળ અલગ તરી આવે છે. દરેક આદિવાસી-ધાનકા પોતાનું ઘર પોતાની આર્થિક સ્થિતિ મુજબ નાનું યા મોટું બનાવે છે. આદિવાસી મહોલ્લાના ઘરો પરથી આર્થિક પરિસ્થિતિનો ક્યાસ મેળવી શકાય છે. મોટેભાગે આદિવાસીમાં ઘર બે ખંડવાળા હોય છે. કેટલાંક ત્રણ ખંડવાળાં પણ અને બહુ ઓછા ને ૪ ખંડ જોવા મળે છે. ઘરની લંબાઈ લગભગ દસ, પંદર કે ત્રીસ હાથ જેટલી હોય છે, જયારે પહોળાઈ ૧૨, ૨૦ કે ૪૦ હાથ જેટલી હોય છે.

**ઘરના પ્રકાર :**

આદિવાસી વિસ્તારમાં બધાં જ ઘર એકજ પ્રકારનાં જોવા મળે છે. ધાનકાઓમાં પણ દરેક ઘર સરખાં જ હોય છે. પરંતુ જે ઘરમાં માળિયું હોતું નથી તેને ''રોપણિયું'' ઘર કહેવાય છે. જયારે જે ઘરને માળિયું હોય તે ઘર મોટું હોય છે. ઘરના માળિયા માટે થાંભલીઓ ઉપર નાની નાની પાટડીઓ નાખવામાં આવે છે. સૌથી નાના ઘરને છાપરું કહે છે. તેથી થોડું મોટું હોય તેને ઘર કહે છે અને તેનાથી મોટું અને વ્યવસ્થિત સ્વરૂપમાં હોય તેને મકાનના નામે પણ ઓળખે છે. દરેક મકાનમાં છાજ ઘાસપાનથી છાયેલાં, કે નળિયાંથી છાયેલાં હોય છે. કેટલીક જગ્યાએ પતરાંના છાજ પણ જોવા મળે છે.

**ઘરની પાટડીઓ :**

આ માળિયાવાળાં ઘરોમાં મહુડાની, સાદડની પાટડીઓ વપરાય છે. જંગલ નજીક હોય તો કેટલાક સારી પાટડી પણ નાંખે છે. મોટા ઘરોની પાટડીઓ લગભ ૮, ૧૦ કે ૧૫ હાથ લંબાઈની હોય છે. જેમ પાટડી મોટી તેટલી ઘરની પહોળાઈ અને લંબાઈ પણ વધે છે.

**ઘરનું છત છાપરું :**

મકાન માટેની થાંભલીઓ રોપ્યા પછી પાટડીઓ બેસાડ્યા પછી તેના ઉપર છત બનાવવા મોભ નાખીને ઢળતું છત બનાવે છે. મોભ ચઢાવતી વખતે તેને સુતર પહેરાવે છે. ધોતિયાથી મોભને ઢાંકે પણ છે અને સુથારને સવા રૂપિયો પણ આપે છે. ઘરના મધ્યભાગમાં મોભ ઊંચે થાંભલીઓ પર બેસાડી બે બાજુ પડાળ પણ રાખવામાં આવે છે. આગળના પડાળ નીચે એક ખંડ અને ઓસરી આવી જાય, પાછળના પડાળ નીચે રસોડું અને ઘરના કોઢીયાનો, કોઠારનો સમાવેશ થાય છે.

મોભ ચઢાવ્યા પછી બંને પડાળ ઉપર થાંભલીઓ ઉપર સળાં નાખે છે. સળાં ઉપર ઘરનું છત બનાવવા માટે બંને પડાળ ઉપર સાગની વળીઓ જડે છે. ઉપર કપાસની વેણો કે વાંસનાં કાંબળાં (ચીપ) બાંધીને સૈડણ કરે છે. ત્યારબાદ છતને ઢાંકવા, ઘરમાં પાણી ન પડે તે માટે દેશી નળિયાં, વિલાયતી નળિયાં કે છાજ બનાવીને ઉપર છાવે છે. સ્થિતિ પ્રમાણે ઘરનું છાજ બનાવે છે.

**ઘરની ઊંચાઈ :**

ઘરોની ઊંચાઈ પોતાની જરૂરિયાત મુજબ નવ, બાર કે પંદર હાથ રાખે છે. માળિયાવાળાં ઘરોની ઊંચાઈ થોડી વધારે હોય છે.

**ઘરની દિવાલ, ભીંતો :**

ઘરને ફરતી ચાર દિવાલોને ભીંત પણ કહે છે. આ ભીંતો કપાસની વેણો, સાગના સોટા કે કળાંની, સ્થિતિપાત્ર કુટબમાં ઈંટની બનાવેલી જોવા મળે છે. જયાં જે પ્રકારનું લાકડું ઉપલબ્ધ છે તે પ્રકારની ભીંતો બનાવે છે. કેટલાક જંગલ નજીક હોય તો જંગલમાંથી વાંસ કાપી લાવીને તેની ચીપો (પટ્ટી) બનાવી ભીંત ગૂંથીને બનાવે છે. કેટલાક કપાસની વેણોમાંથી તો કેટલાક સ્થાનિક તાડના પાનની પણ દિવાલ બનાવી લે છે.

ટૂંકમાં ધાનકાઓ લાકડાંના ઘર બાંધે છે. આ ઘર ઘણાં સાદાં હોય છે.

**ઘર બાંધણી :**

ઐતિહાસિક બાબતોને ધ્યાનમાં લેતાં 'ધાનકા' ઓ મૂળ બીજા પ્રદેશમાંથી આવીને વસેલા હોઈ, સૌ પ્રથમ તેઓએ તે વખતના ગીચ જંગલમાં વસવાટ કરતા. જયાં તેઓ કાચાં ઝૂંપડાં બનાવીને રહેતા. ધીમે ધીમે જંગલો સાફ થતાં થોડી થોડી જમીનો રાખીને પોત પોતાનાં ખેતરો ઊભા કર્યા અને તેમાં ઘર બાંધવા લાગ્યા. સમય જતાં કેટલાક વિસ્તારોમાં ધાનકાઓએ સમૂહમાં વસવાટ કરવા લાગ્યા. ધીમે ધીમે વસ્તીવૃધ્ધિ થતાં ઘરોની જરૂરિયાત ઊભી થતાં ઘરો પણ વધવા માંડ્યા અને ધીમે ધીમે મોટાં ગામ પણ બનવા પામ્યાં જે હાલ જોઈ શકીએ છીએ.

ઘર બાંધતી વખતે 'ધાનકા' ઓ કુટુંબના સભ્યો અને સગાંને બોલાવે છે. હિન્દુ વિધિ પ્રમાણે ઘર ચોકનાર વ્યક્તિ અથવા બ્રાહ્મણને બોલાવે છે. વિધિથી ઘર ચોંકે છે. ઘર ચોંકતી વખતે શ્રીફળ વધેરે છે. હાજર રહેલાઓને કંકુના ચાંદલા પણ કરે છે. પાયો ચોંકતાં રુપાનો/તાંબાનો ટૂકડો થાંભલી જમાવતાં સાથે મૂકે છે. ઘરની તે થાંભલીને પાંચ વ્યક્તિઓ વડે રોપવામાં આવે છે, સર્વેને ગોળ-ધાણા પણ વહેંચે છે.

ઘર બાંધવાનો સામાન સ્થાનિક જ હોય છે. ઘરને મુખ્ય બે ખંડ હોય છે. આગળ ઓસરીને પણ બંને બાજુ બારણું હોય છે. બારીઓની ખાસ વ્યવસ્થા જોવા મળી નથી. હાલમાં નવા બનાવવામાં આવતા ઘરોમાં બારીઓની સુવિધા જોઈ શકાય છે.

સામાન્ય રીતે ઘરની લંબાઈ અને પહોળાઈ મોટેભાગે ૧૫' x ૨૦' થી માંડીને ૩૦' x ૪૦' ફૂટની હોય છે. ઘર બાંધતી વખતે જરૂરી લાકડાં અગાઉથી જંગલમાંથી કાપી લાવીને સંગ્રહ કરેલો હોય છે. જયાં ઘર બાંધવાનું હોય ત્યાં વિધિ પ્રમાણે સ્થિતિ મુજબ સરખા અંતરે ખાડા ખોદીને થાંભલીઓ બેસાડે

છે. તેના ઘર આડા લાકડાં મૂકી સાગનાં દાંડાઓ ગોઠવવામાં આવે છે. તેના પર વાંસની પટ્ટીઓ પણ ચોડવામાં આવે છે. ત્યારબાદ સ્થાનિક એટલે કે આજુબાજુના ગામેથી ઉપલબ્ધ દેશી- નળિયાં અથવા તો ઘાસપાન (સાગનાં)થી છાજ ઢાંકવામાં આવે છે. ઘરને ફરતી દિવાલ પણ સાંઠીની અથવા તો વાંસની પટ્ટીઓની જ બનાવવામાં આવે છે. તેના પર સરસ છાણ-માટીનું લીંપણ કરી થાપવામાં આવે છે.

પરંતુ ભોંયતળિયું પણ માટીથી પૂરીને સરખું કરી છાણ-માટીના મિશ્રણથી લીંપવામાં આવે છે. ઘરમાં બે ખંડ બનાવવા વચ્ચે થાંભલી રોપી સાંઠીની દિવાલ તૈયાર કરવામાં આવે છે. આ રીતે બે અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે છે. ઘરમાં કોઢિયું પણ બનાવે છે. તેના ઉપર એક માળ રાખે છે. જેમાં ઢોર માટે ઘાસ ભરી રાખે છે. ઘરની એક બાજુએ ખૂણામાં રાંધવા માટે ચૂલો બનાવેલો હોય છે. આગળના ભાગમાં પીવાના પાણીનાં માટલાં રાખવા માટે લાકડાની થાંભલીઓ ઉપર ત્રણ થી ચાર આડાં લાકડાં મૂકી પણિયારું બનાવેલું હોય છે તેના પર એક બે માટલાં અને પિત્તળનું બેડું ભરેલાં મૂકી રાખે છે.

ઘરવખરીની વસ્તુઓ ગમે ત્યાં મૂકી રાખે છે. ઘરની પાછળ વરંડા જેવો ભાગ હોય છે. જયાં દિવસે પોતાનાં ઢોર બાંધે છે. ધાનકા લોકો મુખ્યત્વે પોતાની માલિકીની જમીનમાં જ ઘર બાંધે છે. મુખ્યત્વે ખેતીનો ધંધો કરતા હોઈ ખેતી તેમજ ઘરના રક્ષણ કાજે કેટલીક જગ્યાએ ૧૫ થી ૨૦ ના જૂથમાં ઘર બાંધે છે. કેટલાક લોકો છૂટાછવાયા પોતાના ખેતરોમાં દૂર ઝૂંપડાં બાંધી રહે છે. ધાનકાઓની પરિસ્થિતિ એકંદરે સારી ગણાતી હોવાથી મકાન વ્યવસ્થિત બાંધે છે. પરંતુ મોટેભાગે ઘર કાચાં અને લાકડાનાં જ બાંધવાનું પસંદ કરે છે.

ઘરના એક ખૂણામાં ચૂલો હોય છે. ઘરમાં નાહવા-ધોવા માટે નાવણિયાનો અભાવ હોય છે. જે ઘરની પાછળની અથવા તો આગળની બાજુએ ખુલ્લામાં એક પત્થર મૂકીને વ્યવસ્થા કરેલી હોય છે. ઘરમાં હવા ઉજાસ રહેતાં નથી. ઘરમાં સામાન્ય રીતે કોઢું, કોઠીઓ અને ઘરવખરી તેમજ રસોડાની વ્યવસ્થા આ બે ખંડોમાં જ કરવામાં આવે છે. સૂવા માટેની સઘળી વ્યવસ્થા પણ આમાં જ ગોઠવાય છે.

હવે કેટલાંક લોકો પાકાં અને સગવડવાળાં ઘરો બાંધે છે. પરંતુ મોટાભાગની દિવાલો તો લાકડાની, સાંઠીની અથવા વાંસની પટ્ટીઓ ભરીને બનાવે છે. ઈંટ-પાટી અથવા ઈંટ-સીમેન્ટની દિવાલ ભાગ્યેજ જોવા મળે છે. સ્થિતિપાત્ર અને શૈક્ષણિક રીતે આગળ આવેલા કુટુંબોનાં ઘરો સારી સ્થિતિમાં જોવા મળે છે.

નમૂનાના કુટુંબોના ઘરોની સ્થિતિ જોતાં આપણને તેમના મકાનો અને તેની રચના વિષે વધુ ખ્યાલ આવશે. ભૌતિક અને આર્થિક બાબતો દરેક કુટુંબોને જમીનના કદ પ્રમાણે વર્ગીકરણ કરીને તેના પર પ્રકાશ પાડવામાં આવેલ છે. નમૂનાના કુલ કુટુંબોમાંથી (૧) ૧૧ કુટુંબ જમીન વગરના (૨) ૨૯ કુટુંબો ૦.૨.૫ એકર જમીન (૩) ૨૦ કુટુંબો ૨.૬ થી ૫.૦૦ એકર (૪) ૧૨ કુટુંબો ૫.૧ થી ૧૦ સુધી અને (૫) ૮ કુટુંબો ૧૦ એકર ઉપર જમીન ધરાવતા હતા.

**તપાસેલ કુટુંબોના મકાનની વિગતો દર્શાવતો કોઠો :**

**મકાનનો પ્રકાર**

| ક્રમ નં. | કુટુંબ સંખ્યા | મકાન સંખ્યા | મકાનનો પ્રકાર | | સાથે રહેતાં કુટુંબ | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | કાચું | પાકું | | |
| ૧. | ૧૧ | ૮ | ૭ | ૧ | ૩ | ૧૧ |
| ૨. | ૨૯ | ૨૪ | ૨૩ | ૧ | ૫ | ૨૯ |
| ૩. | ૨૦ | ૨૦ | ૨૦ | - | - | ૨૦ |
| ૪. | ૧૨ | ૧૧ | ૧૧ | - | ૧ | ૧૨ |
| ૫. | ૮ | ૧૦ | ૧૦ | - | - | ૮ |
| **કુલ** | **૮૦** | **૭૩** | **૭૧** | **૨** | **૯** | **૮૦** |
| **ટકા** | **૧૦૦.૦** | **૯૧.૨** | **૮૮.૭** | **૨.૫** | **૮.૮** | |

ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ કુલ ૮૦ કુટુંબો અભ્યાસમાં આવરી લીધા હતા. જેમાંથી ૭૩ કુટુંબોને એટલે કે ૯૧.૨ ટકા કુટુંબો પાસે પોતાનાં ઘરો હતા. જયારે ૮.૮ ટકા કુટુંબો પિતા અથવા તો ભાઈ સાથે વસવાટ કરતા હતા.

કુલ કુટુંબો પાસેના ઘરોની પરિસ્થિતિ જોતાં કુલ ઘરોમાંથી ૮૮.૭ ટકા ઘરો કાચા લાકડાનાં બાંધેલાં જોવા મળ્યાં હતાં. માત્ર બે જ ઘરો લાકડાના છતાં પાકાં કહી શકાય તેવાં હતાં.

**દિવાલનો પરકાર :**

**મકાનની દિવાલનો પ્રકાર**

| ક્રમ નં. | કુટુંબ સંખ્યા | ઘરોની સંખ્યા | દિવાલનો પ્રકાર | |
|---|---|---|---|---|
| | | | સાંઠી | ઈંટ-માટી-સાંઠી |
| ૧. | ૧૧ | ૮ | ૮ | - |
| ૨. | ૨૯ | ૨૪ | ૨૩ | ૧ |
| ૩. | ૨૦ | ૨૦ | ૨૦ | - |
| ૪. | ૧૨ | ૧૧ | ૧૧ | - |
| ૫. | ૮ | ૧૦ | ૯ | ૧ |
| કુલ | ૮૦ | ૭૩ | ૭૧ | ૨ |
| ટકા | ૧૦૦.૦ | ૯૧.૩ | ૮૮.૮ | ૨.૫ |

તપાસેલા નમૂનાના કુલ કુટુંબોનાં ઘરોની સ્થિતિ જોતાં તેની દિવાલ વાંસની પટ્ટીઓ, સાંઠી (તુવેર અથવા કપાસ)ની અને છાણ-માટીની લીંપણથી થાપેલી જોવા મળી હતી. જ્યારે માત્ર બે જ ઘર એવાં હતાં કે જેમની આગળની દિવાલ અને પાછળની દિવાલ ઈંટ-માટીના ચણતરવાળી હતી. જ્યારે બંને બાજુની દિવાલોતો સાંઠીની જ જોવા મળી હતી.

**છાપરાનો પ્રકાર :**

નમૂનાના કુટુંબોની પાસેનાં મકાનની સ્થિતિ વિષે જોતાં કહી શકાય કે આર્થિક રીતે થોડી સ્થિતિ જેની સારી છે. તેઓએ જ છાપરા ઉપર વિલાયતી નળિયાં નંખાવ્યાં હતાં; જ્યારે ૫૦ ટકા મકાનો પર દેશી નળિયાં, ૧.૨ ટકા મકાનોને દેશીનળિયાં, પતરાં અને છાજ, ૭.૫ ટકા મકાનોને દેશીનળિયાં અને છાજ, ૧૩.૮ ટકા ઘરોને દેશીનળિયાં અને પતરાં, જ્યારે ૭.૫ ટકા ઘરોને ઘાસ-પાનનાં છાજથી ઢાંકવામાં આવ્યાં હતાં. નીચેના કોઠામાં છાપરાના પ્રકારની વિગતો દર્શાવી છે. તેના પરથી વિગતે ખ્યાલ આવે છે.

**છાપરાનો પ્રકાર**

| ક્રમ નં. | કુટુંબ સંખ્યા | ઘરોની સંખ્યા | છાજ | | | દેશી વિલાયતી નળિયાં | દેશી-નળિયાં પતરાં | માત્ર છાજ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દેશી નળિયાં | દેશી નળિયાં છાજ | દેશી નળિયાં છાજ | | | |
| ૧. | ૧૧ | ૮ | ૬ | - | - | - | ૧ | ૧ |
| ૨. | ૨૯ | ૨૪ | ૧૦ | - | ૪ | ૪ | ૪ | ૨ |
| ૩. | ૨૦ | ૨૦ | ૧૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૨ |
| ૪. | ૧૨ | ૧૧ | ૬ | - | - | ૩ | ૧ | ૧ |
| ૫. | ૮ | ૧૦ | ૭ | - | - | ૧ | ૨ | - |
| કુલ | ૮૦ | ૭૩ | ૪૦ | ૧ | ૬ | ૯ | ૧૧ | ૬ |
| ટકા | ૧૦૦.૦ | ૯૧.૩ | ૫૦.૦ | ૧.૨ | ૭.૫ | ૧૧.૩ | ૧૩.૮ | ૭.૫ |

**મકાનનું ક્ષેત્રફળ :**

ઉપરના કોઠામાં ઘરના છાજની વિગતો જોયા પછી મકાનના ક્ષેત્રફળની વિગતો જોઈએ તો,

## મકાનનું ક્ષેત્રફળ દર્શાવતો કોઠો

| ક્રમ | કુટુંબ સંખ્યા | ઘરની સંખ્યા | ૧૫' x ૨૦' | ૨૦' x ૨૫' | ૨૦' x ૨૦' | ૨૦' x ૩૦' | ૧૦' x ૧૫' | ૩૦' x ૧૫' | ૩૦' x ૨૫' | ૪૦' x ૨૫' |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૧ | ૮ | ૨ | ૨ | ૪ | - | - | - | - | - |
| ૨. | ૨૯ | ૨૪ | - | ૧ | - | ૧૩ | ૫ | ૨ | ૧ | ૨ |
| ૩. | ૨૦ | ૨૦ | ૨ | ૫ | ૮ | ૧ | - | - | - | ૪ |
| ૪. | ૧૨ | ૧૧ | ૧ | ૩ | - | ૪ | - | - | ૨ | ૧ |
| ૫. | ૮ | ૧૦ | - | - | ૧ | ૩ | - | ૧ | ૩ | ૨ |
| કુલ | ૮૦ | ૭૩ | ૫ | ૧૧ | ૧૩ | ૨૧ | ૫ | ૩ | ૬ | ૯ |

**ઓરડાની સંખ્યા :**

ઉપરના કોઠામાં દર્શાવેલ મકાનના ક્ષેત્રફળની વિગતો જોતાં મકાન ખૂબ નાનાં જોવા મળ્યાં હતાં. જે નીચેના કોઠામાં દર્શાવેલ ખંડોની સંખ્યા ઉપરથી જોઈ શકાય છે.

ઓરડાની સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ નં. | કુટુંબ સંખ્યા | મકાન સંખ્યા | ઓરડાની સંખ્યા | | | | મકાન વગરન કુટુંબ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧ | ૨ | ૩ | ૪ | | |
| ૧. | ૧૧ | ૮ | ૨ | ૬ | - | - | ૩ | ૧૧ |
| ૨. | ૨૯ | ૨૪ | ૪ | ૧૦ | ૧૦ | - | ૫ | ૨૯ |
| ૩. | ૨૦ | ૨૦ | - | ૧૨ | ૮ | - | - | ૨૦ |
| ૪. | ૧૨ | ૧૧ | - | ૪ | ૬ | ૧ | ૧ | ૧૨ |
| ૫. | ૮ | ૧૦ | - | ૪ | ૪ | - | - | ૮ |
| કુલ | ૮૦ | ૭૩ | ૬ | ૩૬ | ૨૮ | ૧ | ૯ | ૮૦ |
| ટકા | ૧૦૦.૦ | ૯૧.૩ | ૭.૫ | ૪૫.૦ | ૩૫.૦ | ૧.૨ | ૧૧.૩ | ૧૦૦.૦ |

**નોંધ :** ૧૦ એકરથી ઉપરની જમીન ધરાવનાર ક્રમ નં. ૫માં એક જ કુટુંબ પાસે કુલ ત્રણ ઘર જોવા મળ્યાં હતાં.

ઉપરના કોઠામાં દર્શાવેલી વિગતો જોતાં નમુનાના કુટુંબો પાસેના ઘરોમાંથી ૪૫ ટકા ઘરો બે ખંડવાળાં, ૩૫ ટકા ઘરો ત્રણ ખંડવાળાં, ૭.૫ ટકા ઘરો એક ખંડવાળાં જોવા મળ્યાં હતાં. જ્યારે ૧.૨ ટકા કુટુંબો (૧ કુટુંબ) પાસે મોટું ઘર જોવા મળ્યું હતું. ૧૧.૩ ટકા કુટુંબો પાસે પોતાની માલિકીનાં ઘરો ન હતાં.

અર્થાત કોઠામાં દર્શાવ્યા મુજબ જમીનના કદ પ્રમાણે ઘરોની સ્થિતિ જોઈએ તો,

(૧) જમીન વગરના કુલ ૧૧ કુટુંબો પૈકી ત્રણ કુટુંબોને પોતાની માલિકીનાં મકાન ન હતા. જેમની પાસે મકાન હતાં તેમાં બે ખંડવાળા ઘરોની સંખ્યા ૬ હતી.

(૨) ૦ થી ૨.૫ એકર સુધીની જમીન ધરાવનાર કુલ ૨૯ કુટુંબો પૈકી ૫ કુટુંબો પાસે પોતાની માલિકીનાં ઘરો ન હતા. તેઓ પિતા સાથે એક ઘરમાં જ અલગ ચૂલો બનાવી જુદા રહેતા હતા. જે કુટુંબો પાસે ઘર હતાં તે બે થી ત્રણ ઓરડાવાળા હતા. જ્યારે માત્ર ૪ કુટુંબો પાસે એક ઓરડાવાળું મકાન હતું.

(૩) ૨.૬ થી ૫.૦૦ એકર સુધીની જમીન ધરાવનાર ૨૦ કુટુંબો પૈકી ૧૨ કુટુંબો પાસે બે ઓરડાવાળાં અને ૬ કુટુંબો પાસે ૩ ઓરડાવાળાં મકાનો (રહેવા લાયક ઘરો) હતાં.

(૪) ૫.૧ થી ૧૦ એકર સુધીની જમીન ધરાવનાર ૧૨ કુટુંબો પાસે ૧૧ ઘરો હતા. ૧ કુટુંબ તેમના કુટુંબની સાથે જ રહેતું હતું. આ ૧૧ ઘર પૈકીનાં ૬ ઘરોને ત્રણ ખંડ, ૪ ઘરોને બે ખંડ અને ૧ ઘરને ૪ ખંડ જોવા મળ્યા હતા.

(૫) ૧૦ એકરથી ઉપરની જમીન ધરાવનાર ૮ કુટુંબો પાસે ૪ ઘરો બે ખંડવાળા અને ૪ ઘરો ત્રણ ખંડવાળા હતા.

ઉપરની કેટલીક વિગતો જોયા પછી કહી શકાય કે દરેક કુટુંબોએ પોતાની જરૂરિયાત મુજબનાં રહેણાંકો બનાવેલાં હતાં. તેનો સ્પષ્ટ ખ્યાલ કોઠામાં દ્રષ્ટિપાત કરતાં આવે છે.

**મકાન માલિકીની જમીન :**

તપાસમાં આવરી લીધેલા કુટુંબોમાંથી ૯૧.૩ ટકા પાસે પોતાના રહેવા લાયક ઘર હતાં. તેમાંથી પોતાની માલિકીનાં ૮૫ ટકા અને સરકારી જમીનમાં હોય, સીધી સરકારશ્રીની માલિકી હોય તેવાં માત્ર ૬.૩ ટકા ઘરો હતા. નીચેના કોઠામાં નમૂનાના કુટુંબોના મકાનની માલિકીની વિગતો (જમીનના કદ પ્રમાણે) જોઈ શકાય છે.

**મકાનની માલિકીની જમીનની વિગત દર્શાવતો કોઠો**

| ક્રમ નં. | કુટુંબ સંખ્યા | ઘરોની સંખ્યા | મકાન માલિકીની જમીન | | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|
| | | | પોતાની | સરકારી | | |
| ૧. | ૧૧ | ૮ | ૭ | ૧ | ૮ | (૧૧.૦) |
| ૨ | ૨૯ | ૨૪ | ૨૨ | ૨ | ૨૪ | (૩૨.૯) |
| ૩ | ૨૦ | ૨૦ | ૨૦ | - | ૨૦ | (૨૭.૪) |
| ૪. | ૧૨ | ૧૧ | ૧૧ | - | ૧૧ | (૧૫.૧) |
| ૫. | ૮ | ૧૦ | ૮ | ૨ | ૧૦ | (૧૩.૬) |
| કુલ | ૮૦ | ૭૩ | ૬૮ | ૫ | ૭૩ | (૧૦૦.૦) |
| ટકા | ૧૦૦.૦ | ૯૧.૩ | ૮૫.૦ | ૬.૩ | - | - |

નમૂનાનાં કુટુંબોનાં ઘર પોતાની માલિકીની જમીનમાં જ બાંધવામાં આવેલા હતા. માત્ર બે જ ઘર સરકારી જમીનમાં બાંધલાં હતાં. તે પણ નોકરી કરનાર કુટુંબો પાસે હતાં.

તપાસમાં લીધેલા નમૂનાના કુલ કુટુંબોમાં કુલ ૫૮ કુટુંબો પાસે પશુધન પણ હતું. જેઓ પોતાનાં ઢોર ઘરમાં સાથે જ રાખતા હતા. દરેક ઘરોને આગળ-પાછળ ખુલ્લી જગ્યા હોવાથી દિવસે ઢોર ત્યાં બાંધતા, રાત્રે કોઢીયામાં બાંધવામાં આવતા. કુલ કુટુંબો પાસેના ઘરોમાં થી ૮૦ ટકા ઘરોમાં પશુધન રાખવાની છાપરી સાથે જ હતી. જયારે ૧૧.૩ ટકા ઘરોમાં અલગ વ્યવસ્થામાં ઢાળિયું બનાવેલ હતું. જેની વિગતો નીચેના કોઠા પરથી જોઈ શકાય છે.

**પશુઓ માટેની છાપરી**

| ક્રમ નં. | કુટુંબ સંખ્યા | ઘરોની સંખ્યા | પશુ રાખવાની છાપરી | |
|---|---|---|---|---|
| | | | સાથે | અલગ |
| ૧ | ૧૧ | ૮ | ૬ | ૨ |
| ૨ | ૨૯ | ૨૪ | ૨૧ | ૩ |
| ૩ | ૨૦ | ૨૦ | ૨૦ | - |
| ૪ | ૧૨ | ૧૧ | ૯ | ૨ |
| ૫ | ૮ | ૧૦ | ૮ | ૨ |
| કુલ | ૮૦ | ૭૩ | ૬૪ | ૯ |
| ટકા | | ૯૧.૩ | ૮૦.૦ | ૧૧.૩ |

**નોંધ :** ૧૦ એકરથી ઉપરની જમીન ધરાવનાર ૮ કુટુંબો પૈકી ૧ કુટુંબ પાસે ત્રણ ઘરો હતા. તેમાં ત્રણેયમાં પશુધન રાખવા માટેની વ્યવસ્થાક ઓસરી ન હતી. ૨ ઘરોમાં કે જયાં રહેઠાણ હતું ત્યાં અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી.

નમૂનાના પસંદ કરેલા અભ્યાસ ક્ષેત્રના બંને ગામોમાંથી જમીન વગરના અને જમીનવાળા કુટુંબોમાંથી તપાસ વખતે કુલ ૫૮ કુટુંબો પાસે પશુધન હતું. પરંતુ ઢોર દરેક કુટુંબ રાખે છે. તેમાં ખાસ કરીને ઘેટાં, બકરાં, બળદ અને ભેંસ તેમજ ગાયનો સમાવેશ થાય છે.

**ઘરવખરી :**

ઘરવખરીમાં મોટેભાગે વાસણો, માલિકોનાં યંત્રો, ઓજારો અને ફર્નિચરનો સમાવેશ થતો હતો.

**વાસણો :**

ઘર વપરાશના વાસણોમાં મોટેભાગે તાંબા પિત્તળના બેડાં, સ્ટીલના થાળી-વાટકા-લોટા, પિત્તળનાં વાસણો, માટીનાં માટલાં, એલ્યુમિનિયમ અને કેટલાંક નાના વાસણોમાં કાચનાં-નાનાં રકાબીપ્યાલા વગેરે જોવા મળ્યાં હતાં.

| | | |
|---|---|---|
| એલ્યુમિનિયમના વાસણો | : | થાળી, તપેલાં, વાટકા |
| પિત્તળ | : | બેડાં, થાળી, વાડકા, લોટા અને મોટા થાળ |
| સ્ટીલ | : | સ્ટીલની નળીઓ, પવાલી, થાળી, વાડકા, લોટા બેડું |
| કાંસાનાં | : | જોવા મળેલ નથી |
| તાંબાનાં | : | થાળ અને કેટલીક જગ્યાએ બેડાં જોવા મળ્યાં હતાં. |
| નાનાં વાસણો | : | કાચના રકાબી-પ્યાલા, ચ્હા-પાણી માટે અને અન્ય નાનાં વાસણો પણ જોવા મળ્યાં હતાં. |

ધાનકાઓ રોજબરોજના ઉપયોગમાં ઉપર દર્શાવેલ દરેક પ્રકારનાં વાસણોનો ઉપયોગ કરે છે. દરેક ઘરમાં વાસણોની સંખ્યા પણ ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળી હતી.

**ફર્નિચરનાં સાધનોની વિગત :**

નમૂનાના પસંદ થયેલા અભ્યાસક્ષેત્રના દરેક કુટુંબ પાસે ઓછા વત્તા પ્રમાણમાં ફર્નિચરના સાધનોમાં પલંગ-ખુરશી, ટેબલ, ઘંટી, અનાજ ભરવા માટેની માટીની કોઠીઓ અને કેટલીક જગ્યાએ વાંસમાંથી બનાવેલ 'પાલા' પણ જોવા મળ્યા હતા. ખાટલા અને ગોદડાં દરેક ઘરમાં જોવા મળ્યાં હતાં.

ધાનકાઓના દરેક ઘરમાં ઘરના એક ખૂણામાં રસોડું હોય છે. રહેવાના ખંડમાં એકબાજુ ઘંટી, બીજા ભાગમાં રાચરચીલું, પરસાળમાં ખાટલાં, ગોદડાં અને એક બાજુ પણિયારું પણ હોય છે. ટૂંકા ઘરોને લીધે સાધનોની ગોઠવણીની ખામી હોય છે. અજ્ઞાનતાને લીધે થોડી કચાસ પણ જોવા મળે છે.

શિક્ષિત કુટુંબોમાં ઘરવખરીની ચીજો થોડી વ્યવસ્થિત રુપમાં મૂકેલી નજરે પડી હતી.

ઘરની બહારની બાજુએ ખેતીનાં સાધનો હળ, કરબ, વાવણિયો અને જોતર તેમજ અન્ય સાધનો મૂકેલાં હોય છે. જે ઘરની અંદરની જે ઓસરી બનાવેલી હોય છે તે ઓસરીની દિવાલને ટેકે ગોઠવેલી જોઈ શકાય છે. એક બાજુ સૂવા માટેના ખાટલા પણ મૂકેલા જોઈ શકાય છે.

ધાનકા જાતિમાં ફર્નિચરનાં સાધનો અને મોજશોખના સાધનો નીચે દર્શાવ્યા મુજબ જોવા મળ્યાં હતાં.

| | | |
|---|---|---|
| ફર્નિચરનાં સાધનો | : | પાટલા, પાટીના અને કાથીના, લોખંડનો પલંગ, ટેબલ, ખુરશી, ટિપોઈ, લાકડાનાં કબાટ વગરે જોવાં મળ્યાં હતાં. |
| મનોરંજનનાં સાધનો (મોજશોખનાં) | : | ઘડિયાળ (કાંડા અને દિવાલ) રેડિયો, ટેપરેકર્ડર, સાયકલ જેવાં સાધનો જોવા મળે છે. કેટલાક કુટુંબો પાસે ઢોલક અને તબલાં પણ જોવા મળ્યાં હતાં. |

નમૂનાના કુટુંબોમાંથી મોટાભાગની યુવાન વર્ગ નજીકના સરદાર સરોવરમાં મજૂરીએ જતા હોઈ સાયકલ રાખતા હતા. તપાસેલ કુટુંબો પાસે ઘરવખરીનાં સાધનોની સંખ્યા કેટલી સંખ્યામાં હતી તે નીચેના કોઠા પરથી જોઈ શકાય છે.

ધાનકા જાતિનાં દરેક ઘરોની આગળ-પાછળ થોરની વાડ કરવામાં આવતી હોય છે. જો કે ઘર અમુક જૂથમાં હોવાથી તેમને સગવડો સારી પ્રાપ્ય થઈ શકી હતી.

નમૂનાના અભ્યાસક્ષેત્રના ગામોમાંથી અભ્યાસમાં આવરી લીધેલા દરેક કુટુંબો પાસેનાં ઘરવખરીનાં સાધનો-વાસણો અને ફર્નિચરની વિગત જોઈએ તો દરેક કુટુંબ પાસે સરેરાશ ૩૨ જેટલાં નાના-મોટા વાસણો જોવા મળ્યાં હતા.

તપાસેલ કુટુંબોની જમીનના કદ પ્રમાણે વાસણોની વિગત જોઈએ તો,

(૧) જમીન વગરના ૧૧ કુટુંબો પાસે સરેરાશ કુટુંબદીઠ ૨૫ જેટલાં નાનાં મોટા વાસણો જોવા મળ્યા હતાં. બેડાં, થાળી, વાડકા અને અન્ય ઉપયોગી સાધનો પૂરતાં હતાં.

(૨) એ જ રીતે જમીનવાળા ૦ થી ૨.૫ એકર સુધીનો જમીન ધરાવતા કુટુંબો પાસે સરેરાશ ૨૭ની સંખ્યા.

(૩) ૨.૫ થી ૫.૦ સુધીની જમીન ધરાવનાર ૨૦ કુટુંબો પાસે સરેરાશ કુટુંબદીઠ ૩૦ જેટલાં વાસણો હતાં.

(૪) ૫.૧ થી ૧૦.૦ સુધીની જમીન ધરાવનાર કુટુંબો પાસે કુટુંબદીઠ સરેરાશ ૩૪ જેટલાં વાસણો હતાં.

(૫) ૧૦.૦ એકરથી ઉપરની જમીન ધરાવનાર કુટુંબો પાસે વાસણોની સંખ્યા સારી જોવા મળી હતી.

ધાનકા જાતિમાં જોવા-જાણવા મળ્યું છે તેમ ઘરવખરીનાં સાધનો એ ઘરનો મોભ્ભો ગણાય છે. કોઠામાં દર્શાવ્યા મુજબ દરેક કુટુંબો પાસે સ્ટીલ અને પિત્તળનાં વાસણો વધુ જોવા મળ્યાં હતાં.

એ જ રીતે ફર્નિચરનાં સાધનોમાં દરેક કુટુંબ પાસે સરેરાશ ૧૩ જેટલાં સાધનો જોવા મળ્યાં હતાં. જેમાં વિશેષ ખાટલા, ટોપલા-ટોપલી, ફાનસ-ચીમની, ઘંટી, પતરાની પેટી મુખ્ય હતાં.

ટેબલ-ખુરશી, ટિપોઈ જેવાં ફર્નિચરનાં સાધનો ખૂબજ ઓછા પ્રમાણમાં જોવા મળ્યાં હતાં.

નમૂનાનાં કુટુંબો પાસેનાં ઘરવખરીના સાધનોની માહિતી કોઠામાં દર્શાવ્યા મુજબ કુલ ૮૦ કુટુંબો પાસે બધાં મળીને ૨૫૪૦ નાનાં-મોટાં વાસણો હતાં. કુટુંબદીઠ આ સરેરાશ સંખ્યા ૩૨ની હતી. જ્યારે ફર્નિચરના સાધનોની સંખ્યા બધાં મળીને કુલ ૧૦૫૬ જેટલાં હતાં. ફર્નિચરનાં સાધનોની સંખ્યા સરેરાશ ૧૩ જેટલી હતી. નમૂનાના કુટુંબોમાંથી બે કુટુંબો પાસે મોટર સાયકલ પણ જોવા મળી હતી. બંને કોઠામાં ઘરવખરીનાં અને ફર્નિચરનાં સાધનોની વિગતો દર્શાવી છે તેના અધ્યયન પરથી વધુ ખ્યાલ આવશે.

## નમૂનાનાં કુટુંબો પાસે ઘર વપરાશમાં લેવાતાં વાસણોની માહિતી

| ક્રમ | કુટુંબ સંખ્યા | બેડું | એલ્યુમિનિયમ | પિત્તળ | સ્ટીલ | માટી | કાચનાં નાનાં | કુલ | સરેરાશ સંખ્યા (કુટુંબદીઠ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૧ | ૧૧ | ૫૦ | ૫૮ | ૮૬ | ૩૪ | ૩૬ | ૨૭૫ | ૨૫ |
| ૨ | ૨૯ | ૩૨ | ૧૫૧ | ૨૦૭ | ૨૩૪ | ૧૦૪ | ૮૯ | ૮૧૭ | ૨૭ |
| ૩ | ૨૦ | ૨૫ | ૧૦૨ | ૧૫૩ | ૧૮૪ | ૭૯ | ૫૯ | ૬૦૨ | ૩૦ |
| ૪ | ૧૨ | ૧૭ | ૬૭ | ૯૫ | ૧૨૯ | ૪૬ | ૩૭ | ૩૯૧ | ૩૪ |
| ૫ | ૮ | ૧૮ | ૬૨ | ૧૫૨ | ૧૩૪ | ૪૦ | ૪૯ | ૪૫૫ | ૫૭ |
| કુલ | ૮૦ | ૧૦૩ | ૪૩૨ | ૬૬૫ | ૭૬૭ | ૩૦૩ | ૨૭૦ | ૨૫૪૦ | ૩૨ |

## ફર્નિચરની વિગત દર્શાવતો કોઠો

| ક્રમ | કુટુંબ સંખ્યા | ખાટલા | પલંગ | ટેબલ | ખુરશી | ટિપોઈ | સાયકલ | ઘડિયાળ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | કાંડા | દિવાલ |
| ૧. | ૧૧ | ૨૪ | ૩ | - | - | - | ૪ | ૬ | ૧ |
| ૨ | ૨૯ | ૯૦ | ૪ | ૪ | ૭ | ૪ | ૨૪ | ૧૬ | ૬ |
| ૩ | ૨૦ | ૭૨ | ૨ | ૨ | ૧૧ | - | ૧૨ | ૧૩ | - |
| ૪ | ૧૨ | ૫૦ | - | ૨ | ૬ | - | ૧૧ | ૮ | ૪ |
| ૫ | ૮ | ૩૫ | ૨ | ૫ | ૪ | ૫ | ૭ | ૮ | - |
| કુલ | ૮૦ | ૨૭૧ | ૧૧ | ૧૩ | ૨૮ | ૯ | ૫૮ | ૫૧ | ૧૧ |

## ફર્નિચરની વિગત દર્શાવતો કોઠો (ચાલુ)

| ક્રમ | રેડિયો | સીવવાનો સંચો | ફાનસ/ ચીમની | ટોપલા-ટોપલી | ઘંટી | પ્રાયમસ | પેટી | બેટરી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | - | ૧૫ | ૧૫ | ૭ | ૪ | ૧૩ | ૫ | - | ૯૮ |
| ૨. | - | ૪ | ૪૫ | ૬૬ | ૨૦ | ૭ | ૩૧ | ૧૪ | ૧ | ૩૪૩ |
| ૩. | ૫ | ૧ | ૩૦ | ૫૯ | ૧૮ | ૫ | ૨૬ | ૧૪ | - | ૨૭૦ |
| ૪. | ૪ | ૧ | ૨૨ | ૪૪ | ૧૧ | ૪ | ૧૭ | ૮ | - | ૧૯૨ |
| ૫. | ૪ | - | ૧૪ | ૩૮ | ૭ | ૩ | ૧૩ | ૮ | - | ૧૫૩ |
| કુલ | ૧૪ | ૬ | ૧૨૬ | ૨૨૨ | ૬૩ | ૨૩ | ૧૦૦ | ૪૯ | ૧ | ૧૦૫૬ (૧૩) |

### પહેરવેશ :

### પુરુષોનો પહેરવેશ :

ધાનકા જાતિના પહેરવેશમાં તેમની સ્થિતિ, પ્રદેશ (વિસ્તાર) શિક્ષણ અને કર્મ અનુસાર સ્ત્રી-પુરુષના પહેરવેશમાં ફેરફાર જોવા મળે છે. આજે તેમાં ફેરફાર થતો જાય છે. તેમનો મૂળ પોષાક રજપૂતોના જેવો જ હતો એવું મનાય છે. આજે એમના લગ્ન પ્રસંગોએ વરરાજાના પહેરવેશ પરથી પણ કહી શકાય કે તેઓ પહેલાં રજપૂતોના જેવો પોષાક પહેરતા હશે.

પહેલાં પુરુષો બે બાજુ છેડા લટકતા હોય એવી લંગોટ, માથે પાંચ થી છ હાથનો ફેંટો બાંધતા, શરીરે બંડી, ખમીશ કે પહેરણ પહેરતા તો કોઈવાર ખુલ્લા શરીરે પણ જોવા મળતા. તેઓ ખમીશ આછાઘેરા રંગનું પહેરવાનું પસંદ કરતા. તેમના શરીર પર પહેરણ હોય કે ન હોય, પરંતુ માથે ફેંટો અથવા લુગડાનો ટૂકડો અવશ્ય જોવા મળતો હતો. આ ઉપરાંત કેડે રંગબેરંગી ''કહાડા'' પણ પહેરવાનો શોખ હતો.

આજે પુરુષો લંગોટની જગ્યાએ ધોતીયું પહેરતા જોવા મળે છે. શરીરે ખમીશ, કોટ અથવા પહેરણ હોય જ, ખભે ટૂવાલ નાખે છે. પાઘડી પણ પહેરતા જોવા મળે છે. હવે ખમીશ અને ધોતીયું સારી જાતના સફેદ રંગના વધુ જોવા મળે છે.

બાળકો ચડ્ડી અને બુશર્ટ પહેરે છે. યુવાન છોકરાઓ પેન્ટ-શર્ટ અને ફેશનેબલ કપડાં પહેરીને હરતા-ફરતા જોવા મળે છે. આજે શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થવાથી તેમના પહેરવેશમાં ફેરફાર થયેલા જોવા મળે છે.

### સ્ત્રીઓનો પહેરવેશ :

પહેલાં સ્ત્રીઓ મોટે ભાગે ઘાઘરો, કબજો કે કાંચળી અને માથે ઓઢણું ઓઢતી હતી. ઘણી સ્ત્રીઓ કાછોટો વાળતી હતી. કપડાં પણ લાલ રંગના, ભૂરા રંગની ભાતવાળું ડીઝાઈનનું જોવા મળતું. આજે સ્ત્રીઓના પહેરવેશમાંથી કાછોટો નીકળી ગયો છે. આખી સાડી, કબજો અને ચણીયો જોવા મળે છે. કેટલીક સ્થિતિ પાત્ર સ્ત્રીઓ સુતરાઉ, ટેરીકોટન અને વિમલની ઊંચા દામવાળી સાડીઓ પહેરતી જોવા મળે છે.

નાની છોકરીઓનો પહેરવેશમાં પહેલાં ઓઢણી-કબજો અને ચણીયો પહેરતી, ચણીઓ પણ ધ્યાન ખેંચે એવો કાળો કે ભૂરા રંગનો, સફેદ તથા લાલ પાંદડીની ભાતવાળો પહેરતી.

આજે નાની છોકરીઓ ચડ્ડી, બ્લાઉઝ, ચણીયો ઓઢણી ઓઢે છે. કેટલીક છોકરીઓ મીડી, પંજાબી દરેક પ્રકારનો નવી ચાલતી ફેશનનો ડ્રેસ પણ પહેરતી જોવા મળે છે.

ધાનકા જાતિમાં પહેલાં નાના બાળકોના પહેરવેશમાં કોઈ ખાસ ધ્યાન આપતા નહતા. પહેલાં પાંચ-સાત વર્ષનું બાળક થતું ત્યાં સુધી કપડાં પહેરાવા પ્રત્યે બેદરકારી દાખવતા. આજે બાળકોને બજારમાંથી મળતા તૈયાર કપડાં અથવા દરજી લોકો પાસે સીવડાવીને ચડ્ડી બુશર્ટ પહેરાવે છે. યુવાન તેમનાં કપડાં તાલુકા મથકના દરજીઓ પાસે સીવડાવતા માલુમ પડ્યા છે.

**ઘરેણાં :**

ધાનકા આદિવાસી સમાજમાં સ્ત્રીઓ અને પુરુષો પહેલાં ઘરેણાંનો વધુ ઉપયોગ કરતા હતા.

પુરુષો પહેલાં કાનમાં સોનાની કે રુપાની કટકી 'કાંટો' પહેરતા. કોણી તથા કાંડે ચાંદીના કે રૂપાનાં કડાં પહેરતા. કોણીના કડાને ''આમળીયા'' અને કાંડા પર પહેરવાના કડાને ''ભાટિયું'' ના નામથી ઓળખવામાં આવે છે. સ્થિતિપાત્ર કુટુંબોમાં પુરુષો કેડે કયારેક 'કહાડો' ચાંદીનો અથવા રુપાનો કંદોરો પહેરતા. પહેલાં કેડે કંદોરો હોય, હાથે ચાંદીની પાંચી અને કાને સોનાના કાંટા પહેર્યા હોય તો તે મોભેદાર વ્યક્તિ ગણાતી.

આજે પુરુષોનાં આ ઉપરોક્ત ઘરેણાં અલિપ્ત થઈ ગયાં હોય તેવું લાગે છે. આજે માત્ર કાંડે ઘડિયાળ અને ગળામાં ચાંદીનો અછોડો કાં તો સ્થિતિપાત્ર કુટુંબમાં સોનાનો અછોડો પહેરેલો જોવા મળે છે. આ ઘરેણાં બધા ધાનકાઓ પાસે નથી.

પહેલાં સ્ત્રીઓના ઘરેણાંમાં પુરુષોના ઘરેણાં કરતાં વધુ વૈવિધ્ય જોવા મળતું હશે. પહેલાં માથામાં 'બીંદી' કે ચાંદીનું કે રુપાનું 'લોરીયું' પહેરતી, કાનમાં વીંટલા-સોનાના, ટીકરીયું કે લોબિયા પહેરતી હતી. ગળામાં ચાંદીનાં ઘરેણાં પહેરતી, હાથમાં ચૂડા તથા ચૂડી, સફેદ રંગના હાથીદાંતના પહેરેલા જોવા મળતા, લગ્ન કે ધાર્મિક પ્રસંગે આ જાતનાં ઘરેણાં ખાસ જોવા મળતાં હતાં. કોણીના ભાગમાં કડું પહેરતી, પગમાં વજનદાર કડલાં પહેરતી, પરંતુ આ ઘરેણાં દરેક ધાનકાઓમાં જોવા મળતાં ન હતાં. આજે તો મોટાભાગના કુટુંબો પાસે આવા ઘરેણાનું નામ નિશાન જોવા મળતું નથી.

આજે સ્ત્રીઓના પગમાં ચાંદીના કડલાં અથવા સાંકળાં કેટલીક સ્ત્રીઓ પાસે જોવા મળે છે. તો કેટલીક સ્ત્રીઓ બજારમાંથી મળતાં જાુઠાં સળાનો ઉપયોગ કરે છે. હાથે કાંણીના ઉપરના ભાગમાં પણ

કડાં, કાંડામાં ચાંદીના 'ભોળીયાં' અને પાંચી (પહોંચી) પહેરતી જોવા મળે છે. ગળામાં ચાંદીની હાંસડી જોવા મળે છે. જયારે નાકે સોનાની વાળી નજરે જોવા મળે છે. પરંતુ સ્થિતિપાત્ર એટલે કે આર્થિક રીતે થોડા ઘણા પગભર છે. તેવા કુટુંબોની સ્ત્રીઓ પાસે જ આ ઘરેણાં જોવા મળે છે.

આજે ઘરેણાં કરતાં મોજશોખના સાધનોમાં ખાસ ઘડિયાળ અને રેડિયો મોટા ભાગના કુટુંબો પાસે જોવા મળે છે. ઘરેણાંમાં જુઠાં ઘરેણાંનો ઉપયોગ વધી ગયો છે અને જુનાં સોના કે ચાંદીનાં અસલ ઘરેણાં માત્ર નામશેષ જોવા મળે છે. મોટાભાગનાં અલિપ્ત થઈ ગયાં છે.

**આહાર :**

ધાનકાઓ અત્યંત સાદો છતાં પૌષ્ટિક ખોરાક લે છે. રોજબરોજનો ખોરાક મકાઈ, તુવેર અથવા અડદની દાળ છે. કોઈકવાર ઘઉં, ચોખા અને બીજા ખાદ્ય ધાન્યોનો પણ ઉપયોગ કરે છે. જુવાર અને મકાઈ એ મુખ્ય છે. વાર તહેવાર પ્રસંગોએ દાળ-ભાત-શાક બનાવે છે. હવે તો લગ્ન પ્રસંગે મીઠાઈ પણ બનાવડાવે છે.

**વ્યસન-પીણાં :**

ધાનકા જાતિમાં ચ્હા નિયમિત રીતે પીવે છે. દારૂ-તાડીનો ઉપયોગ ભાગ્યેજ કોઈ કુટુંબ કરતું જોવા મળે છે. આ વિસ્તારનાં ૮૦ ગામો સિવાય વડોદરા અને પંચમહાલ જિલ્લામાં વસતા ધાનકાઓ દારુ-માંસનો ઉપયોગ કરે છે. ભરુચ જિલ્લાના ધાનકાઓમાં ચ્હા સિવાય અન્ય પીણાંનું પ્રમાણ નહિવત્ જ જોવા મળે છે.

વ્યસનોમાં ધાનકાઓ બીડી-તમાકુનો ઉપયોગ કરે છે. વિશેષ હાથવણાટની બીડીનો ઉપયોગ વધુ કરે છે. ધાનકા જાતિમાં ધુમ્રપાનનું આ વ્યસન વર્ષોથી ચાલી આવેલું છે અને ચાલે છે. સ્ત્રીઓમાં ખાસ વ્યસન નથી. આ સમાજમાં ચ્હાનું પ્રમાણ ઠીક-ઠીક વધતું જાય છે. કોઈપણ બહારથી અથવા ગામની વ્યક્તિ ઘરઆંગણે આવે તો તેને ચ્હા પીવડાવવાનો આગ્રહ રાખે જ છે.

**ભાષા :**

ધાનકાઓ ગુજરાતી ભાષા સારી રીતે બોલી, વાંચી અને સમજી શકે છે. પરંતુ તેઓ અંદરો અંદર કોઈ વાતચીત કરવાની હોય કે ખબર અંતર પૂછવા હોય તો ત્યાંની સ્થાનિક બોલીનો ઉપયોગ કરે છે. તેમની બોલી અને ગુજરાતી બોલીમાં નજીવો તફાવત જોવા મળે છે.

દા.ત. :

(૧) ધાનકા બોલી : હે લા તું કાલે હારો ફરતે તો ને આજ વળી લાગલું હું થયું ?

ગુજરાતી : એટલે કે અરે ભાઈ ‘તમે કાલે તો સાજા ફરતા હતા ને આજે વળી આંચિતું શું થયું?

(૨) ધાનકા બોલી : હાવ તો નવરા બેહી રીયાં,

ગુજરાતી : હમણાં તો નવરાં જ બેઠાં છીએ.

(૩) ધાનકા બોલી : હું હાહરીમાં જેલો, તાંથી આવી હું ખેતર જયોને ઘેર આવે તોને મને પેટ મેં મદરુ મદરું. દુખવા લાગ્યું કોણ જાણ કંઈ હમજાતુંની.

ગુજરાતી : હું સાસરીમાં ગયો હતો ત્યાંથી આવીને હું ખેતરમાં ગયો ત્યાંથી ઘેર પાછા ફરતાં પેટમાં થોડું થોડું દુઃખવા લાગ્યું કોણ જાણે કશું જ સમજાતું નથી.

| ધાનકા બોલી | ગુજરાતી શબ્દ-અર્થ |
|---|---|
| બળધ્યો | બળદ |
| ડોબુ | ભેંસ |
| બાવો | મોટાકાકા |
| પોયરા | છોકરા |
| પોયરી | છોકરી |
| હાવતો | હાલમાં |

ઉપર મુજબ કેટલાંક વાક્યો અને શબ્દાર્થ જોઈએ તો ધાનકાઓની બોલી અને ગુજરાતી ભાષામાં ખાસ તફાવત જોવા મળતો નથી. તેમની મૂળ બોલી અંગે ખાસ જાણવા મળ્યું ન હતું.

## પ્રકરણ-૩

## ધાનકા જાતિની અર્થવ્યવસ્થા

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં કુલ કામ કરતી વસ્તી ૩૨.૪૦ ટકા હતી. જેમાં પુરુષો ૫૧.૭૭ ટકા અને સ્ત્રીઓમાં ૧૧.૮૫ ટકા પ્રમાણ હતું. જ્યારે કુલ વસ્તીમાં કામ કરતી આદિવાસી વસતિનું પ્રમાણ ૪૦.૫૬ ટકા હતું. જેમાં પુરુષોમાં ૫૬.૮૫ ટકા સ્ત્રીઓમાં ૨૩.૮૫ ટકા હતું. આ આંકડાઓ બતાવે છે કે બાકીની પ્રજા કરતાં આદિવાસીઓમાં નાના મોટા સૌ કામ કરી શકે ત્યાં સુધી કામ કરતાં હોય છે. તેમનામાં ગરીબી વિશેષ પ્રમાણમાં હોઈ આ સંજોગોમાં કુટુંબમાં કામ કરી શકનાર સૌ કોઈ માણસોને કામ કરવાની ફરજ પડતી. દેશની અને ગુજરાતની વસ્તીનો મોટો ભાગ ખેતી અને મજૂરી પર નિર્ભર હોવાથી, જમીનની અસમાન વહેંચણી અને આદિવાસીઓ પાસેની અણ ઉપજાઉ જમીનને લીધે તેઓને અન્ય વ્યવસાય ઉપર આધાર રાખવો પડતો હોય છે.

ધાનકા જાતિના દરેક કુટુંબો ઓછાવત્તા પ્રમાણમાં જમીન ધરાવે છે. પરંતુ સરેરાશ કુટુંબકદ ૬.૨ માણસોનું ધરાવતા હોવાથી અને જમીનનું સરેરાશ પ્રમાણે ૪.૩૭ એકર હોવાથી, આ જમીનમાંથી આખા વર્ષની જીવન નિર્વાહ માટેની ઉપજ આકાશીયા ખેતીને લીધે અપૂરતી રહેતી. જેથી તેમને ખેતી સિવાય જુદા જુદા ધંધા રોજગાર કરીને જીવન ગુજારવું પડે છે.

ધાનકાઓ જીવનનિર્વાહ માટે ખેતી, ખેતમજૂરી, બાંધકામની મજૂરી, નોકરી અને નાના નાના ગૃહઉદ્યોગ કરી રોટલો રળે છે. મોટાભાગનાં કુટુંબોને ખેતી અને પશુપાલન ઉપરાંત મજુરી એ આવકનું અથવા જીવનનિર્વાહ માટેનું મુખ્ય સાધન હતું. અભ્યાસક્ષેત્રમાં આવરી લીધેલા નમૂનાના કુટુંબો ખેતી અને મજૂરી પર જ નભતા હતા. નમૂનાના કુટુંબોની અર્થવ્યવસ્થાનો ખ્યાલ પ્રસ્તુત કરતાં પહેલાં ધાનકાઓના દૈનિક અને વર્ષચક્ર વિષે જોઈશું.

### દૈનિક કાર્યક્રમ :

દોઢ-દાયકા પહેલાંજ દરેક આદિવાસી વિસ્તારમાં વહેલી સવારે આદિવાસી મહોલ્લામાં મોટાભાગનાં ઘરોમાં ઘંટીના અનાજ દળવાની પ્રવૃત્તિઓથી રોજ-બરોજના કામની શરૂઆત હતી. પરંતુ આજે અનાજ હાથે ઘરઘંટીમાં ન દળતાં ઈલેકટ્રીક ઘંટીમાં દળાવતાં હોઈ આ પ્રવૃત્તિ ખૂબ જ ઓછી થઈ જવા પામી છે. આજે તો મોટાભાગનાં ગામોમાં વીજળીની સુવિધાઓ અને અન્ય વ્યવસ્થા ઊભી થતાં પહેલાંની અને આજની દૈનિક પ્રવૃત્તિમાં ઘણો જ ફેરફાર જોવા મળે છે. લગભગ અજવાળું

થવા આવતાં પહેલાં સવારના ૬.૩૦ વાગ્યા પછી જ મોટાભાગનાં કુટુંબો જાગે છે. જાગ્યા પછી ખેડૂત કુટુંબ પોતાના ઢોરને ઘરની અંદરના કોઢિયામાંથી બહાર લાવી ખુલ્લામાં ઘરની પાછળના ભાગમાં અથવા તો ઓસરી આગળ ખીલે બાંધે છે. ધાનકા જાતિમાં ઘરના વાડામાં દિવસે પશુઓ બાંધવા માટે માળા બનાવેલ હોય છે. તે પણ લાકડાની ચાર કે છ થાંભલીઓ રોપીને જરૂરિયાત મુજબનો (ઢોરની સંખ્યામાં) હોય છે. ઉપર આડાં લાકડાં નાખીને ઘાસ ભરી રાખેલું હોય છે. તેની નીચે ઢોરને બાંધવામાં આવે છે ! ત્યારબાદ ઢોરને ઘાસચારો નાંખે છે. સ્ત્રીઓ દૂધાળાં ઢોર હોય તો દૂધ કાઢીને ઘરની કોઢ, ઘર, આંગણું વગેરે સાફ કરે છે. દાતણ-પાણી કરીને સૌ ચ્હા પીએ છે. ચ્હા ઘરની ફાજલ વ્યક્તિ બનાવે છે. મોટાભાગે સ્ત્રી જ ચ્હા બનાવે છે. દાતણ ચ્હા-પાણી કરી સ્ત્રીઓ કૂવેથી અથવા સરકારશ્રી દ્વારા બનાવી આપેલ ડંકીમાંથી પાણી ભરી લાવે છે. ઘરના કેટલાક સભ્યો ન્હાવા-ધોવાની પ્રવૃત્તિ કરે છે. તો ઘરના વડીલ સભ્ય ખેતી, મજૂરીએ જવાની તૈયારીઓ કરે છે. સ્ત્રીઓ પાણી ભરીને આવ્યા પછી બાંધકામની મજૂરીએ જનાર સભ્ય માટે રોટલા બનાવી આપે છે. તે ભાથું લઈ પુરુષો મજૂરીએ જાય છે. ખેડૂત ખેતરે ગયો હોય તો સ્ત્રી બપોરનું ભાથુ લઈ ખેતરે જાય છે. ત્યાં ખેતીનાં અન્ય કામમાં સ્ત્રી મદદ કરે છે. ખેતરેથી પાછા વળતાં ઢોર માટે ઘાસચારો, પાલો અથવા બળતણ માટેનાં લાકડાંનો ભૂકો એકઠો કરી લાવે છે. સ્ત્રી સાંજના ઘેર આવ્યા પછી સાંજનું ખાણું તૈયાર કરે છે. દિવસ દરમ્યાન ઘેર રહેલ વડીલ પુરુષ અથવા સ્ત્રી ઢોરોની પાલપાલ કરે છે. દેખરેખ રાખે છે સાંજે ખાણું તૈયાર થતાં બધાં સાથે મળીને ખાય છે. ત્યારબાદ પોતાના ખેતી-ધંધાની, સમાજની અને જીવન વિષેની વાતો કરે છે. જુવાનીયાઓ ભેગા મળીને એક બીજાની ઠઠ્ઠા મશ્કરી કરી હાસ્યની છોળો ઉડાવે છે. મોટાભાગના જુવાનીયાઓ ધો. ૮-૧૦ કે ૧૨ ભણી ઉઠી ગયા હોય છે. તેઓ બાંધકામની મજૂરીએથી પાછા વળતાં સાંજના ખાણા પછી એકઠા થઈ આખા દિવસ દરમ્યાન બનેલા બનાવોની પણ ચર્ચા કરે છે. ત્યારબાદ આરામ કરે છે. સામાન્ય રીતે ધાનકાઓની દૈનિક કાર્યક્રમની વિગતો ઉપર મુજબ જોવા મળી હતી. તેની નોંધ અહીં દર્શાવવામાં આવી છે.

**બાળકોની પ્રવૃત્તિ :**

ઘરમાં નાનાં-મોટાં બાળકો હોય તો પોતાનાથી નાના બાળકોની સાર-સંભાળ લે છે. ૮ થી ૧૦ વર્ષની ઉંમરના બાળકો ઢોર ચરાવવાની પ્રવૃત્તિ પણ કરે છે. જેથી મા-બાપને ઘરના કામ અને મજૂરીનાં કામ કરવામાં રાહત રહેતી હોય છે. ૧૨ વર્ષની ઉપરની ઉંમરનું બાળક બળતણમાં લાકડાં લાવે, જરૂર

પડ્યે રાહત કામોમાં પણ ગમે તે રીતે જોડાઈ જાય છે અને અર્થ સભર બને છે. કેટલાંક નાના-બાળકો ભેગાં મળીને ખેલકૂદ કરતાં નજરે જોઈ શકાય છે.

**વર્ષચક્ર :**

ધાનકાઓમાં ઘરનાં મોટાં સભ્યો કોઈને કોઈ પ્રવૃત્તિમાં, પછી તે આર્થિક-સામાજિક ધાર્મિક કે અન્ય સેવાકીય હોય, તેવાં કાર્યોમાં સૌ જોડાય છે. તેવી જ રીતે વર્ષના બારેમાસ અર્થોપાર્જનની પ્રક્રિયા માટે કાર્યરત રહેતાં હોય છે. ધાનકાઓ મોટેભાગે ખેતી કરે છે. તેમની અર્થોપાર્જનની પ્રક્રિયા નીચે મુજબ જોવા મળે છે. ખેતીની સાથે ખેત મજૂરી, બાંધકામની મજૂરી, રાહત કામોમાં પણ ઘરના અન્ય સભ્યો જાય છે. ખેતી કામમાં એક વ્યક્તિ રોકાય છે. માત્ર ફસલના સમયે જ બીજા સભ્યોની મદદ લે છે.

**વૈશાખ-જેઠ :**

ખેડૂત કુટુંબ માટે એવું કહેવાય છે કે આ બે માસ દરમ્યાન જો પોતે જમીન ધરાવતો હોય અને પોતાની જમીનને ખેડ-ખાતર આ સમયે ન કર્યું હોય તો આખુ વર્ષ તેનું એળે જાય છે. ખેતીમાંથી કંઈ ઉપજ મેળવી શકે નહિ. આ માસમાં મોટાભાગના ખેડૂત કુટુંબો પોતાની જમીન ખેડીને ઘરના ઢોરનું છાણ-મૂત્ર જો એકત્રિત કર્યું હોય તો તે નાખીને જમીનને સરખી બનાવે છે. સૂર્યનો તાપ જમીનને વધુ આપવા જમીનને ખેડીને થોડા વખત સુધી ખેડ ખુલ્લી રાખે છે. ફરી તેને ખેડી સમતળ બનાવી પાક વાવવા લાયક બનાવી રાખે છે. આ સમય દરમ્યાન ઘર પણ ઠીક-ઠીક કરી ચોખ્ખાં કરે છે. છાજ વ્યવસ્થિત કરે છે.

**અષાઢ-શ્રાવણ-ભાદરવો :**

વરસાદની શરૂઆત થતાં જમીનમાં વાવણીનું કામ ચાલુ કરે છે. આ વિસ્તારમાં મોટેભાગે મકાઈ, તુવેર અને કઠોળનો પાક થતો હોઈ તેનું બિયારણ લાવે છે. કેટલાંક ખેડૂત કુટુંબો પોતાની ઘેર પાકેલું બિયારણ ઉપયોગમાં લે છે. રોપણી અને વાવણીનું કામ કરે છે. બાળકો સ્ત્રીઓ સૌ આ કામમાં મદદરૂપ થાય છે. પાંચ-સાત દિવસ રોપણી વાવણીનું કામ કરી કેટલાંક લોકો ખેતી મજૂરી માટે બહાર બીજા જિલ્લાઓમાં જાય છે. કેટલાંક કુટુંબો ગામમાં જ થોડીઘણી ખેતી / મજૂરી કરી લે છે. કેટલાક સભ્યો બાંધકામની મજૂરી અથવા છૂટક મજૂરીએ જાય છે. વાવણી કર્યા બાદ બે-ત્રણ અઠવાડિયે,

બિયારણ ઊગી નિકળ્યા બાદ તેની સાથે ઊગી નીકળતા નકામા ઘાસનું નિંદામણનું કામ ઘેર રહેતા સભ્યો કરે છે. સ્ત્રીઓ પાકના ચાસનું નિંદામણ કરે છે. નિંદામણ સાફ કરી રહ્યા બાદ કેટલાક ડાંગરવાળા વિસ્તારમાં ડાંગરની રોપણી માટે જાય છે. ત્યાં ખેતી મજૂરી કરે છે. ભાદરવાની શરૂઆતમાં મકાઈ-જુવારનો મોલ તૈયાર થયા પછી પાકની લણણીની તૈયારીઓ કરે છે.

**આસો-કારતક અને માગસર :**

આ સમયગાળામાં ખેતીમાં વાવેલ મકાઈ, જુવાર, તુવેર અને અન્ય કઠોળની કાપણીનું કામ પૂરું કરી નાખવામાં આવે છે. જમીનમાં ભેજ હોય તો ઘઉં-ચણાનું વાવેતર કરવા જમીન તૈયાર કરે છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી સૂકાં વર્ષો હોવાથી એક જ સીઝન તે પણ પાક્યું-નપાક્યું જેવું એકઠું કરીને મજૂરીએ ચાલ્યા જાય છે.

**પોષ-મહા :**

આ માસમાં ઘેર રહેતા સભ્યો તુવેર, મગ અને વાલ તેમજ શિયાળુ જુવારની કાપણી કરી લે છે અને પોતાના ઢોર છૂટાં ચરવા મૂકી દે છે; જેથી ઢોર ચરાવવા જવું ન પડે. ઢોર પણ સમજીને સાંજ પડતા સુધીમાં ઘેર પરત આવી જાય છે. આ માસમાં કેટલાક કુટુંબો સામાજિક પ્રસંગો અંગે પણ ગોઠવણ કરે છે અને તે માટેની તૈયારીઓ કુટુંબના બીજા સભ્યોની મદદથી કરે છે.

**ફાગણ-ચૈત્ર :**

મહામાસના અંતમાં અને ફાગણની શરૂઆતમાં જેણે ઘઉં અથવા ચણા (પિયત) વાવ્યા હોય તે લણણી કરે છે. તે કામ પૂર્ણ થતાં નિરાંતનો દમ અનુભવે છે. મજૂરી માટે બહાર ગયા હોય તે ફાગણ માસમાં હોળી સુધીમાં ઘેર આવી જાય છે અને હોળીનો તહેવાર આવતાં તે ધામધૂમથી મનાવે છે. હોળી-ધૂળેટીની મજા માણીને સૌ પાછા પોત પોતાની પ્રવૃત્તિમાં લાગે છે અને મજૂરી કરવા બહાર જાય છે. આ રીતે ચૈત્ર માસ પહેલાં સામાજિક પ્રસંગો પૂર્ણ કરી પોતાની થોડીગણી જમીનને સાચવે છે. ખેડ કરે છે, અને આ બધી પ્રવૃત્તિઓમાં બાળકોનો હિસ્સો તો હોયજ.

સામાન્ય રીતે ઉપર મુજબનું વર્ષચક્ર ધાનકાઓમાં અને અન્ય સમાજમાં ગોઠવાયેલું હોય છે. હવે ધાનકાઓની ખેતી-પ્રવૃત્તિઓ અને અન્ય વ્યવસાયની વિગતો જોઈએ.

ધાનકા જાતિની અર્થવ્યવસ્થાને સમજવા માટે ભરૂચ જિલ્લાના રાજપીપળા (નાંદોદ) તાલુકાના

નમૂનાના બે ગામો (૧) બોરિયા (૨) મોટાપીપળીયાના ૪૦:૪૦ કુટુંબોનો પ્રત્યક્ષ મુલાકાત લઈ તેમની જમીન, જમીનનું કદ, ઉત્પાદન, ખર્ચ, આવક, વપરાશી ખર્ચ અને દેવાવિષયક સ્થિતિ અંગે જાણકારી મેળવી હતી. આ ઉપરાંત પોતાની અસ્કયામત પશુધન અને જરૂરિયાતના સાધનો પૂરતાં છે કે કેમ ? સરકારશ્રીની વિવિધ વિકાસ યોજનાઓનો લાભ લીધો છે કે કેમ ? તે જાણવાનો પ્રયત્ન કર્યો હતો તેની અત્રે રજુઆત કરી છે.

**વ્યવસાયનું વર્ગીકરણ :**

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના બંને ગામોમાંથી તપાસમાં આવરી લીધેલાં કુલ ૮૦ કુટુંબો પાસેથી દરેક કુટુંબના સભ્યના વ્યવસાયની વિગતો મેળવવામાં આવી હતી. જેની અત્રે રજૂઆત કરવામાં આવી છે.

કોઠામાં દર્શાવ્યા મુજબ નમૂનાનાં બંને ગામોના કુલ ૮૦ કુટુંબોની સભ્ય સંખ્યામાંથી ૨૫૭ પુરુષ સભ્યો અને ૨૩૭ની સંખ્યા સ્ત્રી સભ્યોની હતી. કુલ પુરુષ સભ્ય સંખ્યામાંથી ૩૦.૩ ટકા પુરુષો ખેતીના વ્યવસાયમાં, ૫.૮ ટકા પુરુષો નોકરી અને તેમાંના બે સભ્યો નોકરીની સાથે ખેતી પણ કરતા હતા. ૩૩.૧ ટકા સભ્યો મજૂરીમાં જેવી કે ખેતમજૂરી, છૂટક મજૂરી, કડિયાકામ, બાંધકામ મજૂરી, સેન્ટીંગકામ, વાલ્વમેન અને અન્ય મજૂરી નર્મદા પ્રોજેકટ પર કરતા હતા. જયારે ૨૬.૧ ટકા બાળક સભ્યોનો અભ્યાસ ચાલુ હતો. માત્ર ૪.૭ ટકા પુરુષ સભ્યો કામ કરતા ન હતા. જયારે સ્ત્રીઓમાંથી ૩૪.૨ ટકા સ્ત્રીઓ ઘરકામ અને ખેતીકામમાં મદદ, ૨૪.૧ ટકા સ્ત્રીઓ પુરુષ સભ્યો સાથે મજૂરીના કામે જતી હતી. માત્ર ૨૨.૮ ટકા સ્ત્રીબાળાઓનું શિક્ષણ ચાલુ હતું અને ૧૮.૯ ટકા સ્ત્રીઓ કામમાં રોકાયેલી ન હતી.

કોઠામાં દર્શાવેલ સભ્યોમાં ખેતીનો વ્યવસાય કરનાર સભ્યો ખેતી કામમાંથી પરવારીને છૂટક મજૂરી અને રાહતકામો તેમજ બહાર મજૂરીએ પણ જતા હતા. કોઠામાં દર્શાવેલ સભ્યોનો વ્યવસાય બેવડાય છે જેની સ્પષ્ટતા કરું છું.

## ધંધા-રોજગારમાં રોકાયેલ સભ્યોની માહિતી

| ક્રમ | કુટુંબ સંખ્યા | ખેતી | | ઘરકામ | | નોકરી | | અન્ય મજૂરીઅ | | ભ્યાસ | | કુલ સભ્યો | | કુલ બેકાર/ પ્રવૃત્તિહીન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | ૧૧ | ૭ | - | - | ૧૧ | ૨ | - | ૯ | ૭ | ૧૦ | ૭ | ૨૬ | ૨૩ | - | - |
| ૨. | ૨૯ | ૨૯ | - | - | ૨૯ | ૪ | - | ૨૯ | ૧૮ | ૨૪ | ૧૭ | ૮૯ | ૭૯ | - | - |
| ૩. | ૨૦ | ૨૦ | - | - | ૨૦ | ૨ | - | ૨૭ | ૨૦ | ૧૧ | ૮ | ૬૫ | ૬૦ | - | - |
| ૪. | ૧૨ | ૧૨ | - | - | ૧૨ | ૭ | - | ૧૩ | ૫ | ૧૪ | ૧૦ | ૪૭ | ૩૭ | - | - |
| ૫ | ૮ | ૧૦ | - | - | ૯ | - | - | ૭ | ૭ | ૮ | ૧૨ | ૩૨ | ૩૮ | - | - |
| કુલ | ૮૦ | ૭૮ | - | - | ૮૧ | ૧૫ | - | ૮૫ | ૫૭ | ૬૭ | ૫૪ | ૨૫૭ | ૨૩૭ | - | - |
| ટકા | - | (૩૦.૩) | - | - | ૩૪.૨ | ૫.૮ | - | ૩૩.૧ | ૨૪.૧ | ૨૬.૧ | ૨૨.૮ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૪.૭ | ૧૮.૯ |

નમૂનાના દરેક કુટુંબ માત્ર એક જ વ્યવસાય પર નિર્ભર ન હતાં. નમૂનાના કુટુંબોમાંથી જમીન વગરનાં ૧૧ કુટુંબોમાંથી ૭ સભ્યો ખેતીનું કામ જમીન સાથે રાખી કરતા હતા.

ઉપરના કોઠામાં નમૂનાના કુટુંબોના દરેક સભ્યોનું વ્યવસાયનું વર્ગીકરણ દર્શાવ્યું છે. પરંતુ દરેક કુટુંબમાં કેટલા કમાનાર, કમાનાર પર આધારિત અને નહિ કમાનાર હતા તે આ સાથેના નીચેના કોઠામાં દ્રષ્ટિપાત કરવાથી જાણી શકાય છે.

**કમાનાર : નહિ કમાનાર :**

નમૂનાના કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૪૯૪ની હતી. તેમાંથી ૧૬.૪ ટકા પુરુષ મુખ્ય કમાનાર, ૪૨.૩ ટકા સ્ત્રી પુરુષોને ખેતી અને ઈતર પ્રવૃત્તિ કરીને કમાનારને મદદરૂપ થતા હતા. જયારે ૪૧.૩ ટકા સભ્યો બિલકુલ કમાતા ન હતા. જેમાંથી ૨૪.૫ ટકા સભ્યોનું શિક્ષણ ચાલુ હોવાથી તે અભ્યાસ સિવાય કોઈ પ્રવૃત્તિ કરતા ન હતા. એકંદરે કમાનાર પર આધારિત અને નહિ કમાનારનું ભારણ વધુ જોવા મળ્યું હતું.

કોઠામાં દર્શાવ્યા મુજબ વધુ વિગતો જોઈએ તો કુલ પુરુષ સભ્યોમાંથી ૩૧.૬ ટકા કમાનાર, ૩૪.૨ ટકા કમાનાર છતાં આધારિત હતા. જયારે ૩૪.૨ ટકા પુરુષ સભ્યો બેકાર હતા. કામ કરી શકે તેવી પરિસ્થિતિ ન હતી. એજ રીતે કુલ સ્ત્રી સભ્યોમાંથી ૫૧.૧ ટકા સ્ત્રીઓ કમાનાર પર સીધી આધારિત હતી. જયારે ૪૮.૯ ટકા સ્ત્રીઓ પ્રવૃત્તિહિન હતી.

ટૂંકમાં ધાનકાઓમાં કમાનાર પુરુષ સભ્યો પર ઘરની બધી જ જવાબદારી રહેતી જોવા મળી હતી. સ્ત્રી સભ્યો માત્ર ઘરકામ અને કેટલીક મજૂરી કરીને કમાનાર સભ્યને મદદરૂપ થતી અને ઘર ચલાવવામાં ભાગીદાર બનતી છતાં સ્ત્રીઓનું ભારણ કમાનાર પર વધુ જોવા મળ્યું હતું.

નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યામાં વ્યવસાય અને કમાનાર - નહિ કમાનાર સભ્યોની વિગતો જોયા પછી તેમની જમીનની વિગતો જોઈએ.

**કમાનાર- નહિ કમાનાર**

| ક્રમ | કુટુંબ સંખ્યા | કમાનાર | | કમાનાર પર આધારિત | | નહિ કરનનાર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | ૧૧ | ૧૧ | - | ૨ | ૯ | ૧૩ | ૧૪ | ૨૬ | ૨૩ |
| ૨. | ૨૯ | ૩૦ | - | ૩૧ | ૪૪ | ૨૮ | ૩૫ | ૮૯ | ૭૯ |
| ૩. | ૨૦ | ૨૦ | - | ૩૦ | ૩૬ | ૧૫ | ૨૪ | ૬૫ | ૬૦ |
| ૪. | ૧૨ | ૧૨ | - | ૧૬ | ૧૬ | ૧૭ | ૨૧ | ૪૫ | ૩૭ |
| ૫. | ૮ | ૮ | - | ૯ | ૧૬ | ૧૫ | ૨૨ | ૩૨ | ૩૮ |
| કુલ | ૮૦ | ૮૧ | - | ૮૮ | ૧૨૧ | ૮૮ | ૧૧૬ | ૨૫૭ | ૨૩૭ |
| ટકા | | ૩૧.૬ | - | ૩૪.૨ | ૫૧.૧ | ૩૪.૨ | ૪૮.૯ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |
| | | ૧૬.૪ | | ૪૨.૩ | | ૪૧.૩ | | ૧૦૦.૦ | |

**જમીન ધારણા કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ અને સરેરાશ જમીનનું કદ :**

તપાસમાં આવરી લીધેલા કુલ ૮૦ કુટુંબોમાંથી ૧૧ કુટુંબો જમીન વગરના હતા. ૨૯ કુટુંબો પાસે કુલ ૪૦.૩૯ એકર જમીન હતી. ૨૦ કુટુંબો પાસે ૮૦.૦૩ એકર, ૧૨ કુટુંબો પાસે ૧૦૭.૦૯ એકર અને ૮ કુટુંબો પાસે ૧૭૦.૦ એકર જમીન હતી. આ રીતે કુલ મળી ૩૯૮.૧૧ એકર જમીન નમૂનાના કુટુંબો પાસે હતી.

જમીનની વિગતો દર્શાવેલ કોઠા પરથી જોઈ શકાય છે કે જમીન વગરના કુટુંબો સિવાય ૦ થી ૨.૫ એકર સુધીની જમીન ધરાવતા ૨૯ કુટુંબો પાસે માત્ર ૪૦.૩૯ એકર, એટલે કે કુટુંબદીઠ માત્ર ૧.૧૭ એકર જેટલી જમીન હતી. જ્યારે ૧૦.૦ એકરથી ઉપરની જમીન ધરાવતા ૮ કુટુંબો પાસે કુલ ૧૭૦.૦ એકર જેટલી જમીન હતી, એટલે કે કુટુંબદીઠ સરેરાશ ૨૧.૨૫ એકર જેટલી જમીન આ કુટુંબો પાસે હતી. જ્યારે ૫.૧ થી ૧૦.૦ એકર જમીન ધરાવતા ૧૨ કુટુંબો પાસે ૧૦૭.૯ એકર જેટલી જમીન હતી. કુટુંબદીઠ આ જમીનનું પ્રમાણ ૮.૩૮ એકર જેટલું જોવા મળ્યું હતું.

ટૂંકમાં ૩૬.૨ ટકા કુટુંબો પાસે ૧૦.૦ ટકા જમીન, ૨૫.૦ ટકા કુટુંબો પાસે ૨૦.૦ ટકા જમીન, ૧૫.૦ ટકા કુટુંબો પાસે ૨૬.૯ ટકા જમીન ૧૦ ટકા કુટુંબ પાસે ૪૨.૭ ટકા જમીન હતી. એટલે કે

મોટાભાગની જમીનની સંપતિ બહુ ઓછા વર્ગ પાસે હતી. તેમનું સરેરાશ જમીનનું કદ ૨૧.૨૫ એકર જેટલું હતું. કોઠામાં જોતાં દરેક કુટુંબની પાસેની જમીન વિગતોનો વધુ ખ્યાલ આવશે.

**જમીનનો પ્રકાર :**

ધાનકા જાતિની વસ્તી ધરાવતા ભરૂચ, વડોદરા અને પંચમહાલ જિલ્લાની ભૂપુષ્ઠ જોતાં ખ્યાલ આવે છે કે ભરુચ જિલ્લામાં જમીન સમતળ હોવાથી જમીનો ઠીક ઠીક ફળદ્રુપ ગણી શકાય. જ્યારે પંચમહાલ અને વડોદરા જિલ્લામાં ધાનકા જાતિની વસતી ધરાવતા વિસ્તારોની જમીન ડુંગરોથી આચ્છાદિત હોવાથી, જમીનના સ્તર ઉપર માટીના સ્તરનું પ્રમાણ ઓછું હોવાથી જમીન ઓછી ફળદ્રુપ અને અણ ઉપજાઉ જેવી છે. કેટલીક જમીનો આ બંને જિલ્લાઓમાં ખડકાળ, પથરાળ અને ખાડા ટેકરાવાળી પણ છે. દર વર્ષે વરસાદના પાણીને લીધે જમીન ધોવાતી હોવાથી તેનો કસ પણ ઓછો થતો જાય છે. વરસાદની અનિયમિતતા પણ આ ત્રણેય વિસ્તારોમાં છેલ્લા ત્રણ વર્ષથી ખૂબજ છે. જમીનની ભેજ સંગ્રહ શક્તિ પણ ઘણી ઓછી છે. સિંચાઈની સુવિધાનો અભાવ છે. જેથી જમીનમાંથી ધાર્યું ઉત્પાદન લઈ શકાતું નથી.

ધાનકાઓ મોટે ભાગે ખેતી પર નિર્ભર છે. ખેતીની જમીન અણઉપજાઉ અને હલકા પ્રકારની હોવાથી ખેતી સિવાય અન્ય ધંધા રોજગાર પણ કરવા પડે છે. ખેતીમાં મકાઈ, તુવેર, જુવાર, વાલ અને કઠોળ તેમજ કેટલાક કપાસનો પણ પાક લે છે. સારો વરસાદ હોય ત્યારેજ આ બધું શક્ય બને છે.

**જમીનની વિગત**

| ક્રમ | જમીનનું કદ એકર ગૂંઠા | કુટુંબ સંખ્યા | કુલ જમીન એકર ગૂંઠા | કુલ જમીનના ટકા | સરેરાશ જમીનનું કદ એકર ગૂંઠા |
|---|---|---|---|---|---|
| ૧. | જમીન વગરના | ૧૧ (૧૩.૮) | - | - | - |
| ૨. | ૦ થી ૨.૫ | ૨૯ (૩૬.૨) | ૪૦.૩૯ | (૧૦.૦) | ૧.૧૭ |
| ૩. | ૨.૬ થી ૫.૦ | ૨૦ (૨૫.૦) | ૮૦.૦૩ | (૨૦.૨) | ૪.૧૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪. | ૫.૧ થી ૧૦.૦ | ૧૨ (૧૫.૦) | ૧૦૭.૦૯ | (૨૬.૯) | ૮.૩૮ |
| ૫. | ૧૦.૧ થી ઉપર | ૮ (૧૦.૦) | ૧૭૦.૦૦ | (૪૨.૭) | ૨૧.૨૫ |
| | કુલ | ૮૦ (૧૦૦.૦) | ૩૯૮.૧ | (૧૦૦.૦) | ૪.૩૭ |

**ખેતી અને ખેતસાધનો :**

ધાનકાઓના જીવનનો મુખ્ય આધાર ખેતી છે. તેમની ખેત પદ્ધતિઓ પણ હજુ જૂની પુરાણી જ છે. તેમની પાસેનાં ખેતીનાં સાધનો પણ જૂનાં અને અપૂરતાં છે. ખેતી માટેની જમીન પણ ખડકાળ અને ડુંગરાળ, ઓછી ફળદ્રુપ, ભેજ સંગ્રહશક્તિ ઓછી, ઢાળવાળી જમીનને કારણે વારંવાર જમીનના ઉપલા પડનું ધોવાણ અને વરસાદની અનિશ્ચિતતાઓને લીધે જમીનમાંથી કુટુંબના નિભાવ પૂરતું અનાજ મેળવી શકાતું નથી. ખેતી અંગેની પારાવાર મુશ્કેલીઓ પણ જોવા મળી છે. ભરૂચ જિલ્લામાં ધાનકા જાતિની વસ્તી ધરાવતા કેટલાક નાની સિંચાઈ યોજનાનો અમલ કરવામાં આવ્યો છે. છતાં છેલ્લાં કેટલાંક વર્ષોથી આ કામ બંધ અવસ્થામાં જોવા મળે છે. જેથી સિંચાઈનો લાભ પણ કોઈને મળતો નથી. પોતાની પાસેના કૂવાઓમાં પણ પાણી ન હોવાથી સિંચાઈ કરી શકતા નથી. જેથી ખેતીમાંથી મહેનત જેટલું પણ રળી શકતા નથી. જીવન જરૂરિયાત પૂરતું ધાન્ય પણ ૩ વર્ષથી પાકતું નથી, અન્ય કાળ ઉપર તેમને આધાર રાખવો પડે છે. ખેતીનાં સાધનો પણ આ સાથેના કોઠામાં દર્શાવ્યા મુજબ ઘણાં ઓછાં અપૂરતાં હોવાથી કેટલીકવાર સાધનોના અભાવે જમીન ખેડી શકતા નથી. જમીન ખેડવા માટેનું હળ લાકડું પણ પૂરતું નથી. નમૂનાના કુટુંબોમાં માત્ર ૪૬ હળ જોવા મળ્યા હતા. જ્યારે કરબ-૪૭, સમાર-૪૫ અને વાવણિયા -૪૬ની સંખ્યામાં જોવા મળ્યા હતા. એટલે કે બે કુટુંબ વચ્ચે એક હળ-કરબ-સમાર જોવા મળ્યો હતો.

જ્યારે જમીન ખેડવા માટેના ઉપયોગી પશુધનની વિગતો જોઈએ તો કુલ ૮૦ કુટુંબો પાસે ૮૩ બળદ હતા. એટલે કે ૪૧ હળની બળદ જોડી હતાં. દરેક કુટુંબને ખેતીની સીઝનમાં બબ્બે કુટુંબ મળીને જમીન ખેડતા જેથી ઘણીવાર પાકની વાવણીનો સમય પણ પસાર થઈ જાય અને તેની અસર પાકના ઉત્પાદન પર પડતી હોય છે.

ટૂંકમાં ખેતી માટેના અપૂરતાં સાધનો, ટૂંકી જમીન અને વરસાદની અનિયમિતતાને લીધે, ખેતી કરવા માટેના બળદોના અભાવે ખેડૂત કુટુંબોને ઘણું સહન કરવું પડે છે. ઉપરોક્ત કેટલીક બાબતો ઉપરાંત આર્થિક સ્થિતિ પણ સારી ન હોવાથી ખેતી પ્રત્યે જેટલું ધ્યાન આપવું જોઈએ તેટલું તેઓ આપી શકતા નથી. આ ઉપરાંત આ વિસ્તારોમાં સિંચાઈની સુવિધાના અભાવે ઉત્પાદન પણ ઘણું ઓછું થાય છે. જેથી આવક પણ ઓછી થાય છે. આવક ઓછી એટલે બચત પણ ઓછી - બચત ઓછી હોય ત્યાં નવાં સાધનો અંગે અને ખેતીમાં સુધારા વધારા કરવા માટેની વ્યવસ્થાના અભાવે પણ ઘણું સહન કરવું પડે છે.

**ખેતીનાં સાધનો :**

ખેતીમાં ઉપયોગી એવા માલિકીનાં યંત્રો, ઓજારોની વિગતો કોઠામાં દર્શાવ્યા મુજબ લાકડાનાં હળ, કરબ, સમાર, વાવણિયો અને નાના સાધનોમાં કુહાડી, દાતરડાં, સિવાય ખાસ સાધનો જોવા મળ્યાં નથી. નમૂનાના દરેક કુટુંબો પાસેનાં આ સાધનો જૂનાં-પૂરાણાં હાથે તૈયાર કરેલાં જોવા મળ્યાં હતાં. તેમાં ઉત્પાદિત થયેલ પાક-ઘાસ લાવવા માટે ઉપયોગી ગાડું માત્ર પાંચ કુટુંબો પાસે જોવા મળ્યું હતું. મોટાભાગનાં કુટુંબો અનાજ, ઘાસ ખેતરમાંથી માથે લાવતા હતા.

સિંચાઈ માટેના કૂવા જોઈએ તો માત્ર ૭ કૂવા પાકા અને ૬ કૂવા કાચા તે પણ જીર્ણ અવસ્થામાં જોવા મળ્યા હતા. પાણી કાઢવા માટેના ઓઈલ એન્જિન ત્રણ કુટુંબો પાસે હતાં. જ્યારે એક કુટુંબ પાસે બે ઈલેક્ટ્રિક મોટર જોવા મળી હતી.

કોઠામાં દર્શાવ્યા મુજબ માત્ર ૧૦ એકરથી ઉપરની જમીન ધરાવતાં કુટુંબો પાસે હળ લાકડું અને બળદ પૂરતા પ્રમાણમાં હતાં; જ્યારે બાકીનાં કુટુંબો પાસે ખેતી માટેનાં સાધનો અને અન્ય ઓજારો અપૂરતાં હતાં. તેઓ એક બીજાના હળથી ચલાવી લેતા હતા.

## માલિકીનાં યંત્રો ઓજારોની વિગત

| ક્રમ | કુટુંબ સંખ્યા | ખેતી | | કરબ | સમાર | વાવણિયો | નાનાં ઓજારો | ગાડું | | કૂવો | | ઓઈલ એન્જિન | ઈલે. મોટર | ટ્રેક્ટર | મોટર સાયકલ | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાકડાનું હળ | લોખંડનું હળ | | | | | લાકડાનું | ટાયર-વાળું | કાચો | પાકો | | | | | |
| ૧. | ૧૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૨. | ૨૯ | ૧૨ | - | ૧૧ | ૧૦ | ૧૧ | ૬૧ | - | - | - | ૧ | - | - | - | - | - |
| ૩. | ૨૦ | ૧૪ | - | ૧૬ | ૧૫ | ૧૪ | ૮૮ | ૧ | - | ૨ | ૧ | ૧ | - | - | ૧ | - |
| ૪. | ૧૨ | ૧૧ | - | ૧૧ | ૧૧ | ૧૦ | ૬૦ | ૧ | ૧ | ૧ | ૨ | - | - | - | ૧ | - |
| ૫ | ૮ | ૯ | ૧ | ૯ | ૯ | ૧૧ | ૬૯ | ૨ | - | ૩ | ૩ | ૨ | ૨ | - | - | - |
| કુલ | ૮૦ | ૪૬ | ૧ | ૪૭ | ૪૫ | ૪૬ | ૨૭૮ | ૪ | ૧ | ૬ | ૭ | ૩ | ૨ | - | ૨ | - |

પશુધન :

નમૂનાના કુટુંબો પાસેનું પશુધન જોઈએ તો કુલ ૮૦ કુટુંબોમાંથી ૫૮ કુટુંબો એટલે કે ૭૨.૫ ટકા કુટુંબો પાસે પશુધન હતું. જેમાં ગાય, ભેંસ, બળદ, વાછરડા-વાછરડી અને ઘેટાં-બકરાંનો સમાવેશ થતો હતો. ગાય-ભેંસ એ દરેક કુટુંબને પૂરક આવક કમાવી આપવામાં અને બળદ ખેતીના કામમાં ઉપયોગી થતા. કોઠામાં દર્શાવ્યા મુજબ દરેક કુટુંબ પાસે સરાસરી ૪ની સંખ્યામાં પશુધન હતું.

જમીન વગરનાં ૧૧ કુટુંબો પાસે પશુધનની સંખ્યા ૩૦ની હતી. જેમાં ઘેટાં-બકરાંની સંખ્યા વિશેષ હતી. આ ૧૧ કુટુંબો પૈકી માત્ર ૬ કુટુંબો પાસે જ પશુધન હતું. કુટુંબદીઠ સરેરાશ પશુધનની સંખ્યા ૫ની હતી.

૦ થી ૨.૫ એકર સુધીની જમીન ધરાવનાર ૨૯ કુટુંબોમાંથી ૧૮ કુટુંબો પાસે પશુધનની સંખ્યા ૫૭ની હતી. જેમાં ગાય અને બળદ મુખ્ય હતાં. તેમાંના સાતેક કુટુંબો પાસે ભેંસો પણ હતી. સરેરાશ પશુધન ૩ની સંખ્યામાં હતું.

૨.૫ થી ૫ એકર સુધીની જમીન ધરાવનાર કુટુંબો પાસેના પશુધનની સંખ્યા ૭૦ હતી. તેમાં બળદ-ભેંસ અને ગાય મુખ્ય હતાં. કુટુંબદીઠ સરેરાશ ૧ ગાય, ૧ ભેંસ અને ૧ બળદ ધરાવતાં હતાં.

જયારે ૫.૦૦ થી ૧૦.૦ એકર સુધીની જમીન ધરાવનાર ખેડૂત કુટુંબો પાસે સરેરાર ૧ ગાય અને બે બળદ જોવા મળ્યા હતા. આ કુટુંબો પાસે સરેરાશ કુટુંબદીઠ ૪ ની સંખ્યામાં પશુધન હતું.

ગાય-ભેંસ ધરાવનાર કુટુંબો દૂધ-ઘીનો ઉપયોગ ઘર વપરાશ માટે કરતા હતા. કેટલાક વધારાનું દૂધ વેચીને પૂરક આવક પણ મેળવતા હતા. ઘેટાં-બકરાં ધરાવનાર કુટુંબો વર્ષે-દહાડે ત્રણ થી ચાર બકરાં વેચીને અર્થોપાર્જન મેળવતાં હતાં. મરઘાં હવે ભાગ્યે જ આ જાતિમાં જોવા મળે છે. પશુધનની સંખ્યા નીચેના કોઠામાં દર્શાવી છે.

## પશુધનની સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | કુટુંબ સંખ્યા | પશુધન ધરાવનારની સંખ્યા | પશુધનની વિગત | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ગાયો | ભેંસો | બકરાં ઘેટાં | બળદ | વાછરડા | વાછરડી | મરઘાં | અન્ય | કુલ પશુધન |
| ૧. | ૧૧ | ૬ | ૬ | ૨ | ૧૮ | ૧ | - | ૩ | - | - | ૩૦ |
| ૨. | ૨૯ | ૧૮ | ૧૬ | ૭ | ૫ | ૧૭ | ૮ | ૪ | - | - | ૫૭ |
| ૩. | ૨૦ | ૧૭ | ૧૩ | ૨૦ | - | ૨૭ | ૪ | ૬ | - | - | ૭૦ |
| ૪. | ૧૨ | ૧૦ | ૧૩ | ૭ | - | ૨૧ | - | ૫ | - | - | ૪૬ |
| ૫. | ૮ | ૭ | ૯ | ૧૬ | ૨ | ૧૭ | ૫ | ૫ | - | ૧ | ૫૫ |
| કુલ | ૮૦ | ૫૮ | ૫૭ | ૫૨ | ૨૫ | ૮૩ | ૧૭ | ૨૩ | - | ૧ | ૨૫૮ |

**નમૂનાના કુટુંબોની કુલ આવક :**

ઉપર મુજબ ખેતીની જમીન અને ઉપયોગી પશુધનની વિગતો કોઠામાં જોયા પછી નમૂનાના કુટુંબોને જુદા જુદા વ્યવસાયમાંથી કુલ કેટલી આવક મળે છે તેની વિગતો જોઈએ.

નમૂનાના પસંદ થયેલા વિસ્તારમાંથી અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબો પાસેથી તેમના જુદા જુદા વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી આવકની માહિતી મેળવવામાં આવી હતી. પસંદ થયેલા કુટુંબોને જમીનના કદ પ્રમાણે વર્ગીકરણ કરીને જમીનના કદ પ્રમાણે આવકનું પ્રમાણ જોઈએ તો નમૂનાના કુટુંબોમાંથી જમીન વગરના કુલ ૧૧ કુટુંબોને જુદા જુદા સાધનોમાંથી કુલ ૮૪,૦૩૦ એટલે કે કુટુંબદીઠ ૭,૬૪૦ રૂા. આવક મળતી હતી. જમીનવાળા ૦ થી ૨.૨૦ એકર સુધીની જમીન ધરાવનાર ૨૯ કુટુંબોને બધા સાધનોમાંથી ૨,૯૩,૧૬૦ રૂા. કુલ આવક મળતી હતી. કુટુંબદીઠ આવક ૧૦,૧૦૯ રૂપિયા જેટલી થતી હતી. ૨.૨૦ થી ૫.૦૦ એકર સુધીની જમીન ધરાવનાર ૨૦ કુટુંબોને ૨,૨૧,૬૦૦ રૂા. જેટલી આવક પ્રાપ્ત થતી હતી. કુટુંબદીઠ આવક ૧૧,૦૮૦ રૂપિયા થતી હતી. જયારે ૫.૦૦ થી ૧૦.૦૦ એકર સુધીની જમીન ધરાવનાર ૧૨ કુટુંબોને કુલ ૧,૯૧,૪૪૦ રૂા. જેટલી આવક મળતી હતી. એટલે કે કુટુંબદીઠ ૧૫,૯૫૩ રૂપિયા આવક પ્રાપ્ત થતી હતી. જયારે બાકીના ૧૦.૦૦ એકરથી ઉપરની જમીન ધરાવનાર ખેડૂત કુટુંબોને કુલ ૧,૨૧,૦૦૦ રૂા. જેટલી કુલ આવક પ્રાપ્ત થતી હતી. કુટુંબદીઠ આ આવક ૧૫,૧૨૫ રૂા. જેટલી થતી હતી. બધા કુટુંબોની વાર્ષિક આવક સરેરાશ ૧૧,૩૯૦ રૂા. હતી.

અર્થાત નમૂનાના કુટુંબોના અભ્યાસના તારણ પરથી જોઈ શકાય છે કે ધાનકા જાતિમાં જમીન વિહોણા કુટુંબોને સૌથી ઓછી આવક મળતી હતી.

**સાધનવાર આવક :**

નમૂનાના કુટુંબોની સ્ત્રોત વાર આવક જોઈએ તો ખેતીમાંથી કુલ કુટુંબોને બધી મળીને ૨,૧૯,૫૫૦ રૂા. જેટલી આવક મળતી હતી. કુટુંબદીઠ ખેતઉત્પાદનની આ આવક માત્ર ૨,૭૪૪ રૂપિયા જેટલી હતી.

નમૂનાના કુટુંબોની પાસેથી પશુપાલનમાંથી પ્રાપ્ત થતી આવકની વિગતો પણ મેળવવામાં આવી હતી. પશુપાલનના ઉત્પાદનમાં દુધાળાં ઢોરની દૂધની આવક મુખ્ય હતી. પશુધન ધરાવતા દરેક કુટુંબ

દૂધનું ઉત્પાદન લેતા હતા. જેનો ઉપયોગ મોટે ભાગે ઘર વપરાશમાં જ કરતા હતા. ઘરવપરાશમાં લીધેલા અને વધારાના દૂધના વેચાણમાંથી થતી કુલ આવક ૭૧,૬૨૫ રૂા. જેટલી થતી હતી. કુટુંબદીઠ આ આવક ૮૯૫ રૂપિયા જેટલી હતી. પશુપાલન એ ખેતીના ધંધા સાથે સંકળાયેલું હોવાથી જેવું ખેતીનું ઉત્પાદન તેવું પશુપાલનનું ઉત્પાદન થતું.

નમૂનાના દરેક કુટુંબો ખેતી-પશુપાલનના વ્યવસાયની સાથે ખેત મજૂરી અને અન્ય મજૂરી જેમાં બાંધકામ, કડિયાકામ, સેન્ટિંગ, વાલ્વમેન તરીકે કામ કરીને અને છૂટક મજૂરી કરીને પૂરક આવક મેળવતા. નમૂનાના કુલ કુટુંબોને મજૂરીમાંથી કુલ ૨,૭૯,૫૭૫ રૂપિયા જેટલી આવક પ્રાપ્ત થતી હતી. કુટુંબદીઠ સરેરાશ મજૂરીની આવક ૩,૪૯૫ રૂપિયા જેટલી મળતી.

નમૂનાના કુટુંબોમાંથી કેટલાક સભ્યો સરકારી ખાતામાં, નર્મદા પ્રોજેકટમાં અને શિક્ષક તરીકે નોકરી કરતા હતા. કુલ કુટુંબોના સંદર્ભમાં નોકરીની કુલ આવક ૨,૬૯,૩૦૦ રૂા. એટલે કે કુટુંબદીઠ સરેરાશ ૩,૩૬૦ રૂપિયા જેટલી આવક નોકરીમાંથી મળતી હતી.

અભ્યાસમાં આવરી લીધેલા કુલ કુટુંબોમાંથી કેટલાક કુટુંબો સુથારીકામ, સીવણકામ કરતા અને ઈલેકિટ્રક ઘંટી પણ એક કુટુંબ ધરાવતું હતું. તેમને કુલ કુટુંબોના સંદર્ભમાં વાર્ષિક કુલ ૪૫,૧૪૦ રૂા. એટલે કે કુટુંબદીઠ સરેરાશ ૫૬૪ રૂપિયા જેટલી આવક ગૃહઉદ્યોગમાંથી મળતી હતી. આ ઉપરાંત એક કુટુંબ વેપાર ધંધો પણ કરતું હતું.

નમૂનાના કુલ કુટુંબોને ખેતી, પશુપાલન, ખેતમજૂરી-અન્ય મજૂરી, નોકરી, ગૃહઉદ્યોગ અને વેપાર ધંધામાંથી બધુ મળીને કુલ ૯,૧૧,૨૩૦ રૂા. જેટલી આવક પ્રાપ્ત થતી હતી. કુટુંબદીઠ આ આવકનું પ્રમાણ ૧૧,૩૯૦ રૂા. જેટલું થતું હતું.

એક દ્રષ્ટિએ જોતાં કુલ આવકમાં ખેતી અને પશુપાલનની આવક ઘણી ઓછી હતી. જયારે મજૂરીની આવક સૌથી વિશેષ હતી. એટલે કે ધાનકાઓને પોતાની ખેતી હોવા છતાં કેટલાંક કુદરતી કારણોસર અને આર્થિક કારણોસર તેમને મોટેભાગે મજૂરી પર જ નિર્ભર થવું પડતું હોય છે.

નમૂનાના કુટુંબોની કુલ આવક (ઉત્પાદન રૂપિયામાં) નીચેના કોઠામાં દર્શાવી છે. કોઠો જોતાં જમીનના કદ પ્રમાણે સઘળી પરિસ્થિતિ જાણી શકાશે.

આગળના કોઠામાં કુલ ઉત્પાદન (આવક) અને કુટુંબદીઠ ઉત્પાદન આવકની વિગતો જોયા પછી ખેતી-પશુપાલન અને અન્ય વ્યવસ્થામાંથી આ આવક મેળવવા માટે કેટલું ખર્ચ દરેકને થાય છે તેની વિગતો હવે જોઈએ.

ઉત્પાદન ખર્ચમાં બિયારણ, ખાતર, ઓજારોનું મરામત ખર્ચ, ઘાસચારો, મહેસૂલ ખર્ચ, હળભાડું અને મજૂરી કરનાર કુટુંબોને આવવા જવાનું ખર્ચ તેમજ ખેતીમાં ખેતમજૂરી અને અન્ય ખર્ચની વિગતોને સમાવી લેવામાં આવી છે.

# કુલ ઉત્પાદન અને ખર્ચની વિગત (આવક રૂપિયામાં)

| ક્રમ | કુટુંબ સંખ્યા | ખેતી | પશુપાલન | ખેતી મજૂરી અન્ય મજૂરી | નોકરી | ગૃહઉદ્યોગ | વેપાર ધંધો | અન્ય | કુલ આવક | કુટુંબદીઠ આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૧ | - | ૭૧૨૫ | ૨૯૨૬૫ | ૪૬૨૦૦ | - | - | ૧૪૪૦ | ૮૪૦૩૦ | ૭૬૪૦ |
| ૨. | ૨૯ | ૪૭૧૯૦ | ૧૭૨૪૦ | ૧૧૨૬૩૦ | ૬૪૩૦૦ | ૨૭૨૦૦ | ૧૮૦૦૦ | ૬૬૦૦ | ૨૯૩૧૬૦ | ૧૦૧૦૯ |
| ૩. | ૨૦ | ૭૦૦૧૦ | ૨૦૦૦૦ | ૯૧૪૯૦ | ૩૮૭૦૦ | ૧૪૦૦ | - | - | ૨૨૧૬૦૦ | ૧૧૦૮૦ |
| ૪. | ૧૨ | ૫૨૨૭૦ | ૧૦૯૭૦ | ૨૫૧૦૦ | ૧૦૩૧૦૦ | - | - | - | ૧૯૧૪૪૦ | ૧૫૯૫૩ |
| ૫. | ૮ | ૫૦૦૮૦ | ૧૬૨૯૦ | ૨૧૦૯૦ | ૧૭૦૦૦ | ૧૬૫૪૦ | - | - | ૧૨૧૦૦૦ | ૧૫૧૨૫ |
| કુલ | ૮૦ | ૨૧૯૫૫૦ | ૭૧૬૨૫ | ૨૭૯૫૭૫ | ૨૬૯૩૦૦ | ૪૫૧૪૦ | ૧૮૦૦૦ | ૮૦૪૦ | ૯૧૧૨૩૦ | |
| કુટુંબદીઠ સરેરાશ આવક | | ૨૭૪૪ | ૮૯૫ | ૩૪૯૫ | ૩૩૬૦ | ૫૬૪ | ૨૨૫ | ૧૦૦ | ૧૧૩૯૦ | ૧૧૩૯૦ |

**કુલ ઉત્પાદન ખર્ચ અને ચોખ્ખી આવક :**

કુલ ઉત્પાદન ખર્ચની વિગતો દર્શાવતા નીચેના કોઠો જોવાથી ખ્યાલ આવે છે કે કુલ ખર્ચના ૭૩.૬ ટકા ખર્ચ એ ખેતી અને પશુપાલનની આવક મેળવવામાં થતું હતું. જયારે મજૂરીની આવક મેળવવા માટે માત્ર ૮.૦ ટકા ખર્ચ થતું હતું. એટલે કે કુલ ખર્ચના મોટાભાગનું ખર્ચ ખેતી ઉત્પાદન પાછળ ખેતી અને પશુપાલન પાછળ ઘાસચારો, હળભાડું, બિયારણ પાછળ થતું. ધાનકાઓ રાસાયણિક ખાતરનો ઉપયોગ નહિવત્ કરતા.

નમૂનાના કુટુંબોના ઉત્પાદન ખર્ચની વિગતો જમીનના કદ પ્રમાણે જોઈએ તો કુટુંબદીઠ કુલ ઉત્પાદન ખર્ચ રૂા.૨,૨૧૪ જેટલો થતો હતો. જમીન વિહોણા કુલ ૧૧ કુટુંબોને કુટુંબદીઠ કુલ આવક ૭,૬૪૦ની થતી હતી. જેમાંથી કુલ ખર્ચ ૧,૦૬૫ રૂા. જેટલો થતો હતો. જેમાં પશુપાલન, મજૂરી અને નોકરીના ખર્ચનો સમાવેશ થતો હતો.

૦ થી ૨.૫ એકર સુધીની જમીન ધરાવનાર કુલ ૨૯ કુટુંબોને કુટુંબદીઠ ૧૦,૧૦૯ રૂપિયાની આવક પાછળ ૧,૭૯૦ રૂા.નો ખર્ચ થયો હતો જેમાં ખેતી, પશુપાલન માટેનો ઘાસચારો, ગૃહઉદ્યોગ અને વેપારધંધા માટેના ખર્ચનો સમાવેશ થાય છે.

૨.૫ થી ૫.૦ એકર સુધીની જમીન ધરાવનાર ૨૦ કુટુંબોને કુટુંબદીઠ ૧૧,૦૮૦ રૂા.ની આવક મેળવવા ૨,૬૦૦ રૂા.નો ખર્ચ કરવો પડ્યો હતો. તેમાં ખાસ ખેતી-મજૂરી અને નોકરી અંગેના ખર્ચની વિગતો સમાવેશ થાય છે.

૫.૦ એકરથી ૧૦.૦ એકર સુધીની જમીન ધરાવનાર ૧૨ કુટુંબોને ૧૫,૯૫૩ રૂા.ની આવક મેળવવા ૨,૯૫૯ રૂા.નો ખર્ચ કરવો પડ્યો હતો. જયારે ૧૦.૦૦ એકરથી ઉપરની જમીન ધરાવનાર ૮ કુટુંબોને કુટુંબદીઠ ૧૫,૧૨૫ રૂા.ની આવક મેળવવા ૩,૨૫૨ રૂા.નો ખર્ચ કરવો પડ્યો હતો.

કોઠામાં દર્શાવેલી ખર્ચની વિગતો જોતાં ૨.૫ થી ૫.૦૦ એકર સુધીની જમીન ધરાવનાર ખેડૂત કુટુંબોનો ખેતી પાછળ ખર્ચ વધુ થયું હતું. છતાં ખેતીમાંથી પૂરતું ઉત્પાદન મેળવી શક્યા ન હતા.

એકંદરે જોઈએ તો નમૂનાના દરેક કુટુંબોને કુટુંબદીઠ આવકના બધા સ્રોતમાંથી કુલ ૧૧,૩૯૦ રૂા.ની આવક પ્રાપ્ત કરવા માટે ખેતી-બિયારણ ઘાસ, હળભાડું, જમીન મહેસૂલ, મજૂરી માટેનું અવર જવરનું ખર્ચ બધું મળીને કુલ કુટુંબદીઠ ૨,૨૧૪ રૂા.નો ખર્ચ થયો હતો.

ઉપર મુજબ આવક ખર્ચની વિગતો કોઠામાં જોયા પછી સ્રોતવાર બધાં સાધનોની મળીને ખર્ચ બાદ કરતાં કેટલી ચોખ્ખી આવક મળે છે તે હવે જોઈએ.

**ચોખ્ખી આવક :**

નમૂનાના દરેક કુટુંબોને કુટુંબદીઠ ચોખ્ખી આવક કુલ ૯,૧૭૬ રૂા. ની પ્રાપ્ત થતી હતી. તેમાં જમીન વગરના કુલ ૧૧ કુટુંબોની ચોખ્ખી આવક રૂા. ૬,૫૭૫, જમીનવાળા ૦ થી ૨.૫ એકર જમીનવાળા ૨૯ ખેડૂત કુટુંબોને કુટુંબદીઠ ૮,૩૧૮ રૂા., ૨.૫ થી ૫.૦ એકર સુધીની જમીન ધરાવનાર ૨૦ કુટુંબોને કુટુંબદીઠ ૮,૪૮૦ રૂા., ૫.૦ થી ૧૦.૦ એકર સુધીની જમીન ધરાવનાર ૧૨ કુટુંબોને કુટુંબદીઠ સરેરાશ ૧૨,૯૯૫ રૂા. અને ૧૦.૦ એકરથી ઉપરની જમીન ધરાવનાર ૮ કુટુંબોને કુટુંબદીઠ ૧૧,૮૭૨ રૂા. જેટલી વાર્ષિક આવક ચોખ્ખી થતી હતી.

આગળ દર્શાવેલ આવકના આંકડા સરેરાશ છે. છેલ્લા ત્રણ વર્ષના અનુસંધાનમાં આ લોકોની આવક ઘણી ઘટવા પામી છે. દુષ્કાળની પરિસ્થિતિને કારણે જમીનમાંથી ઘાસ સિવાય કોઈપણ પ્રકારનું ઉત્પાદન મેળવી શક્યા નથી. પાકમાં જુવાર, મકાઈ અને તુવેરનું નહિવત પ્રમાણમાં ઉત્પાદન થયું હોવાથી આવકનું પ્રમાણ ઘણું નીચું જોવા મળ્યું છે.

## કુલ ઉત્પાદન અને ખર્ચની વિગત (આવક રૂપિયામાં)

| ક્રમ | કુટુંબ સંખ્યા | ખેતી અને પશુપાલન | મજૂરી | નોકરી | ગૃહઉદ્યોગ | વેપાર ધંધો | કુલ ખર્ચ | કુલ આવક | ચોખ્ખી આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૧ | ૩૨૮૫ | ૨૦૮૦ | ૬૩૫૦ | - | - | ૧૧૭૧૫ (૧૦૬૫) | ૮૪૦૩૦ (૭૬૪૦) | ૭૨૩૧૫ (૬૫૭૫) |
| ૨. | ૨૯ | ૨૯૮૨૫ | ૪૭૫૫ | ૩૭૦૦ | ૨૮૦૦ | ૧૦૮૦૦ | ૫૧૯૧૦ (૧૭૯૦) | ૨૯૩૧૬૦ (૧૦૧૦૯) | ૨૪૧૨૫૦ (૮૩૧૮) |
| ૩. | ૨૦ | ૪૩૭૯૦ | ૫૦૦૫ | ૩૨૦૦ | - | - | ૫૧૯૯૫ (૨૬૦૦) | ૨૨૧૬૦૦ (૧૧૦૮૦) | ૧૬૯૬૦૫ (૮૪૮૦) |
| ૪. | ૧૨ | ૩૦૦૦૦ | ૧૪૬૦ | ૪૦૫૦ | - | - | ૩૫૫૧૦ (૨૯૫૯) | ૧૯૧૪૪૦ (૧૫૯૫૩) | ૧૫૫૯૩૦ (૧૨૯૯૫) |
| ૫. | ૮ | ૨૩૫૫૦ | ૭૭૦ | - | ૧૭૦૦ | - | ૨૬૦૨૦ (૩૨૫૨) | ૧૨૧૦૦૦ (૧૫૧૨૫) | ૯૪૯૮૦ (૧૧૮૭૨) |
| કુલ કુટુંબદીઠ ખર્ચ | ૮૦ | ૧૩૦૪૫૦ (૧૬૩૧) | ૧૪૧૦૦ (૧૭૬) | ૧૭૩૦૦ (૨૧૬) | ૪૫૦૦ (૫૬) | ૧૦૮૦૦ (૧૩૫) | ૧૭૭૧૫૦ (૨૨૧૪) | ૯૧૧૨૩૦ (૧૧૩૯૦) | ૭૩૪૦૮૦ (૯૧૭૬) |
| કુલ ખર્ચના ટકા | | ૭૩.૮ | ૮.૦ | ૯.૮ | ૨.૫ | ૬.૧ | ૧૦૦.૦ | | |

ધાનકાઓના દરેક વિસ્તારમાં ઉત્પાદન અને આવકનું પ્રમાણપત્ર એક સરખું નથી. ભરુચ વિસ્તારના ધાનકાઓ મહેનતુ હોઈ ગમે તે રીતે પરિસ્થિતિને પારખીને જીવન ગાળે છે. જ્યારે વડોદરા અને પંચમહાલના ધાનકાઓને ઉપર દર્શાવ્યા મુજબની આવક કરતાં તેમની આવકનું સ્તર ઘણું નીચું છે.

પ્રસ્તુત તપાસમાં આવરી લીધેલા નમૂનાના કુલ કુટુંબોની કુલ ચોખ્ખી આવક ૭,૩૪,૦૮૦ રૂા. જેટલી હતી. કુટુંબદીઠ વાર્ષિક આવક ૯,૧૭૬ અને માસિક આવક ૭,૬૪૦ રૂપિયાની હતી. જ્યારે માથાદીઠ વાર્ષિક સરેરાશ આવક ૧,૪૮૬ રૂા. અને માથાદીઠ માસિક આવક રૂા.૧૨૪ જેટલી હતી. એટલે કે ધાનકાઓના કુટુંબના કદ પ્રમાણે આ આવક જીવનનિર્વાહ પૂરતી ગણાતી પરંતુ માત્ર જીવન જીવવા જ જો મહેનત કરવાની હોય તો તે આર્થિક રીતે યોગ્ય ન લેખાય. આજે તો બીજા સમાજની હરોળમાં આવવા માટે અને ઉચ્ચ કક્ષાનું જીવન જીવવા માટે આટલી આવક પુરતી ન ગણાય. તેમની કુટુંબદીઠ અને માથાદીઠ આવકના સંદર્ભમાં ખર્ચ પણ તેઓ તે રીતે જ કરવા ટેવાયેલા છે. તેની વિગતો તેમના જીવન- જરૂરિયાતની ચીજવસ્તુઓ પાછળ થતા ખર્ચની માહિતી જોતાં સ્પષ્ટ જણાશે. એક દ્રષ્ટિએ જોતાં ધાનકાઓ થોડું કરકસરવાળું જીવન જીવતા હોય તેવું લાગે છે. તેનો ખ્યાલ તેમના વપરાશી ખર્ચના આંકડા તપાસતાં આવશે. અહીં નમૂનાના કુટુંબોની કુલ ચોખ્ખી આવકની વિગતો જમીનના કદ પ્રમાણે કુલ આવક, કુટુંબદીઠ વાર્ષિક, માસિક અને માથાદીઠ વાર્ષિક અને માસિકના સંદર્ભમાં જોઈએ.

## નમૂનાના કુટુંબોની જમીનના કદ પ્રમાણે (ચોખ્ખી) આવકનું પ્રમાણ :
## જમીનના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | વિગત | જમીન વગરના | ૦ થી ૨.૫ એકર | ૨.૬ થી ૫ એકર | ૫.૦ થી ૧૦ એકર | ૧૦ એકરથી ઉપર |
|---|---|---|---|---|---|---|
| ૧. | કુટુંબ સંખ્યા (કુલ સભ્યો) | ૧૧ (૪૯) | ૨૯ (૧૬૮) | ૨૦ (૧૨૫) | ૧૨ (૮૨) | ૮ (૭૦) |
| ૨. | કુલ ચોખ્ખી આવક | ૭૨૩૧૫ (૬૫૭૫) | ૨૪૧૨૫૦ (૮૩૧૮) | ૧૬૯૬૦૫ (૮૪૮૦) | ૧૫૫૯૩૦ (૧૨૯૯૫) | ૯૪૯૮૦ (૧૧૮૭૨) |
| ૩. | કુટુંબદીઠ વાર્ષિક | ૬૫૦૫ | ૮૩૧૮ | ૮૪૮૦ | ૧૨૯૯૫ | ૧૧૮૭૨ |
| ૪. | કુટુંબદીઠ માસિક | ૫૪૮ | ૬૯૩ | ૭૦૭ | ૧૦૮૨ | ૯૮૯ |
| ૫. | માથાદીઠ વાર્ષિક | ૧૪૭૫ | ૧૪૩૬ | ૧૩૫૬ | ૧૯૦૨ | ૧૫૩૬ |
| ૬. | માથાદીઠ માસિક | ૧૨૩ | ૧૨૦ | ૧૧૩ | ૧૫૮ | ૧૧૩ |

ઉપરના કોઠામાં જમીનના કદ પ્રમાણે ચોખ્ખી આવકનું પ્રમાણ જોવા મળ્યું વપરાશી વસ્તુઓ પાછળ કુલ કેટલું ખર્ચ થાય છે તે જોઈએ.

**વપરાશી ખર્ચ :**

નમૂનાના કુટુંબોનું જમીનના કદ પ્રમાણે જુદી જુદી જીવન જરૂરિયાતોની ચીજવસ્તુની પાછળ કેટલું ખર્ચ થાય છે તેની વિગતવાર નોંધ વપરાશી ખર્ચના કોઠામાં દર્શાવી છે.

નમૂનાના કુટુંબોને કુલ ખર્ચના ૪૩.૫૮ ટકા ખર્ચ અનાજ, કઠોળ, જેમાં જુવાર, મકાઈ, તુવેર, દાળ, વાલદાળ અને ચોખા તેમજ અન્ય ખાદ્ય અનાજ પાછળ થતો હતો. જયારે કુલ ખર્ચના ૧૪.૦ ટકા ખર્ચ કપડાં પાછળ થતો હતો. એટલે કે મોટાભાગનો ખર્ચ જીવન જરૂરિયાતની મુખ્ય બે ચીજો પાછળ અનાજ-કપડાં પાછળ થતો હોવાથી કુલ આવકના ૪૨.૭૪ ટકા આવકને અનાજ-કપડાં પાછળ જ ખર્ચાઈ જતી હતી. જયારે શાકભાજી અને ફળફળાદિ પાછળ ૪.૮ ટકા, દૂધ-ઘી પાછળ ૪.૯ ટકા, ખાંડ-ગોળ પાછળ ૪.૧ ટકા, ચ્હા-કોફી પાછળ ૧.૯ ટકા, તેલનું ખર્ચ ૫.૭ ટકા, ગરમ મસાલાનું ૨.૫ ટકા ખર્ચ, તમાકુ-બીડી પાછળ ૨.૨ ટકા ખર્ચ, બળતણ-વીજળી પાછળ ૫.૬ ટકા ખર્ચ, મુસાફરી પાછળ ૪.૮ ટકા ખર્ચ, શિક્ષણ પાછળ ૧.૪ ટકા ખર્ચ અને દવાદારૂ પાછળ ૨.૮ ટકા ખર્ચ, જયારે સામાજિક અને ધાર્મિક સેવાઓ પાછળ ૧.૮ ટકા ખર્ચ થતું હતું. ધાનકાઓના નમૂનાના કુલ કુટુંબોનું કુલ ૬,૮૧૨ રૂા. જેટલું વાર્ષિક સરેરાશ ખર્ચ થતું હતું.

**અનાજ-કઠોળ :**

નમૂનાના દરેક કુટુંબોને અનાજમાં ઘઉં, ચોખા, જુવાર, મકાઈ જેવી મોટાભાગની ખાદ્ય અનાજ અને તુવેરદાળ-મગદાળ, ચોખા જેવા કઠોળની ખરીદી મોટે ભાગે સ્થાનિક દુકાનો અને તાલુકા મથકેથી કરવી પડતી હોય છે. અનાજ-કઠોળ એ છેલ્લા ત્રણ અછતના વર્ષોના કારણે મોટાભાગના કુટુંબોને રોકડમાં જ ખરીદી કરવી પડતી હતી. કુટુંબદીઠ વાર્ષિક અનાજ કઠોળનો વપરાશ ૨,૯૬૬ રૂા.નો હતો.

**શાકભાજી-ફળફળાદિ :**

નમૂનાના કુટુંબોમાં બટાટા-કાંદા અને લીલાં શાકભાજીનો ઉપયોગ વપરાશમાં કરતા હતા. ખાસ કરીને બટાટા-કાંદા વિશેષ વાપરતા જોવા મળ્યા હતા. કુટુંબદીઠ શાકભાજી પાછળનો વાર્ષિક ખર્ચ રૂા.૩૨૪ જેટલો હતો.

**દૂધ-ઘી :**

ધાનકાઓમાં દૂધાળાં પશુધનની સંખ્યા ઘણી ઓછી જોવા મળી હતી. જેઓની પાસે દૂધાળાં ઢોર-ગાય-ભેંસ હતાં. તેઓ દૂધનો ઉપયોગ ઘેર ખાવામાં અને ચ્હા બનાવવામાં ઉપયોગમાં લેતા હતા. થોડું ઘણું વધારાનું દૂધ ગામમાં રહેતા સરકારી કર્મચારીગણને વેચીને પૂરક આવક મેળવતા. કેટલાક કુટુંબો વલોણું પણ કરતા હતા અને ઘીનો ઉપયોગ ખાવા માટે કરતા. દૂધ-ઘી પાછળ સરેરાશ ૩૩૨ રૂા. જેટલો કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ હતો.

**ખાંડ-ગોળ :**

નમૂનાના કુટુંબો ચ્હાનો વિશેષ ઉપયોગ કરતા હતા. ચ્હા માટે ખાંડ અને ગોળનો ઉપયોગ કરતા હતા. દાળ-શાક માટે પણ ગોળનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા. કુટુંબદીઠ ખાંડગોળ પાછળ વાર્ષિક સરેરાશ ૨૭૯ રૂા. જેટલો ખર્ચ થતો હતો.

**તેલ :**

નમૂનાના કુટુંબોમાંથી કેટલોક નોકરિયાત વર્ગ પણ હતો. નોકરી કરનાર અને આર્થિક રીતે સધ્ધર હોય તેવા કુટુંબોમાં માસિક ચાર થી પાંચ કિલો તેલ વપરાતું હતું. જેમાં પામોલીન તેલનો ઉપયોગ વિશેષ કરતા. સામાન્ય કુટુંબોમાં પણ તેલનો વપરાશ દાળ-શાકના વઘાર માટે કરતાં હતાં. તેલ પાછળ કુટુંબદીઠ વાર્ષિક સરેરાશ રૂા.૩૮૮ જેટલો ખર્ચ થતો હતો.

**ચ્હા-કોફી :**

ધાનકાઓમાં ૭૦ થી ૮૦ ટકા કુટુંબોમાં ચ્હાની વપરાશ જોવા મળી હતી. ચ્હા-કોફી એ મહેમાનની આગતા-સ્વાગતા માટે પણ બનાવવામાં આવતી હતી. નમૂનાના દરેક કુટુંબોને વાર્ષિક ૧૨૭ રૂા. જેટલો ખર્ચ ચ્હા-કોફી પાછળ થતો હતો.

**ગરમમસાલા :**

નમૂનાના દરેક કુટુંબો દાળ-શાકના વઘાર માટે મરી, મરચાં, ધાણા અને હળદરનો ઉપયોગ કરતા હતાં. ગરમ મસાલા પાછળ નમૂનાના દરેક કુટુંબોને વાર્ષિક ૧૭૦ રૂા. જેટલો ખર્ચ થતો હતો. કેટલાક કુટુંબોમાં ઘણીવાર મરચાની ચટણી રોટલા સાથે ઉપયોગમાં લેતા હોઈ મરચાં પાછળ વિશેષ ખર્ચ થતો હતો.

**તમાકુ-બીડી :**

નમૂનાના દરેક કુટુંબોમાં વડીલો અને આજુબાજુ કામ પર જતા યુવાનો તમાકુનો ઉપયોગ હાથવણાટની બીડીમાં કરતા જોવા મળ્યા હતા. ખાસ કરીને બીડીનો વપરાશ વધુ જોવા મળ્યો હતો. દરેક કુટુંબોને તમાકુ-બીડીનું વાર્ષિક કુટુંબદીઠ સરેરાશ ૧૫૨ રૂા. જેટલું ખર્ચ થતું હતું. તમાકુતો દુકાનેથી વેચાતી લેવામાં આવતી. તૈયાર બીડીનો ઉપયોગ નહિવત હતા.

**બળતણ-વીજળી :**

નમૂનાના કુટુંબોને ખાદ્ય અનાજ બાફીને તૈયાર કરવા માટે અવારનવાર લાકડાં (બળતણ)ની ખાસ જરૂર ઊભી થતી. કેટલાક કુટુંબો જંગલમાંથી લાવતા તો કેટલાક વેચાતાં પણ લેતા હતા.

કેટલાક કુટુંબોમાં વીજળીની પણ સુવિધા હતી. નમૂનાના દરેક કુટુંબોને કુટુંબદીઠ બળતણ વીજળી પાછળ સરેરાશ વાર્ષિક ૩૮૧ રૂા. જેટલો ખર્ચ થતો હતો.

**મુસાફરી :**

નમૂનાના દરેક કુટુંબોને ઘરના કોઈને કોઈ કામે તાલુકા મથકે, મજૂરી માટે બહાર જવાનું થતું અને બહાર આવવા જવા માટે ભાડાનો ખર્ચ થતો હતો. નમૂનાના દરેક કુટુંબોને કુટુંબદીઠ ૩૩૦ રૂા. જેટલો વાર્ષિક મુસાફરીનો પણ ખર્ચ થતો હતો. નર્મદા પ્રોજેક્ટ પર કોન્ટ્રાકટના કામે જનારા મજૂરોને આવવા જવાનો ખર્ચ થતો ન હતો. કેટલાક પોતાની સાયકલ પર પણ મજૂરીએ જતા અને સાંજે પરત ફરતા હતા.

**કપડાં-પગરખાં :**

કપડાં એ માનવ સમાજમાં શરીરનાં અંગો ઢાંકવા માટેનું મુખ્ય સાધન છે. કપડાં પગરખાં એ માનવીની અનાજ-પાણી રહેઠાણની સાથેની મુખ્ય જરૂરિયાત છે. નમૂનાના દરેક કુટુંબોને કપડાં પગરખાં પાછળ અનાજ-કઠોળ પછી સૌથી વિશેષ ખર્ચ કપડાં પગરખાંનું હતું. કપડાં-પગરખાં પાછળ નમૂનાના કુટુંબોને કુટુંબદીઠ સરેરાશ ૯૫૬ રૂા. વાર્ષિક ખર્ચ થતો હતો.

**શિક્ષણ :**

ધાનકાઓમાં શિક્ષણનું પ્રમાણ હજુ ઘણું ઓછું છે. તેમાંય સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ છે. શિક્ષણ પાછળનું વાર્ષિક કુટુંબદીઠ સરેરાશ ખર્ચ માત્ર ૯૩ રૂા. નું જ હતું. આ ઉપરથી જ કહી શકાય કે કુટુંબમાં કેટલા વ્યક્તિઓ ભણતા હશે અને ભણેલાં પણ હશે.

**દવાદારૂ :**

ધાનકાઓ એકંદરે શરીરે ખડતલ, મજબૂત બાંધાના અને મજૂરી પર નિર્ભર હોવાથી તેમનું શરીર કસાયેલું રહે છે અને કોઈ મોટી માંદગી જેવું ભાગ્યે જ આવે છે. તેમ છતાં નાના બાળકોના અને વૃધ્ધોની દવા પાછળ દરેક કુટુંબોને સરેરાશ વાર્ષિક ૧૯૨ રૂા. જેટલો ખર્ચ થતો હતો. તેમાં નાના બાળકોના આરોગ્ય અંગે અને સ્ત્રીઓની દવા પાછળ વધુ ખર્ચ થતો હતો. ધાનકાઓમાં દારૂનો ઉપયોગ ભાગ્યે જ જોવા મળે છે. ભરૂચ જિલ્લાના આ નમૂનાના વિસ્તારના કુલ ૮૦ ગામોમાં ભાગ્યે જ દારૂ પીવાય છે. વડોદરા અને પંચમહાલના ધાનકાઓમાં દારૂનું પ્રમાણ થોડું વધારે જોવા મળે છે.

**સામાજિક અને ધાર્મિક સેવાઓ :**

નમૂનાના કુટુંબોને ગામમાં લગ્નપ્રસંગ કે વાર-તહેવારના દિવસે સામાજિક-વ્યવહાર સાચવવા અમુક ખર્ચ કરવો પડતો હોય છે. દરેક સમાજમાં આ સામાન્ય બાબત છે. સામાજિક સેવાઓ અને ધાર્મિક બાબતો પાછળ વર્ષે દહાડે નમૂનાના દરેક કુટુંબોને કુટુંબદીઠ વાર્ષિક સરેરાશ ૧૨૦ રૂા. જેટલો ખર્ચ થતો હતો.

## નમૂનાના કુટુંબોનું કુલ વપરાશી ખર્ચ

| ક્રમ | કુટુંબ સંખ્યા | અનાજ કઠોળ | શાકભાજી ફળફળાદિ | દૂધ-ઘી | ખાંડ-ગોળ | ચ્હા-કોફી | તેલ | ગરમ મસાલા | તમાકુ બીડી | બળતણ વીજળી | મુસાફરી | કપડાં પગરખાં | શિક્ષણ | દવાદારૂ | સામાજિક ધાર્મિક સેવાઓ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૧ | ૨૧૦૧૦ | ૩૧૨૫ | ૩૨૩૦ | ૨૩૫૦ | ૧૨૧૦ | ૩૦૩૦ | ૧૫૨૦ | ૧૪૯૫ | ૩૧૭૦ | ૩૧૮૫ | ૭૦૯૦ | ૯૩૦ | ૧૮૫૫ | ૧૨૫૦ | ૫૪૪૫૦ (૪૯૫૦) |
| ૨. | ૨૯ | ૮૦૮૫૦ | ૮૪૭૦ | ૮૨૩૦ | ૭૮૩૦ | ૩૫૯૦ | ૯૫૦૦ | ૪૯૮૦ | ૩૭૮૦ | ૧૦૧૫૦ | ૮૮૩૫ | ૨૪૭૮૦ | ૨૯૧૦ | ૫૨૭૦ | ૩૦૩૦ | ૧૮૨૨૦૫ (૬૨૮૩) |
| ૩. | ૨૦ | ૬૨૯૪૦ | ૬૬૯૦ | ૬૮૩૦ | ૬૨૩૦ | ૨૮૨૦ | ૭૯૬૦ | ૩૩૧૦ | ૨૯૫૫ | ૮૦૮૦ | ૬૪૫૦ | ૨૧૦૧૦ | ૧૫૩૦ | ૪૨૧૦ | ૨૧૭૦ | ૧૪૩૧૮૫ (૭૧૫૯) |
| ૪. | ૧૨ | ૪૧૬૫૦ | ૪૩૯૦ | ૪૪૫૦ | ૩૩૫૦ | ૧૪૮૫ | ૫૮૮૦ | ૨૧૫૦ | ૨૩૯૦ | ૪૪૨૦ | ૩૯૩૦ | ૧૨૯૬૫ | ૧૨૩૦ | ૨૨૩૦ | ૧૬૭૦ | ૯૨૧૯૦ (૭૬૮૨) |
| ૫ | ૮ | ૩૦૮૫૦ | ૩૨૬૦ | ૩૮૦૦ | ૨૫૫૦ | ૧૦૮૫ | ૪૭૨૦ | ૧૬૫૦ | ૧૫૧૦ | ૪૬૮૦ | ૩૯૭૦ | ૧૦૬૭૦ | ૮૭૦ | ૧૮૦૦ | ૧૫૨૦ | ૭૨૯૩૫ (૯૧૧૭) |
| કુલ<br>કુલ ખર્ચના ટકા | ૮૦ | ૨૩૭૩૦૦<br>(૨૯૬૬)<br>૪૩.૫ | ૨૫૯૩૫<br>(૩૨૪)<br>૪.૮ | ૨૬૫૪૦<br>(૩૩૨)<br>૪.૯ | ૨૨૩૧૦<br>(૨૭૯)<br>૪.૧ | ૧૦૧૯૦<br>(૧૨૭)<br>૧.૯ | ૩૧૦૯૦<br>(૩૮૮)<br>૫.૭ | ૧૩૬૧૦<br>(૧૭૦)<br>૨.૫ | ૧૨૧૩૦<br>(૧૫૨)<br>૨.૨ | ૩૦૫૦૦<br>(૩૮૧)<br>૫.૬ | ૨૬૩૭૦<br>(૩૩૦)<br>૪.૮ | ૭૬૫૧૫<br>(૯૫૬)<br>૧૪.૦ | ૭૪૭૦<br>(૯૩)<br>૧.૪ | ૧૫૩૬૫<br>(૧૯૨)<br>૨.૮ | ૯૬૪૦<br>(૧૨૦)<br>૧.૮ | ૫૪૪૯૬૫<br>(૬૮૧૨)<br>(૧૦૦.૦) |

ઉપરના કોઠામાં નમૂનાના કુટુંબોના વપરાશી ખર્ચની વિગતો દર્શાવી છે. કોઠામાં જોતાં સ્પષ્ટ થાય છે કે જમીનવાળા અને જમીન વગરના કુટુંબોના વપરાશી ખર્ચની માત્રામાં ઘણો મોટો ફેરફાર જોવા મળે છે.

નમૂનાના કુલ કુટુંબોમાંથી જમીન વગરના ૧૧ કુટુંબોનો કુલ વપરાશી ખર્ચ ૫૪,૪૫૦ રૂા. હતો. કુટુંબદીઠ આ ખર્ચ ૪,૯૫૦ રૂા. જેટલો હતો.

૦ થી ૨.૫ એકર સુધીની જમીન ધરાવતા ૨૯ કુટુંબોની કુલ ખર્ચ ૧,૮૨,૨૫૦ રૂા. જેટલો હતો. કુટુંબદીઠ આ વપરાશી ખર્ચ રૂા.૬,૨૮૩ જેટલી હતો.

૨.૫ થી ૫.૦ એકર સુધીની જમીન ધરાવનાર ૨૦ કુટુંબોનો કુલ વપરાશી ખર્ચ ૧,૪૩,૧૮૫ રૂા. હતો. કુટુંબદીઠ સરેરાશ ખર્ચ ૭,૧૫૯ રૂા. જેટલો થતો હતો.

૫.૦ થી ૧૦.૦૦ એકર સુધીની જમીન ધરાવતા વર્ગનો કુલ વપરાશી ખર્ચ, ૧૨ કુટુંબોનો ૯૨,૧૯૦ રૂા. હતો. કુટુંબદીઠ આ ખર્ચ ૭,૬૮૨ રૂા. જેટલો થતો હતો.

જ્યારે ૧૦.૦૦ એકરથી ઉપરની અને વધુ જમીન ધરાવતા કુલ ૮ કુટુંબોનો કુલ ખર્ચ ૭૨,૯૩૫ રૂા. જેટલો હતો. એટલે કે કુટુંબદીઠ વાર્ષિક સરેરાશ ખર્ચ ૯,૧૧૭ રૂા. જેટલો થતો હતો.

નમૂનાનાં કુલ કુટુંબોનો વાર્ષિક વપરાશી ખર્ચ ૬,૮૧૨ રૂા. હતો. જ્યારે માસિક વપરાશી ખર્ચ સરેરાશ ૫૬૮ રૂા.નો હતો. કુટુંબોની સભ્ય સંખ્યાને ધ્યાનમાં લેતાં માથાદીઠ કુલ વાર્ષિક વપરાશી ખર્ચ ૧,૧૦૩ રૂા. થતો હતો, જ્યારે માથાદીઠ માસિક ૯૨ રૂા. જેટલો ખર્ચ થતો હતો.

નમૂનાનાં કુટુંબોને પ્રાપ્ત થતી કુલ આવકનું પ્રમાણ કુટુંબદીઠ વાર્ષિક ૯,૧૭૬ રૂા. હતું. જ્યારે ખર્ચનું પ્રમાણ ૬,૮૧૨ રૂા. નું હતું. એટલે કે કુલ ચોખ્ખી આવકના ૭૪.૨૩ ટકા આવક વપરાશી ખર્ચમાં જતી, જ્યારે બચતનું પ્રમાણ ૨૫.૭૭ ટકા હતું. એટલે કે ત્રણ ભાગની આવક ખાધા-ખોરાકી અને અન્ય વપરાશી ચીજો પાછળ ખર્ચાઈ જતી હતી. ૨૫.૭૭ ટકા લગભગ એક ભાગની બચત રહેતી. તેમાં સામાજિક પ્રસંગો, ઘર બાંધકામ અને ખેતી વિકાસના કામો કરવાનાં રહેતાં.

નમૂનાના કુટુંબોને પ્રાપ્ત થતી આવક ખર્ચની તુલના જોઈએ તો.

| | કુલ આવક | કુલ ખર્ચ |
|---|---|---|
| કુલ કુટુંબો | ૮૦ | ૮૦ |
| કુલ સભ્યો | ૪૯૪ | ૪૯૪ |
| કુલ આવક ખર્ચ | ૭,૩૪,૦૮૦ | ૫,૪૪,૯૬૫ |
| કુટુંબદીઠ વાર્ષિક | ૯,૧૭૬ | ૬,૮૧૨ |
| કુટુંબદીઠ માસિક | ૭૬૫ | ૫૬૮ |
| માથાદીઠ વાર્ષિક | ૧,૪૮૬ | ૧,૧૦૩ |
| માથાદીઠ માસિક | ૧૨૪ | ૯૨ |

કોઠામાં દર્શાવ્યા મુજબ દરેક કુટુંબના ખર્ચની વિગતો જોતાં આવક કરતાં ઓછું ખર્ચ હતું. એટલે કે માસિક સરેરાશ લગભગ રૂ.૩૨ જેટલી બચત કરી શકતાં. પરંતુ આવક-ખર્ચની દ્રષ્ટિએ ગરીબાઈની રેખા ઉપર કોઈ જીવન ગુજારતું ન હતું. અહીં થોડાક કુટુંબોમાં નોકરીયાત વર્ગ અને જમીનની સારી ઉતપાદકતાને લીધે થોડી બચત દેખાય છે. પરંતુ આ બચત એ બચત નથી. નમૂનાના કુટુંબોને પોતાનો મકાન બાંધકામ માટે, મકાનનું સમારકામ કરવા માટે, સામાજિક પ્રસંગો ઉજવવા માટે દેવું કરવાની ફરજ પડી હતી. જેની વિગતો દેવાની વિગત દર્શાવતા કોઠામાં દર્શાવી છે.

**દેવું :**

ધાનકા જાતિના પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરેલા વિસ્તારના નમૂનાના બંને ગામોના કુલ ૮૦ કુટુંબો પાસેથી દેવા વિષયક માહિતી મેળવવામાં આવી હતી. નમૂનાના કુલ કુટુંબોમાંથી ૫૦ ટકા કુટુંબો દેવાદાર હતા. જેમણે શાહુકાર-વેપારી, સરકાર, સહકારી મંડળી, બેંક અને સગાસંબંધીઓ પાસેથી રોકડ રકમ લઈ દેવુ કર્યું હતું. અપૂરતી આવક અને ખેતી તેમજ અન્ય ખર્ચા વધતાં તેમને દેવું કરવાની ફરજ પડી હતી. કુલ દેવાદાર કુટુંબોના સંદર્ભમાં દેવાદાર કુટુંબદીઠ રૂ.૩,૧૪૬ જેટલું દેવું દરેક કુટુંબને હતું. જેની વિગતો કોઠામાં જોઈ શકાય છે.

આગળ કોઠામાં દર્શાવેલી દેવાની વિગતો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે કે, દેવાદાર કુટુંબોને કુલ

કુટુંબદીઠ ૩,૧૪૬ રૂા. દેવું હતું. તેમણે કુલ દેવાના ૧૪.૪ ટકા રકમ શાહુકાર પાસેથી, ૨૯.૪ ટકા રકમ સરકાર પાસેથી, ૨૬.૦ ટકા રકમ સહકારી મંડળીમાંથી, ૨૪.૬ ટકા રકમ બેંક પાસેથી અને ૫.૬ ટકા રકમ સગાંસંબંધી પાસેથી મેળવી હતી.

અર્થાત: ધાનકાઓને સરકારી, સહકારી મંડળીઓનું અને બેંકનું દેવું વિશેષ હતું. જયારે શાહુકાર અને સગાસંબંધીઓનું દેવું ઓછું હતું.

ધાનકાઓ ધીરે ધીરે સરકારના વિકાસ કાર્યક્રમોનો લાભ લેતા થયા હોય તેવું પણ લાગે છે. જયારે શાહુકારોની પકડમાંથી મુક્ત થયા છે તે સ્પષ્ટ થાય છે.

(૧) જમીનના કદ પ્રમાણે દેવાદાર કુટુંબોની વિગતો તપાસીએ તો જમીન વગરના કુલ ૧૧ કુટુંબોને જ દેવું કરવું પડ્યું હતું અને આ દેવું ચાલુ ઘરખર્ચ માટે કરેલું હતું તે પણ શાહુકાર / વેપારીનું જોવા મળ્યું હતું.

અર્થાત જે કુટુંબો ખેતમજૂરી અને અન્ય મજૂરી પર નિર્ભર છે તેમને સરકારી યોજનાઓના વિકાસના લાભો પ્રાપ્ત ન થતાં, એકલી મજૂરી પર નિર્ભર રહેવું પડતું અને મજૂરીમાંથી જીવનનિર્વાહ પૂરતું મેળવી ન શકવાથી તેમને સ્થાનિક વેપારીઓનો આશરો લેવા પડતો હતો.

## દેવાની વિગતો દર્શાવતો કોઠો

| ક્રમ | કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબ | દેવું કોની પાસેથી ? | | સહકારી મંડળી | બેંક | સગાંઓ | કુલ | દેવાદાર કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | શાહુકાર | સરકાર | | | | | |
| ૧. | ૧૧ | ૪ | ૨૭૩૦ | - | - | - | - | ૨૭૩૦ | ૬૮૩ |
| ૨. | ૨૯ | ૧૩ | ૪૨૦૦ | ૨૬૦૦૦ | ૩૧૦૦ | ૩૫૦૦ | - | ૩૬૮૦૦ | ૨૮૩૧ |
| ૩. | ૨૦ | ૧૨ | ૮૦૦૦ | ૬૦૦૦ | ૫૪૫૦ | ૧૫૦૦ | ૭૦૦૦ | ૨૭૯૫૦ | ૨૩૨૯ |
| ૪. | ૧૨ | ૫ | ૧૭૫૦ | - | ૫૦૦૦ | ૧૦૦૦ | - | ૭૭૫૦ | ૧૫૫૦ |
| ૫. | ૮ | ૬ | ૧૪૦૦ | ૫૦૦૦ | ૧૯૨૦૦ | ૨૫૦૦૦ | - | ૫૦૬૦૦ | ૮૪૩૩ |
| કુલ | ૮૦ | ૪૦ | ૧૮૦૮૦ | ૩૭૦૦૦ | ૩૨૭૫૦ | ૩૧૦૦૦ | ૭૦૦૦ | ૧૨૫૮૩૦ | ૩૧૪૬ |
| દેવાદાર કુટુંબદીઠ દેવું | | | ૪૫૨ | ૯૨૫ | ૮૧૯ | ૭૭૫ | ૧૭૫ | ૩૧૪૬ | |
| ટકા | | (૫૦.૦) | ૧૪.૪ | ૨૯.૪ | ૨૬.૦ | ૨૪.૬ | ૫.૬ | ૧૦૦.૦ | |

(૨) ૦ થી ૨.૫ એકર સુધીની જમીનવાળાં કુલ ૨૯ કુટુંબો હતાં. તેમાંથી ૧૩ કુટુંબો દેવાદાર હતાં. તેમને પણ શાહુકાર-વેપારી સરકાર, બેંક-સગાસંબંધી અને સહકારી મંડળીનું બધુ મળીને કુલ ૩૬,૮૦૦ રૂા. દેવું હતું. દેવાદાર કુટુંબદીઠ આ દેવું ૨,૮૩૧ રૂા. જેટલું હતું.

(૩) ૨.૫ થી ૫.૦ એકર સુધીની જમીન ધરાવતા ૨૦ કુટુંબોમાંથી ૧૨ કુટુંબો દેવાદાર હતા. તેમને બધું મળીને ૨૭,૯૫૦ રૂા. દેવું હતું. દેવાદાર કુટુંબદીઠ આ દેવાનું પ્રમાણ ૨,૩૨૯ રૂા. જેટલું થતું હતું.

(૪) ૫.૦ થી ૧૦.૦ એકર સુધીની જમીન ધરાવતા ૧૨ કુટુંબોમાંથી ૫ કુટુંબોને સરકાર અને સગાંસંબંધી સિવાય ૭,૭૫૦ રૂા. જેટલું દેવું હતું. દેવાદાર કુટુંબદીઠ દેવું ૧,૫૫૦ રૂા. જેટલું હતું.

(૫) જયારે ૧૦.૦ એકરથી વધારે જમીન ધરાવનાર ૮ કુટુંબોમાંથી ૬ કુટુંબોને સગાંસંબંધી સિવાય દરેકનું કુલ ૫૦,૬૦૦ રૂા. દેવું હતું. એટલે કે દેવાદાર કુટુંબદીઠ દેવું રૂા.૮,૪૩૩ જેટલું હતું. જેઓએ મોટેભાગે નીચેના હેતુઓ માટેના ખર્ચ પહોંચી વળવા દેવું કર્યું હતું :

(૧) જમીન વગરના દેવાદાર કુટુંબોને ઘરખર્ચને પહોંચી વળવા કપડાંની ખરીદી કરવા માટે દેવું કરવું પડ્યું હતું.

(૨) જમીનવાળા દરેક કુટુંબોને ખેતીનાં સાધનો, બિયારણ, ઓઈલ એન્જિન, કૂવા માટે, ઈલેકટ્રિક મોટરની ખરીદી માટે દેવું કર્યું હતું.

(૩) કેટલાક કુટુંબોએ સામાજિક ખર્ચને પહોંચી વળવા માટે દેવું કરવાની ફરજ પડી હતી.

(૪) એક કુટુંબે સિંચાઈ માટેની સુવિધા મેળવવા ઈલેકટ્રિક મોટરની ખરીદી માટે દેવું કર્યું હતું.

(૫) બહુ થોડા કુટુંબોએ મકાન બાંધકામ અને સમારકામના હેતુ માટે દેવું કર્યું હતું.

ટૂંકમાં જમીનવાળા કુટુંબોમાંથી ૫૦% ઉપરાંતના કુટુંબો દેવાદાર હતા. તેમણે પોતાના આર્થિક વિકાસ માટે જ દેવું કર્યું હતું. જયારે જમીન વગરના કુટુંબોને જીવન-જરૂરિયાતની ચીજ-વસ્તુઓ અને વપરાશી ખર્ચને પહોંચી વળવા દેવું કરવાની ફરજ પડી હતી.

**છેલ્લા ૧૦ વર્ષમાં કરેલ મૂડીરોકાણ :**

નમૂનાના કુટુંબો પાસેથી છેલ્લા દસ વર્ષમાં કોઈ મોટું મૂડી રોકાણ કર્યું હોય તો તેની વિગતો પણ

એકત્રિત કરવામાં આવી હતી. જેમાં મકાન બાંધકામ, મકાન સમારકામ, જમીન સુધારણા, નવી જમીનની ખરીદી, ઢોર ખરીદી, કૂવા માટે, સિંચાઈ માટેના સાધનોની ખરીદી કે અન્ય જે કંઈ મોટું ખર્ચ કર્યું હોય તો તેની માહિતી મેળવી હતી.

નમૂનાનાં કુલ કુટુંબો પાસેથી મળેલ માહિતી અનુસાર કુલ ૮૦ કુટુંબોમાંથી માત્ર ૧૩ કુટુંબો એટલે કે ૧૬.૨ ટકા કુટુંબો જ નાનું-મોટું મૂડી રોકાણ કર્યું હતું. દરેક મૂડી રોકાણ કરેલ કુટુંબદીઠ મૂડીરોકાણ રૂા.૭,૫૭૦ જેટલું હતું.

કોઠામાં દર્શાવ્યા મુજબ મૂડી રોકાણની વિગતો જોઈએ તો જમીન વગરના ૧૧ કુટુંબોમાંથી કોઈ કુટુંબે મૂડી રોકાણ કરેલ ન હતું.

**છેલ્લા ૧૦ વર્ષમાં કરેલ મૂડીરોકાણ-ખર્ચ**

| ક્રમ નં. | કુટુંબ સંખ્યા | મૂડીરોકાણ કરનાર કુટુંબ | કરેલ મૂડી રોકાણ | મૂડી રેકાણનો હેતુ |
|---|---|---|---|---|
| ૧. | ૧૧ | - | - | |
| ૨. | ૨૯ | ૨ | ૧૦,૫૦૦ | અનાજ દળવાની ઘંટી |
| ૩ | ૨૦ | ૫ | ૩૭,૯૦૦ | ઢોરખરીદી, ઓઈલ એન્જિન |
| ૪ | ૧૨ | ૪ | ૩૮,૦૦૦ | મકાન બાંધકામ, સામાજિક |
| ૫ | ૮ | ૨ | ૧૨,૦૦૦ | જમીન સુધારણા-મકાન બાંધકામ |
| કુલ | ૮૦ | ૧૩ (૧૬.૨) | ૯૮,૪૦૦ | |

મૂડી રોકાણ કરનાર કુટુંબદીઠ મૂડી રોકાણ ૭,૫૭૦

૦ થી ૨.૫ એકર સુધીની જમીન ધરાવતા ૨૯ કુટુંબોમાંથી ૨ કુટુંબોને અનાજ દળવાની ઘંટી અને એક કુટુંબે મકાન બાંધકામ માટે મૂડી રોકાણ કર્યું હતું.

૨.૫ થી ૫.૦ એકર સુધીની જમીન ધરાવનાર ૨૦ કુટુંબોમાંથી ૫ કુટુંબોએ ઢોર ખરીદી અને ઓઈલ એન્જિનની ખરીદી માટે દેવું કર્યું હતું. જેમાં બળદ-ભેંસ નો સમાવેશ થાય છે.

૫.૦ એકરથી ૧૦.૦ એકર સુધીનીજમીન ધરાવતા ૧૨ કુટુંબોમાંથી ૪ કુટુંબોએ મકાન બાંધકામ અને સામાજિક ખર્ચને માટે મૂડી રોકાણ કર્યું હતું.

૧૦.૦ થી ઉપરની જમીન ધરાવતા કુલ ૮ કુટુંબોમાંથી ૨ કુટુંબોએ જમીન સુધારણા અને મકાન બાંધકામ માટે મૂડીરોકાણ કર્યું હતું.

અર્થાત્ નમૂનાના કુટુંબોમાંથી મૂડીરોકાણ કરનાર દરેક કુટુંબોએ ઉત્પાદકીય હેતુ માટે મૂડી રોકાણ કરેલ હતું.

મૂડીરોકાણ કરનાર દરેક કુટુંબે આગળની સ્વયં બચતમાંથી ચાર વર્ષ પહેલાં આ ખર્ચ કરેલ હતું. જેમાં સરકારી લોન અને સહકારી મંડળીના ધિરાણનો પણ સમાવેશ થાય છે.

ઉપર મુજબ ધાનકાઓની અર્થવ્યવસ્થાને જોયા પછી, તેમની આવક-ખર્ચની વિગતોને ધ્યાનમાં લીધા પછી જયાં સુધી તેમની અસ્કયામતને ગણતરીમાં ન લઈએ ત્યાં સુધી તેમની અર્થરચના સમજી શકાતી નથી. તેમની આર્થિક સંરચનાને સમજવા તેઓ પોતાની કઈ કઈ વસ્તુઓને પોતાની અસ્કયામત તરીકે ગણાવે છે. તે સમજવું આવશ્યક છે. દરેક સમાજમાં દરેકની આગવી અર્થવ્યવસ્થા તો હોય જ છે અને આ અર્થવ્યવસ્થામાં મિલ્કતની ધારણા મહત્વપૂર્ણ રહે છે. મનુષ્ય પોતાની દૈનિક આવશ્યકતાઓની પૂર્તિ જે સાધનો વડે કરે છે, તેને તે મિલ્કતની અંદર સામેલ કરી દે છે.

અહીં આપણે સંપત્તિ યા મિલ્કતનો અર્થ બે પ્રકારો ગણીએ છીએ. સ્થાવર મિલ્કત અને જંગમ મિલ્કત. સ્થાવર મિલ્કતમાં પ્રાકૃતિક તથા માનવનિર્મિત વસ્તુઓનો સમાવેશ થાય છે. જયારે જંગમ મિલકતમાં માનવસર્જીત વસ્તુઓનો સમાવેશ થાય છે. જેમાં જમીન, મકાન, પશુ, હથિયારો, ઓજારો, ઘરેણાં વગેરેનો સમાવેશ થાય છે. જેની વિગતો કોઠામાં દર્શાવી છે.

**કુલ અસ્કયામતની કિંમત :**

નમૂનાના કુટુંબોની અસ્કયામતમાં સમાવિષ્ટ કરેલી જમીન, ઘર, ઝાડ, પશુધન, ખેતસાધનો, ઓજારો, ઘરવખરી, ઘરેણાં, વાસણો અને ફર્નિચર તેમજ શેર અનામતની અસ્કયામતની કુલ કિંમત ૨૭,૨૭,૦૪૦ જેટલી થતી હતી. કુટુંબદીઠ આ અસ્કયામતનું પ્રમાણ ૩૨,૧૫૧ રૂા. જેટલું હતું. જેમાં કુલ અસ્કયામતની કિંમતના ૫૧.૮ ટકા અસ્કયામત તો જમીનના રૂપમાં હતી. ૨૪.૪ ટકા અસ્કયામત મકાનના સ્વરૂપમાં, ૮.૫ ટકા અસ્કયામત પશુધનના રૂપમાં અને બાકીના ૨.૬ ટકા ઝાડના રૂપમાં, ૩.૬ ટકા ખેતસાધનોના રૂપમાં, ૫.૮૮ ટકા વાસણો અને ફર્નિચરના રૂપમાં, ૨.૦ ટકા સોનાના ઘરેણાંના, ૧.૭ ટકા ચાંદીના ઘરેણાંના રૂપમાં હતી.

# કુલ અસ્કયામતની કિંમત

| ક્રમ | કુટુંબ સંખ્યા | જમીનની અંદાજીત કિંમત | મકાનોની કિંમત | ઝાડની કિંમત | પશુધનની કિંમત | ખેતીના સાધનોની કિંમત | વાસણો અને ફર્નિચરની કિંમત | અન્ય અસ્કયામતો ઘરેણાંની કિંમત | | | કુલ અસ્કયામત | ટકા | કુટુંબદીઠ અસ્કયામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | સોનાનાં | ચાંદીના | શેરમૂડી | | | |
| ૧. | ૧૧ | - | ૧૯૦૦૦ | - | ૧૩૦૦૦ | - | ૧૩૮૮૫ | ૩૫૫૦ | ૩૦૫૦ | - | ૫૨૪૮૫ | ૧.૯ | ૪૭૭૧ |
| ૨. | ૨૯ | ૧૫૪૯૦૦ | ૧૩૫૪૦૦ | ૩૧૦૦ | ૪૬૮૦૦ | ૮૦૨૦ | ૬૪૧૮૫ | ૮૦૦૦ | ૧૧૬૧૦ | ૭૦ | ૪૩૨૦૮૫ | ૧૫.૮ | ૧૪૮૯૯ |
| ૩. | ૨૦ | ૩૨૦૩૦૦ | ૧૦૮૨૦૦ | ૪૮૦૦ | ૬૬૬૫૦ | ૩૪૫૪૦ | ૩૫૦૯૫ | ૧૩૦૦૦ | ૮૬૦૦ | ૧૩૦ | ૫૯૧૩૧૫ | ૨૧.૭ | ૨૯૫૬૫ |
| ૪. | ૧૨ | ૪૨૮૯૦૦ | ૩૩૯૫૦૦ | ૩૯૦૦ | ૫૧૪૫૦ | ૯૫૧૦ | ૨૦૯૩૫ | ૧૫૭૦૦ | ૬૪૦૦ | ૫૦ | ૮૭૬૩૪૫ | ૩૨.૨ | ૭૩૦૨૮ |
| ૫. | ૮ | ૫૦૮૦૦૦ | ૬૪૦૦૦ | ૫૮૭૦૦ | ૫૫૦૫૦ | ૪૫૧૨૦ | ૨૨૬૨૦ | ૧૫૧૦૦ | ૬૧૦૦ | ૧૨૦ | ૭૭૪૮૧૦ | ૨૮.૪ | ૯૬૮૫૧ |
| કુલ | ૮૦ | ૧૪૧૨૧૦૦ | ૬૬૬૧૦૦ | ૭૦૫૦૦ | ૨૩૨૯૫૦ | ૯૭૧૯૦ | ૧૫૬૭૨૦ | ૫૫૩૫૦ | ૩૫૭૬૦ | ૩૭૦ | ૨૭૨૭૦૪૦ | (૧૦૦.૦) | ૩૨૧૫૧ |
| કુટુંબદીઠ ટકા | | ૫૧.૮ | ૨૪.૪ | ૨.૬ | ૮.૫ | ૩.૬ | ૫.૮ | ૨.૦ | ૧.૩ | - | - | (૧૦૦.૦) | |

**અર્થાત :**

ધાનકાઓ પાસેની કુલ અસ્કયામતમાં જમીન અને ઘર મુખ્ય હતાં. જયારે સોના-ચાંદીના ઘરેણાં ભાગ્યે જ જોવા મળ્યાં હતાં. પહેલાં ઘરેણાંના રૂપમાં સારી અસ્કયામત ધરાવતા હતા. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં જીવન-સ્તરને નિભાવવા માટે મોટાભાગના ઘરેણાંની અસ્કયામતને વેચી દીધેલ છે તેવું જાણવા મળ્યું હતું.

કુલ અસ્કયામતમાં જમીન વગરના કુટુંબો પાસે માત્ર ૧.૯૮ ટકા અસ્કયામત હતી. જયારે ૦ થી ૨.૫ એકર સુધીની જમીન ધરાવતા કુટુંબો પાસે ૧૫.૮ ટકા, ૨.૫ થી ૫.૦ સુધીની જમીન ધરાવતા કુટુંબો પાસે ૨૧.૭ ટકા, ૫.૦ થી ૧૦.૦ એકર સુધીની જમીન ધરાવતા કુટુંબો પાસે ૩૨.૨ ટકા અને ૧૦.૦ એકરથી વધુ જમીન ધરાવતા કુટુંબો પાસે ૨૮.૪ ટકા જેટલી અસ્કયામત હતી.

એટલે કે કુલ અસ્કયામતનો મોટોભાગ ૫.૦ એકરથી ઉપરની જમીનવાળા ખાતેદારો પાસે હતી.

અહીં ઉપર મુજબ ધાનકા સમાજની અર્થવ્યવસ્થા વિષે નમૂનાના કુટુંબોના અભ્યાસ ઉપરથી વિશ્લેષણ કરીને તેઓની આર્થિક પરિસ્થિતિ કયા પ્રકારની છે તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ધાનકાઓ પોતાની કુનેહથી વિવિધ અર્થોપાર્જનની પ્રક્રિયાઓ કરીને જીવનનિર્વાહ કરે છે. માત્ર ખેતી પર જ તેઓ આધારિત નથી. તેમની આખી અર્થવ્યવસ્થા મિશ્ર પ્રકારની છે. પહેલાં તેમની અર્થવ્યવસ્થામાં નાણાંનું મહત્વ ઘણું જ ઓછું હતું. પરંતુ છેલ્લા દોઢેક દાયકાથી, નાણાંનું મહત્વ અને તેની આવશ્યકતા જરૂરી હોવાથી તેમના મિલ્કત અંગેના ખ્યાલો પણ બદલાયેલા જોવા મળે છે. પહેલાં તેમનામાં સામૂહિક મિલ્કતનો ખ્યાલ વ્યાપક હતો, પરંતુ હવે વ્યક્તિગત મિલકત તરફનો ઝોક વધતો જાય છે. આદિવાસી સમાજમાં આજે તો તવંગર અને ગરીબના ભેદો ઊભા થયેલા જોવા મળે છે. પહેલાં આદિવાસી બિનઆદિવાસીનો આ ભેદ અલગ તરી આવતો પરંતુ આજે તો તેમનામાં જ આ ભેદ અલગ તરી આવે છે.

ઉપર મુજબ ધાનકા જાતિની અર્થવ્યવસ્થા વિષે જોયા પછી હવે તેમના સમાજજીવન વિષે જોઈશું.

# પ્રકરણ-૪

# સામાજિક સંગઠન

ધાનકા સમાજમાં સમાજના સંગઠન માટેની વ્યવસ્થા જોવા મળે છે. ફળિયા કક્ષાએ, ગ્રામકક્ષાએ અને કુટુંબ કક્ષાએ પરંપરાગત સામાજિક સંગઠન છે. સમાજના પરંપરાગત નીતિ નિયમોનુસાર તેના રિવાજો ગોઠવાયેલા છે. સમાજમાં દરેક વ્યક્તિ પરંપરામાં રહે તે માટે ચોક્કસ પ્રકારના નીતિનિયમોનું ઘડતર થયેલ છે. જે લેખિત સ્વરૂપે નહી પણ પરંપરાગત બની ગયા છે. જેમાં ઉપરથી નીચે સુધીની સુદ્રઢ વ્યવસ્થા છે. સમાજમાં દરેકે દરેક વ્યક્તિ પોલીસનું કાર્ય કરે છે. પોતાની પરંપરા વિરુધ્ધ કંઈ બને તો તેના માટે ચોક્કસ પગલાં લેવામાં આવે છે. મારઝૂડ, દંડ, સામાજિક બહિષ્કાર જેવાં સાધનોનો ઉપયોગ કરી વ્યક્તિ પર નિયંત્રણ મૂકવામાં આવે છે.

સામાજિક સંગઠનમાં કુટુંબ એ મહત્વનું એકમ છે. ગામમાં દરેકે દરેક વ્યક્તિ કુટુંબથી ઓળખાય છે. તમામ લોકો એકબીજાને સારી રીતે ઓળખે છે. નામ દઈને બોલાવે છે. આ કુટુંબ વિષે પ્રથમ જોઈએ.

**કુટુંબ વ્યવસ્થા :**

ધાનકાઓમાં પિતૃસત્તાક, પિતૃસ્થાનીય અને પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. સ્ત્રી લગ્ન કરીને પતિને ઘેર રહેવા જાય છે. સ્ત્રીને પતિનું ગોત્ર પ્રાપ્ત થાય છે, લગ્નથી બે કુટુંબો નજીકમાં આવે છે. નવા સંબંધોનું વર્તુળ રચાય છે, ગોત્ર વ્યવસ્થા ધાનકાઓમાં જોવા મળે છે. ગોત્રને ''ગોતર'' કહેવામાં આવે છે. ધાનકાઓમાં એક ગોત્રમાં લગ્ન કરવામાં આવતાં નથી. તેમને ગોત્ર બર્હિવિવાહ સમૂહ છે. એક ગોત્રની વ્યક્તિઓ એક લોહીના સગા માનાય છે. દરેક ગોત્રનો દેવો અલગ અલગ છે. એટલે કે 'કુળ' પ્રમાણે દેવો જુદા જુદા છે. તે દરેક દેવની પૂજા તે જ ગોત્રવાળા કરતા હોય છે. કુળદેવની બાધા પણ રાખવામાં આવે છે. દર વર્ષે પૂજા થાય. તેને મરઘું કે બકરાનું બલિદાન અપાય, ભૂવાને બોલાવી ગોત્રવાળા ભેગા મળીને આ પૂજા કરે છે. સ્ત્રીનાં લગન થયા બાદ જે ગોત્રમાં સ્ત્રીનું લગ્ન થાય તે ગોત્રના દેવની પૂજા સ્ત્રીઓ કરે છે. પિતૃપક્ષના દેવોની નહીં. એટલે કે ગોત્રવાર દેવ-દેવીઓની પૂજાવિધિઓ અલગ અલગ કરતા હોવા છતાં દરેક ગોત્રવાળાઓને એકબીજા સાથે સામાજિક સંબંધો મજબૂત છે. ગોત્રને અટક તરીકે પણ ઓળખવામાં આવે છે. દા.ત. બારીઆ, સંઘોડ, બામણિયા વગેરે.

કુટુંબ વ્યવસ્થામાં સંયુક્ત અને વિભક્ત કુટુંબ બન્ને પ્રકારનાં જોવા મળે છે. સામાન્ય રીતે તો વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધારે છે. કારણ કે લગ્નબાદ મોટેભાગે અલગ રહેતા હોય છે. જો કે તપાસમાં લીધેલ ૮૦ કુટુંબોમાં તો બન્ને સરખા પ્રમાણમાં જોવા મળ્યાં હતાં. જે નીચેના કોઠા પરથી જોઈ શકાય છે.

| અ.નં. | કુટુંબનો પ્રકાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સંયુક્ત | ૪૦ | ૫૦.૦૦ |
| ૨. | વિભકત | ૪૦ | ૫૦.૦૦ |
| | કુલ | ૮૦ | ૧૦૦.૦૦ |

તપાસમાં લીધેલ કુટુંબોની સભ્ય સંખ્યા વયજૂથ પ્રમાણે નીચેના કોઠામાં બતાવ્યા મુજબની ગામવાર જોવા મળી હતી.

## નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | કુટુંબ સંખ્યા | કુલ સભ્ય સંખ્યા | | | ૦ થી ૬ | | ૭ થી ૧૪ | | ૧૫ થી ૨૫ | | ૨૬ થી ૩૫ | | ૩૭ થી ૬૦ | | ૬૦ થી ઉપર | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | ૧૧ | ૨૬ | ૨૩ | ૪૯ | ૭ | ૮ | ૫ | ૩ | ૩ | ૪ | ૬ | ૫ | ૫ | ૩ | - | - |
| ૨. | ૨૯ | ૮૯ | ૭૯ | ૧૬૮ | ૧૬ | ૧૨ | ૧૪ | ૧૪ | ૨૦ | ૨૦ | ૨૧ | ૧૩ | ૧૫ | ૧૭ | ૩ | ૩ |
| ૩. | ૨૦ | ૬૫ | ૬૦ | ૧૨૫ | ૧૦ | ૧૨ | ૨ | ૬ | ૨૭ | ૧૭ | ૭ | ૭ | ૧૩ | ૧૫ | ૬ | ૩ |
| ૪. | ૧૨ | ૪૫ | ૩૭ | ૮૨ | ૯ | ૯ | ૯ | ૫ | ૮ | ૭ | ૭ | ૫ | ૯ | ૮ | ૩ | ૩ |
| ૫ | ૮ | ૩૨ | ૩૮ | ૭૦ | ૬ | ૮ | ૫ | ૯ | ૭ | ૬ | ૫ | ૫ | ૬ | ૭ | ૩ | ૩ |
| કુલ | ૮૦ | ૨૫૭ | ૨૩૭ | ૪૯૪ | ૪૮ | ૪૯ | ૩૫ | ૩૭ | ૬૫ | ૫૪ | ૪૬ | ૩૫ | ૪૮ | ૫૦ | ૧૫ | ૧૨ |
| ટકા | | ૫૨.૦ | ૪૮.૦ | ૧૦૦.૦ | ૧૮.૭ | ૨૦.૭ | ૧૩.૬ | ૧૫.૬ | ૨૫.૩ | ૨૨.૮ | ૧૭.૯ | ૧૪.૮ | ૧૮.૭ | ૨૧.૧ | ૫.૮ | ૫.૦ |
| કુલના ટકા | | ૧૦૦.૦ | | | ૧૯.૬ | | ૧૪.૬ | | ૨૪.૧ | | ૧૬.૪ | | ૧૯.૮ | | ૫.૫ | |

ઉપરના કોઠામાં બતાવ્યા મુજબની સભ્ય સંખ્યા વયજૂથ પ્રમાણે જોતાં સ્પષ્ટ લાગે છે કે ૦ થી ૬ વર્ષ સુધીના બાળકો ૧૯.૬૮ ટકા હતા. જયારે ૦ થી ૧૪ વર્ષ સુધીના બાળકો જોઈએ તો ૩૪.૨ ટકા જોવા મળે છે અને ૩૬ વર્ષથી ઉપરની સંખ્યા ૨૫.૩ ટકા હતી. જયારે કુલ પુરુષોની કુલ સંખ્યા ૫૨.૦ ટકા અને સ્ત્રીઓ ૪૮.૦ ટકા હતી.

**સગાઈ સંબંધો :**

ધાનકા જાતિમાં મુખ્યત્વે લોહી આધારિત અને લગ્ન પર આધારિત સંબંધો જોવા મળે છે. આ સિવાય પણ એક સ્થાનમાં રહેતા હોવાથી સ્થાનિક સંબંધોએ સામાજિક સંબંધોનું સ્વરૂપ લીધેલું જોવા મળે છે. જેમકે ગામમાં ગતે તે વ્યક્તિને ત્યાં લગ્ન હોય તો પણ ગામના દરેક કુટુંબને લગ્નમાં આમંત્રણ અપાય છે. કોઈના મૃત્યુ પ્રસંગે ગામના બધા જ કુટુંબની વ્યક્તિઓ હાજર રહે છે. વાર્ષિક ધાર્મિક કે સાંસ્કૃતિક પ્રસંગોએ સામૂહિક પૂજાવિધિઓ આખું ગામ એકત્ર બનીને કરે છે અને તેમાં દરેક કુટુંબ ભાગ લે છે. એટલે સામાજિક રીતે તેઓ જોડાયેલા છે.

લોહીના સંબંધોમાં એક જ નજીકના સગાઓને આમંત્રણ અપાય છે. બહારગામ રહેતા હોય તો પણ પ્રસંગ પર બધા એક બીજાના પ્રસંગો ઉજવે છે. લોહીના સંબંધોની સાથે સાથે લગ્ન કરવાથી જે સંબંધો વિકસે છે તે સંબંધીઓ કે સગા બને છે. લગ્ન કરતાંની સાથે અનેક નવા સંબંધોનું ક્ષેત્ર ઊભું થાય છે. લગ્ન કરતાં સાસુ, સસરા, નણંદ, ભોજાઈ, પતિ, કાકાસસરા, કાકીસાસુ, બનેવી, સાળી, સાઢુ જેવા અનેક સંબંધો ઊભા થાય છે. જે સંબંધીઓ પણ સામાજિક પ્રસંગે હાજર રહે છે.

આ સિવાય પણ ધાનકાઓમાં સામાજિક સંબંધો જોવા મળે છે. મર્યાદાના સગાઈ સંબંધો, મજાક-મશ્કરીના સંબંધો, માધ્યમિક સંબંધો વગેરે.

**મર્યાદાના સગાઈ સંબંધો :**

ધાનકાઓમાં સામાજિક સંગઠન માટે 'મર્યાદા' ને પણ આવશ્યક માનવામાં આવે છે. અમુક સંબંધીઓની મર્યાદા સમાજની પરંપરા છે. નાનાઓએ મોટાની મર્યાદા રાખવી, મોટાઓએ બતાવેલ કામ કરવું, તેમની સામે ગમે તેમ બોલવું નહીં, તેવી રીતે સાસુ અને વહુ, સસરા અને વહુ, જેઠ અને વહુ વચ્ચે મર્યાદાના સંબંધો છે. વહુ જેઠ કે સસરા સમક્ષ ગમે તેવો વહેવાર ન કરી શકે કે ન બોલી શકે. તેણે ઘૂમટો તાણીને ઉભા રહેવું પડે, જેઠ અને સસરો પણ વહુની મર્યાદા રાખે, તેના ખાટલા પર બેસી

ન શકે. તેમ વહુનું નામ પણ લઈ શકતા નથી. વહુના ખાટલા પર પતિ કે દિયર જ બેસી શકે. તે જ રીતે ભાઈ-ભાઈ, બહેન-બહેન, બહેન-ભાઈ, કાકા-ભત્રીજા વચ્ચે મર્યાદાના સંબંધો છે. બાપ અને દીકરા વચ્ચે આમાં એક બીજાની મર્યાદા રાખી વહેવાર કરવામાં આવે છે. તેની વિરુધ્ધ વહેવાર કરવા જાય તો ટીકા થાય કે ઠપકો મળે.

**મશ્કરીના સંબંધો :**

સમાજમાં એકબાજુ મર્યાદાના સંબંધો છે તો બીજી બાજુ મશ્કરીના સંબંધો છે. જેમાં દિયર-ભોજાઈ, સાળી-બનેવી, વેવાઈઓ, બહેનપણીઓ, સરખા સરખા મિત્રો, વડીલો-નાની વ્યક્તિની મશ્કરી કરી શકે છે. આ મશ્કરીઓમાં ઘણીવાર તો અશ્લીલ અને જાતિય સંબંધો વિશેની પણ હોય. એટલે કે મજાક મશ્કરી દ્વારા હસી આનંદ લઈ જીવનને ધબકતું રાખવામાં આવે છે.

**માધ્યમિક સંબંધો :**

ધાનકાઓમાં સસરો, જેઠ કે દિકરા કે નાના ભાઈની વહુનું નામ લઈ શકતો નથી. જેથી તેને કંઈ કહેવું હોય તો મર્યાદાયુક્ત સંબોધન કરીને કહેવામાં આવે છે. તેના નામની જગ્યાએ ''તમે'' કે એવા શબ્દનો ઉપયોગ કરી તેમના વિશે કહેવામાં આવે. જયારે પતિ પોતાની પત્ની કે પત્ની પોતાના પતિનું નામ લઈ શકતાં નથી. જેથી તેઓ એક બીજાને બોલાવવા માટે ''બાળક'' નું નામ લઈને બોલાવે છે. એટલે સંબંધોમાં ''માધ્યમ'' દ્વારા વ્યવહાર કરવામાં આવે છે.

**સંગઠન :**

ધાનકાઓમાં સામાજિક સંગઠન સુવ્યવસ્થિત અને મજબૂત છે. આ માટે એક ક્રમિક વ્યવસ્થા પણ જોવા મળે છે. ધાનકાઓમાં ''કારભારી'' હોય છે. જે કારભારી સામાજિક ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવે છે. આ કારભારી સામાજિક ક્ષેત્રે ઊભા થતા ઝગડાઓ મિટાવે છે. તેની સાથે ગામના વડિલો મળી એક જાતિપંચ સ્વરૂપે કામ કરે છે. જેઓ ખાસ કરીને છૂટાછેડા, જાતિય સંબંધોને લગતા કે મિલ્કતના ઝગડા હોય કે અંદરો અંદર મારામારીના ઝગડા હોય તો તે બન્ને પક્ષોને બોલાવી, સામદામ અને દંડથી કામ લે છે. 'કારભારી' નું મહત્વ ઘણું હોય છે. તેના ચૂકાદા વિરુધ્ધ કોઈ કંઈ કહી શકે નહીં. માન્ય પરંપરાઓ વિરુધ્ધ કોઈ વ્યવહાર કરે તો તેને બોલાવી ઠપકો આપવામાં આવે કે દંડ કરવામાં આવે છે. જે દંડ કરવામાં આવે તે દંડ નુકસાન થયુ હોય તે પક્ષને અપાય અને તેમાંથી દારૂ પીવા ૫-૧૦ રૂપિયા આપવામાં આવે છે.

ઘણીવાર આ ઝગડાઓમાં 'લવાદ' પણ નીમવામાં આવે છે. 'લવાદ' દ્વારા પણ ઝગડા પતાવવાનું વલણ પણ ધાનકાઓમાં જોવા મળે છે. કારભારી આમાં મુખ્ય ભૂમિકા ભજવે છે તે લવાદની જગાએ તટસ્થ વ્યક્તિને નીમીને તે જે નિર્ણય આપે તે બંન્ને પક્ષોએ સ્વીકારવો પડે છે. આ લવાદમાં એક નહીં પણ પંચની વ્યક્તિઓ બે-ત્રણ હોય, જઓ બન્ને પક્ષોની તપાસ કરે તેમની રજૂઆત સાંભળ્યા બાદ નિર્ણય કરે છે. ધાનકાઓનું પંચ રૂપિયાના પ્રશ્નો, કુટુંબ અને કુટુંબ વચ્ચેના પ્રશ્નો, ગામમાં અન્ય જાતિ સાથેના પ્રશ્નો ઊભા થાય તે તેની પતાવટ કરે છે. એટલે કે સામાજિક ક્ષેત્રે ઊભા થતા પ્રશ્નોનું સમાપન કરી પોતાની જાતિનું સંગઠન ટકાવી રાખે છે.

**અંદરો અંદરના સંબંધો :**

ધાનકાઓમાં કુટુંબો વચ્ચેના સંબંધો સામાન્યતઃ સુમેળભર્યા જોવા મળે છે. કોઈ કારણસર જો ઝગડા થાય તો તેનો નિકાલ આવ્યા બાદ કોઈ જાતનો ભેદ રાખવામાં આવતો નથી. સામાન્ય રીતે એકબીજા સંપીને સાથે રહે છે. એક જ ગામના વ્યક્તિઓ તરીકે જીવન જીવે છે. ભલે અનેક ગોત્ર હોય કે જુદી જુદી જાતિઓના હોય તો પણ એકબીજા વચ્ચેના સંબંધો સુમેળભર્યા જોવા મળે છે. ગામમાં કોઈપણ સામાજિક ધાર્મિક પ્રસંગો સાથે મળીને ઉજવે છે. તેમાંય ગામકક્ષાના દેવોની પૂજા સામૂહિક રીતે થતી જોવા મળે છે. જેમાં દરેક કુટુંબ પોતાનો ફાળો આપે છે. આ રીતે ગામકક્ષાએ સંબંધો સુમેળભર્યા અને સહકારના જોવા મળે છે.

# પ્રકરણ - ૫

## સામાજિક રીતરિવાજો

ધાનકા જાતિમાં રીતરિવાજો પોતાની પરંપરાઓ આધિન છે. સમાજે નક્કી કરેલ પરંપરાઓ મુજબના રિવાજો માન્ય સમાજ પરંપરા છે.

**રજસ્વલા સ્ત્રી :**

રજસ્વલા સ્ત્રીને ''માથું ધોવાની છે'' તેમ કહેવામાં આવે છે, સ્ત્રી રજસ્વલા થાય ત્યારે તે ચાર દીવસે માથું ધોવે છે અને ત્યારબાદ ઘરનાં કામો કરી શકે, જેવા કે ઘરની રસોઈ, પાણી ભરવું વગેરે. દેવની જગ્યાએ રજસ્વલા સ્ત્રી જઈ શકે નહીં. ધાર્મિક ક્રિયાઓ ચાલતી હોય તો ત્યાં જઈ શકે નહીં. ઘરમાં પણ દેવના વાજીંત્રને અડકી શકે નહીં. સ્ત્રી આ ચાર દિવસ દરમિયાન ઘરની બહારનાં કામો કરી શકે, ખેતીનું, લાકડાં લાવવાનું, પશુઓનું કામ કરી શકે. આ દરમિયાન જાતીય સંબંધ પણ બાંધવામાં આવતો નથી.

સ્ત્રી જયારે રજસ્વલા બનતી અટકી જાય ત્યારે ગર્ભ રહ્યો છે તેમ માને છે. દરેક સ્ત્રી-પુરુષને માતૃત્વ અને પિતૃત્વની ઝંખના હોય છે. લગ્નબાદ બે-ત્રણ વર્ષ સુધી સ્ત્રીને ગર્ભ ન રહે તો ભૂવા પાસે દોરા મંગાવી પહેરે તેમજ દેવની બાધા રાખવામાં આવે છે, તે માટે ભૂવો કહે તે રીતે બકરા કે મરઘું વધેરવાની બાધા રાખે છે. બાળકના જન્મ્યા બાદ તે બાધાઓ ભૂવાની (બડવાની) ઈચ્છા પ્રમાણે પૂરી કરવામાં આવે છે.

સ્ત્રીને ગર્ભ રહ્યા બાદ બાળકના જન્મ સમય સુધી કોઈ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. અન્ય સમાજોમાં જેમ શ્રીમંતની વિધિ કરવામાં આવે છે તેવી કોઈ વિધિ કરવામાં આવતી નથી. સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પતિના ઘરે જ કરવામાં આવે છે. તે સમયે સ્ત્રીનાં માતા-પિતા પોતાની શક્તિ મુજબ ૨૦-૨૫ રૂપિયા આપી જાય છે. સ્ત્રીની સુવાવડ સમયે પોતાની જાતિની જ દાયણોને બોલાવવામાં આવે છે.

પ્રસૂતિ ઢોરોને બાંધવાની કોઢમાં કરાવવામાં આવે છે. કારણ કે ઘર અપવિત્ર ન થાય માટે કોઢમાં એકબાજુ નીચે કંપાન પાથરી સુવાવડ કરાવે છે. બાળકની નાળ કોઢમાં જ એકબાજુ દાટવામાં આવે છે. આ નાળ તીરથી કાપવામાં આવે છે. સુવાવડ બાદ દાયણને છોકરો હોય તો પાંચ રૂપિયા અને છોકરી હોય તો ત્રણ રૂપિયા અને અનાજ આપવામાં આવે છે.

સુવાવડી સ્ત્રીને ખોરાકમાં હલકો ખોરાક અપાય છે. આર્થિક સ્થિતિ ખૂબ નબળી હોવાથી ઘીનો ખોરાક આપતા નથી. પણ પ્રથમ દિવસે ખીચડી આપે ત્યારબાદ મગનીદાળ, ચણાની દાળ, મકાઈ, ઘઉંની રાબ, ચોખાનું ભડકું ખાવા માટે અપાય છે.

અઠવાડિયા બાદ બાળક અને સ્ત્રીને નવડાવી, ઘર લીંપી નાખીને પવિત્ર બનાવે છે. બાળક અને તેની માને હાથે કાળા દોરા બાંધવામાં આવે છે.

**છઠ્ઠીની વિધિ :**

પ્રસૂતિ બાદ પાંચ કે છ દિવસે ''પાણી ઘાલવું'' એ નામથી તેઓ ઓળખે છે. આ વિધિમાં શ્રીફળ, અગરબત્તી, ઘીનો દીવો, સવાશેર ખાંડ લાવે છે. વિધિ જયાં કરવાની હોય તે જગ્યા લીંપી નાખવામાં આવે છે. આ વિધિ દાયણ કરે છે. દાયણ આવીને દીવો સળગાવી નીચે લીંપેલી જગ્યામાં બાળકને સુવડાવે છે અને કુળદેવનું આહવાન કરી દેવને બાળકનું રક્ષણ કરવાનું કહેવામાં આવે છે. દાયણ તે દિવસે એક દોરો બાળકના પગે બાંધે છે, તે રાત્રે એક થાળીમાં કંકુ ચોખા મૂકી સ્વતિક કરી રાખવામાં આવે છે જેથી બાળકનું ભવિષ્ય વિધાતા સારું લખે.

**નામકરણ :**

બાળકનું નામ લગભગ એક માસ બાદ પાડવામાં આવે છે. તે દિવસે બાળકની ફોઈને બહારગામ હોય તો બોલાવવામાં આવે છે. સગાંસંબંધીઓ અને પાડોશીઓ ભેગા થાય, બાળકનું નામ તેની ફોઈ પાડે છે. મોટેભાગે પહેલાં બાળક જે વારે જન્મ્યું હોય તે વાર પરથી પાડવામાં આવતું, હવે તો કેટલાક સારાં સારાં આધુનિક નામ પાડે છે અથવા તો બ્રાહ્મણ પાસે નામ પડાવે છે.

બાળક પાંચ વર્ષનું થાય ત્યારબાદ માથાના વાળ કુળદેવ આગળ ઉતારવામાં આવે છે. વાળ ઉતારતી વખતે બાળકનો મામો હાજર રહે છે. વાળ ઉતારી તે વાળને એક કપડામાં ઝીલી લેવામાં આવે છે. તે વખતે નદીમાં નાખી દેવામાં આવે છે. બાળકનો મામો બાળકને બે-ત્રણ રૂપિયા આપે છે. આની પાછળનું કારણ એ છે કે બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી કુળદેવ તેને પડવા-વાગવાથી રક્ષણ આપે.

બાળક મોટું થાય ત્યાં સુધી બીજી કોઈ વિધિઓ કરવામાં આવતી નથી. બાળકો ઢોર ચરાવવા, જંગલમાં જંગલ પેદાશો લેવા કે ઘરના અને ખેતીકામમાં મદદ કરે છે.

**લગ્ન પહેલાંના જાતીય સંબંધો :**

ધાનકાઓમાં લગ્ન પહેલાંના જાતીય સંબંધો સમાજ માન્ય છે, લગ્ન પહેલાં છોકરા-છોકરીઓ છૂટથી સાથે ફરે છે. જંગલમાં સાથે જાય, જાતીય સંબંધો બાંધે છે. તેમાંથી ગર્ભ રહી જાય તો તે પુરુષે તે સ્ત્રી સાથે લગ્ન કરવું પડે. લગ્ન કરવાની ના પાડે તો પંચ કહે તે પ્રમાણે દંડ ભરવો પડે ને સ્ત્રીને બાળક થાય તો તે બાળક તેના પિતાને ત્યાં મૂકીને કે તેનો પતિ તે બાળકને સાથે લઈ જવા તૈયાર હોય તો સાથે લઈ જઈ શકે છે.

લગ્ન પછીનય્લગ્ન બાહ્ય જાતિય સંબંધો પર પ્રતિબંધ છે. તેમાંય સ્ત્રીઓ પર વધુ પડતા પ્રતિબંધો છે. જો તે અન્ય વ્યક્તિની સાથે જાતિયસંબંધ બાંધતાં પકડાય તો સ્ત્રીને કાઢી મૂકવામાં આવે કે મારવામાં આવે છે, છૂટાછેડા પણ લઈ લે. આજ રીતે કોઈ પુરુષ પકડાય તો સ્ત્રી છૂટાછેડા માગી શકે કે બીજે જવું હોય તો જઈ શકે છે. કેટલીકવાર તો સ્ત્રીનો પતિ બે-ત્રણ દિવસ સુધી પોતાની પાસે ન આવે તો પણ તે સ્ત્રી શંકાની નજરે પોતાના પતિને જુએ છે અને પોતાના પિતાને ત્યાં ચાલી જાય ત્યાં પતિ તેને લેવા જાય તો લોકો તેને ઠપકો આપે છે.

**લગ્ન :**

ધાનકા જાતિમાં લગ્ન કરવું તેને આવશ્યક માનવામાં આવે છે. લગ્નની વિધિ થાય તો જ તેની સદ્‌ગતિ થાય નહીંતર તેની ઈચ્છાઓ અતૃપ્ત રહેતાં તે ભૂત-પ્રેત થાય.

લગ્ન એક સાથી અને બહુસાથી બન્ને પ્રકારનાં થાય છે. બહુસાથીમાં બહુપત્નીત્વવાળાં લગ્ન જોવા મળે છે. બહુપતિત્વ જોવા મળતુ નથી, જોકે બહુપત્નીત્વનું પણ પ્રમાણ ઘણું ઓછું છે. એક પુરુષને એકથી વધારે પત્નીઓ હોય એક સાથે તો તે બહુપત્નીત્વ છે જેમાં બે સગીબહેનો પણ હોય. આમાં ત્રણ-ચાર પત્નીઓ સુધી કોઈક કુટુંબમાં જોવા મળે છે. જેનાં અનેક કારણો છે. આર્થિક સ્થિતિ સારી હોય, ખેતી વધારે હોય, પ્રથમ પત્નીને બાળક ન થાય વગેરે કારણોસર બીજી પત્ની લાવે છે. પણ મોટાભાગનાં લગ્નો એકસાથી પ્રકારનાં છે. કારણ કે આર્થિક રીતે અત્યંત ગરીબીની સ્થિતિમાં હોવાથી એક કરતાં વધારે પત્ની કરવી પોષાતી નથી. બીજી પત્ની લાવવામાં પણ ખર્ચ થતાં હોય છે. જેથી આર્થિક રીતે સારી સ્થિતિ હોય તો અથવા ખાસ આવશ્યક કારણો હોય તો બીજી પત્ની કરે છે. એકસાથી લગ્નો તરફનું વલણ વધુ જોવા મળે છે.

લગ્નની ઉંમર પુરુષોમાં ૧૫ થી ૨૨ વર્ષની અને સ્ત્રીઓમાં ૧૪ થી ૧૮ વર્ષની ગણી શકાય. લગ્નો કરવામાં આવે છે તેમાં સ્વયં પસંદગી મુખ્ય છે. છોકરા-છોકરીની પસંદને મહત્વનું સ્થાન અપાય છે. બન્નેની મરજી હોય તો વાત આગળ ચાલે છે. જેમાં લગ્નની સમગ્ર ગોઠવણી માતા-પિતા દ્વારા કરવામાં આવે છે. એટલે કે વધુ પ્રમાણમાં લગ્નો માતા-પિતા દ્વારા ગોઠવાયેલ હોય છે. જેમાં પસંદગી છોકરા-છોકરી હોય અને / અથવા માતા-પિતા જોઈ નક્કી કરે પણ બન્નેને બતાવીને છોકરા-છોકરીની મરજી જાણી લેવામાં આવે છે.

માતા-પિતાની ગોઠવણી સિવાય પ્રેમલગ્નો પણ થાય. કોઈકવાર માતા-પિતાની ઈચ્છા ન હોય બંને છોકરા-છોકરીની ઈચ્છા હોય તો બન્ને ભાગી જઈને લગ્ન કરે છે. થોડાક સમય માટે (બે-ત્રણ વર્ષ) બહારગામ જઈને રહે છે. ભાગી જઈને લગન કરવામાં બીજુ પણ એક કારણ છે કે જેમાં છોકરાવાળાની સ્થિતિ આર્થિક રીતે સારી ન હોય. અને લગ્ન કરવાની ઈચ્છા હોવા છતાં દહેજ અને લગ્નનું ખર્ચ તાત્કાલિક ભેગું કરી શકે તેમ ન હોય તો ભાગી જઈને લગ્ન કરે અને બાદમાં કમાણી કરીને દહેજ ભરપાઈ કરે.

આ ઉપરાંત ઘરજમાઈ પ્રથા છે. જેમાં ગરીબ ઘરનો છોકરો કન્યામૂલ્ય આપી શકે તેમ ન હોય કે લગ્નનો ખર્ચ કરી શકે તેમ ન હોય તો, સસરાને ત્યાં જઈને બે-ત્રણ વર્ષ માટે રહે છે. ત્યાં જઈને મજૂરી દ્વારા દહેજની રકમ વસૂલ કરી આપે છે. ત્યારબાદ પોતાની પત્નીને લઈને બીજે રહી શકે છે. એટલે કે પોતે મહેનત મજૂરી કરીને લગ્ન કરી શકે છે.

આ રીતે અનેક પ્રકારે લગ્નો થતાં જોવા મળે છ; જેમાં મુખ્યત્વે માતા-પિતા દ્વારા ગોઠવાયેલ હોય છે.

લગ્નમાં પહેલાં બ્રાહ્મણને બોલાવતા ન હતા પણ હવે ઘણા બોલાવે છે. જેને પરિણામે પરંપરાગત લગ્ન વિધિઓમાં પરિવર્તન પણ દેખાય છે. જેમાં પરંપરાગત વિધિઓ પણ દેખાય છે.

વિવાહ જોડવાના પ્રસંગને 'ગોળ ખાવો' કહે છે. એ વખતે વરપક્ષ કન્યાને ત્યાં ગોળ લઈ જાય છે. સામસામા વેવાઈઓ બેસે, એક બીજાની દાઢીએ - હડપચીએ તેલ ચોપડે, પછી હડપચી ઝાલી એક-બીજાના મોંમાં ગોળ મૂકે આને ગોળ ખાધો કહે છે. આવી રીતે વિવાહ જોડાયેલા હોય કે ન હોય તોયે લગ્ન કરવાનાં હોય ત્યારે ગોરમહારાજને ત્યાં લગ્નપત્રિકા લખાવે છે. તેને કંકોત્રી કહે છે. એ કંકોત્રી બંને વેવાઈઓ પોતપોતાને ઘેર લઈ જાય છે. ત્યાં સુપડામાં ચોખાનો સાથિયો પૂરી કંકુના ચાંલ્લા

કરી એ પત્રિકાને ઉકેલીને મૂકે છે. પાંચ સ્ત્રીઓ જેમાં ત્રણ કુંવારી અને બે પરણેલી અથવા બે કુંવારી અને ત્રણ પરણેલી હોય તેઓ પત્રિકાને પાંચ પાંચ ચાંલ્લા કરી ચોખાથી વધાવે તેને કંકોત્રી વધાવી એમ કહે છે.

**ઘાણ ભરવો :**

આશરે ૫ કિ.ગ્રા. ડાંગર ખાંડણિયામાં ખાંડે છે. આ ક્રિયાને 'ઘાણ ભરવો' કે ઘોણ ખાંડવો' કહે છે. ખાંડવાના સાંબેલાને આંબાનાં પાન અને નાડું બાંધે છે. કંકુના ચાંલ્લા કરે છે, પરણનાર તથા પાંચ સ્ત્રી મળી પાંચ વખત ખાંડે. કેટલીક જગ્યાએ ચાદરમાં ડાંગર નાખી પરણનારને નીચે બેસાડે છે. એક સાથે ચાદરનો છેડો ઝાલે અને એક હાથે સાંબેલુ ઝાલે એવી રીતે સ્ત્રી પાંચ વખત ખાંડે. ડાંગરમાં સવા રૂપિયો અને સોપારી નાખે છે. પાંચ સ્ત્રીઓમાં બે પરણેલી અને ત્રણ કુંવારીકાઓ હોય છે. પાંચ વખત શુકનનું એ રીતે ખાંડ્યા પછી ખાંડણિયામાં ખાંડી નાખે છે. આ ક્રિયા કરતી વખતે ગીતો ગવાય છે. વરના ઘણના ચોખા માંડવો કરનારને જમાડવા રાંધે છે ને કન્યાના ઘોણના ચોખા કઈડ વહેંચવા મહી માટલામાં ભરે છે.

ઘણ ભરવાની વિધિ જમી પરવારીને લગભગ અગિયાર-બાર વાગ્યાના સુમારે થાય છે. મોટે ભાગે બપોર નમતાં પણ થાય છે. છતાં ચડતા પોરે વિધિ કરવાનું વધારે આવકારદાયક ગણાય છે.

**હનુમાનને તેલ ચડાવવું :**

ઘોંણ ભરી રહ્યા પછી પરણનાર કન્યા કે છોકરો હનુમાનજીને તેલ ચડાવવા જાય છે તે વખતે પણ ગીતો ગવાય છે.

તેલ ચડાવવા જતી વખતે પરણનાર હાથમાં તેલ લઈને જાય છે. ત્યાં દીવો કર્યા પછી પગે લાગે છે. પછી પગથી માથા તરફ એ રીતે પાંચ વાર તેલ ચડાવે છે.

આ તેલ ચડાવવાની વિધિ દ્વારા અખંડ બ્રહ્મચારી શ્રી હનુમાનજીનું અભિવાદન કરવામાં આવે છે. હે દેવ ! અમે તો આ બ્રહ્મચર્યવસ્થા તજીએ છીએ પણ તમે તો મોટા દેવ છો, અમોને આશીર્વાદ આપજો.

**વરને તેલ ચડાવવું :**

ભાભી પાટલા ઉપર પધરાવે છે. બહેન ચોખાથી વધાવે છે. પરણનાર વર કે કન્યાને પીઠી

ચોળતાં પહેલાં તેલ ચડાવે છે. તે માટે પાન નાડાથી બાંધે છે, પછી પાંચ સ્ત્રીઓ અવળા-સવળી હાથ રાખી, પાટલીઓ, ઘૂંટણે, ખભે અને માથે એ પ્રમાણે પાંચ વખત તેલ ચડાવે છે. પાંચેય સ્ત્રીઓ તેલ ચડાવે છે. પાંચેય જણી શુકનની પીઠી સહેજ સહેજ ચડાવે છે. પછી ભાભી હોય તે પીઠી ચડાવે છે.

પરણનારને તેલ ચડાવવાની વિધિ પાછળ બ્રહ્મચર્યાશ્રમમાંથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાનો ઈશારો છે. આટલા ત્રણ કે પાંચ દિવસનું તારા બ્રહ્મચર્યના સાથ જેવું તેલ કઢી લે. પછી તો તારા માટે આ દુર્લભ બની જશે.

**થાંભલી નાખવી :**

માંડવો રોપવા માટે શુકનની થાંભલી રોપવામાં આવે છે. થાંભલી સમીવૃક્ષની ન હોય તો સમડાનાં ડાખરાંને આંબાનાં પાન નાડાથી બાંધે છે. પરણનાર અને બીજાં નિકટનાં સગાં મળી પાંચ જણ થઈને થાંભલી રોપે છે. ઘરમાંથી નીકળતાં જમણા હાથે પહેલી થાંભલી રોપે છે. તેને શુકનની થાંભલી કહે છે. આ થાંભલીથી આગળની થાંભલી નીચે ઉકરડી નોતરવાની વિધિ કરે છે.

થાંભલી રોપવા માટે જે દર ખોદે છે તેમાં ચોખાનો સાથિયો પૂરી પૈસો-સોપારી મૂકી કંકુ છાંટે-ચાંલ્લા કરે. થાંભલી નાખતી વખતે ઢોલ-શરણાઈ વાગે છે ને ગીત ગાય છે.

લગ્ન મંડપ વિના જરાય ન ચાલે, લગ્ન વિધિ આ મંડપ નીચે જ થાય છે. એટલે લગ્નની પ્રણાલિકામાં મંડપનું ઘણું મહત્વ છે. આ મંડપ માટેનાં લાકડાં જંગલમાંથી લાવે છે. માંડવાની આ થાંભલી નાખીને લગનના શુકન શરૂ કરે છે.

**ગણેશ ચીતરાવો :**

ઉગમણી ભીંતે અથવા ઉગમણી મૂકેલી કોઠીએ ગણેશ ચીતરવામાં આવે છે. ગોર રાત્રે આવીને ચીતરે છે. ગોર ચોખાનો લોટ, હળદર, કંકુ વગેરેથી ગણેશ ચીતરે છે. દરેક દરેક ગોરના ચીતરેલા ગણેશ જુદા જુદા હોય છે. ગણેશનું કોઈ ચોક્કસ સ્વરૂપ હોતું નથી. કુટુંબની તથા સગા-સંબંધીની સ્ત્રીઓ પાંચ-દશ પૈસા અને જુવાર-ઘઉં કે ચોખા લઈને ગણેશ વધાવવા આવે છે. ગણેશ વધાવનારને ગોળ તથા એક રોટલાનો લોટ આપવામાં આવે છે. ગણેશ વધાવ્યા પછી ભેગી થયેલી સ્ત્રીઓ લગ્નનાં ગીતો ગાય છે.

**નોંતરે જવું :**

પરણનારને તેના સગાં જમવા માટે નોતરી લઈ જાય છે. તેડવા આવતાં અને તેડી લઈ જતાં જતાં ગીતો ગવાય છે.

નોંતરે લઈ જવા માટે ડમણિયું જોડી લાવે અગર ઘોડો લાવે. નજીક હોય તો ભાઈ કે બનેવી હોય તો પરણનારને કેડે બેસાડીને લઈ જાય છે. નોંતરીને લઈ ગયા પછી પરણનારને તથા તેની સાથે આવેલાં અને ઢોલી વગેરેને પણ જમાડવામાં આવે છે. જમી રહ્યા પછી ઘેર પાછાં ફરતી વખતે વર કે કન્યાની પોસમાં રૂપિયો મૂકી તેની ઉપર તેના હાથનું નાળિયેર મૂકે છે અને ગોળ ખવડાવી ગળ્યું મોં કરાવી પછી પાછા મૂકી જાય છે.

જેને ઘેર લઈ જાય છે તે ચોખાથી વધાવે એટલે વર કે કન્યા હાથમાંનું નાળિયેર તે ઘરની સ્ત્રીના ખોળામાં આપે છે.

કાકા, મામા, માસી અને ફોઈને ઘેર નોંતરી જવાય છે. ભાઈ જો જુદો રહેતો હોય તો તેને ઘેર પણ નોંતરી જાય છે. પરણનારને પોતાને ઘેર નોંતરી જવાને મોટો લ્હાવો ગણે છે. સગાંનો હર્ષ માતો નથી એટલે વાજતે-ગાજતે માફા જોડીને નોંતરી લઈ જાય છે. વર કે કન્યાને જમવા માટે કંસાર રાંધે છે. હાંશે હાંશે જમાડે છે. પહેલાં તો નોંતરી લઈ જતી વખતે આવેલાં સૌ સગાં, ઢોલી, ભંગી વગેરેને પણ જમાડતા.

આ વખતે કન્યા વરને આમંત્રણ આપતી હોય અને વર લજ્જા સહ એ આમંત્રણનો અસ્વીકાર કરતો હોય એવા ભાવનાં ગીતો ગવાય છે.

**ઉકરડી નોતરવી :**

ઉકરડી નોતરવી એ કૃષિજીવન સાથે સંબંધ ધરાવતી વિધિ છે. વરને ત્યાં હસ્ત મેળાપના આગલા દિવસે ઉકરડી નોતરે છે. (પરણનાર છાણા ઉપર બેસીને આંબાનું દાતણ કરે છે) એટલે ત્રીજી વરધનું લગ્ન હોય તો બીજે દિવસે અને પાંચમી વરધનું હોય તો ચોથો દિવસે અને સાતમી વરધનું હોય તો છટ્ઠે દિવસે ઉકરડી નોંતરે છે.

પરણનાર ઉગમણું માં રાખીને છાણા ઉપર બેસીને આંબાનું દાતણ કરે છે. મુહુર્તમાં માંડવાની જે થાંભલી રોપી હોય તેની આગળની થાંભલી પાસે ખાડો ખોદી તેમાં ચોખાનો સાથિયો પૂરે છે. આગળ પાછળ ઢેબરાં વધાવે છે. પછી છાણાનો સંપુટ, પૈસો અને સોપારી મૂકી દાટી દે છે. આને ઉકરડી નોતરવી કહે છે.

આ વિધિ સવારમાં થાય છે. તે વખતે કુટુંબની અને ગામની સ્ત્રીઓ ભેગી થઈ ગીતો ગાય છે. જ્યારે કંકોત્રીઓ નહોતી લખાતી ત્યારે કંકુ કે હળદરથી ચોખા રંગીને નોંતરાં દેવાતાં હતાં, ત્યારે

નોંતરું લઈને જનાર અમુકને ઘેર આટલા દિવસે ''ખાટાં'' છે. માટે આવજો એમ કહેતો. આ પ્રસંગે મીઠા, મરચા, વગરના મોળાં વડાં કરે છે. એ વડાં આગલી રાત્રે કરી મૂક્યાં હોય છે. ઢેબરાં કરતી વખતે પણ ગીતો ગાવામાં આવે છે. પહેલાં આ ઢેબરાં છાશથી લોટ બાંધીને કરવામાં આવતાં હતાં. આ ખાટાં ઢેબરાં કરવાનો દિવસ એટલે કે તે દિવસે ભેગી થયેલી સ્ત્રીઓ અને બાળકોને ઢેબરાં વહેંચવામાં આવે છે. આ ઢેબરાં સામસામાં આણાં વળી જતાં સુધી પહોંચે એટલાં કરવામાં આવે છે. હાલમાં ઘણી જગ્યાએ પૂરીઓ બનાવવામાં આવે છે.

પહેલાંના વખતમાં તડવીના લગ્ન પ્રસંગે દારૂ વપરાતો હતો તેનો ઉલ્લેખ ગીતોમાં છે. હે ભાભી ! જરા તો અક્કલ રાખ ! સાવ કંજૂસ કેમ બની ગઈ છે ! તારાં ઢેબરાં નથી ચાખ્યાં ને તારો દારૂ પણ નથી ચાખ્યો, તારી તાડી પણ કોણે ચાખી છે ? તારાં તારાંને - તારા પિયરના સગાંને તેં ઘરમાં ખાવા-પીવા બેસાડ્યાં છે. ભાઈનાં સગાને - અમોને તેં બહાર બેસાડી રાખ્યાં છે ? ખાટી છાશ અને મોળા ચોખા-ભાત ખાવાં હોય તો ખાજો એમ તું કહે છે. ઢેબરાંનો ટોપલો તો આમ તેમ ફેરવે છે પણ અમારી પાસે તો આવતોજ નથી. પેલો દારૂનો ભાઠિયો આઘો આઘોજ ફરે છે. પેલી ભાભી મોં મચકોડે છે અને પેલી ભાભી ડોળા કાઢીને ઘૂરકે છે. હે ! ભાભી તું તો વાત ડાહી કરે છે. તું તો વાતોમાં પડી ગઈ; ટોપલો ભરેલાં ઢેબરાં હતાં પણ કકડો ઢેબરું ના આપ્યું, દારૂ હતો તો પણ એક પ્યાલી ન આપી. તમાકુ છે પણ તેમાંથી ચપટી તમાકુ બીડી પીવા ન આપી ! અમે તારા ઉપર નથી આવ્યા અમે તો ભાઈના તેડે આવીયાં છીએ. ભાઈના વહાલને લીધે આવી છીએ એવો વિનોદ ગીતોમાં ગાય છે.

**સીમાડો પૂજવો :**

સીમા ઉલ્લંઘન થાય છે તે વખતે કાંઈ મુશ્કેલી ન પડે તે માટે સીમાડો પૂજવાની વિધિ થાય છે. જે દિવસે ઉકરડી નોંતરવામાં આવે તે દિવસે ઉકરડી નોતર્યા પછી સીમાડો પૂજવા જાય છે. તે વખતે વધામણું પણ લેવામાં આવે છે. સીમાડો પુરો થતો હોય તે જગ્યાએ સમડીનું ઝાડવું હોય ત્યાં છાણથી લીંપે, સાથિયો પૂરે, તેની ઉપર પૈસો-સોપારી મૂકી ઢેબરાં અને ઈંડિયા-પીડિયાથી વધાવે છે. તેને સીમાડો પૂજવો કહે છે.

સીમાડો પૂજવા જતી વખતે હાંકનારને અહિંસાનો બોધ દેતું ગીત ગવાય છે. હે ડાહ્યા ભાઈ, તારા હાથમાં લાલરંગની પરોણી છે. ભાઈને ધૂળ લાગે છે, પણ તમે ગુસ્સે ના થશો. ગામના જણ્યાને ગોંધો ન મારશો, એને દુઃખ થશે.

**લગ્ન વિધિ :**

ગણપતિ સ્થાપનાની શરૂઆત અને હસ્તમેળાપ થયા પછી લગ્નની સમાપ્તિ થાય છે. લગ્નના દિવસો ત્રણ, પાંચ કે સાત અને કોઈ વાર નવ હોય છે. આ દિવસોને વરધ કહે છે. જેટલા દિવસોનું લગ્ન લીધું હોય તેટલી વરધનું લગ્ન કહેવાય છે. ત્રીજી વરધનું લગ્ન હોય તો પહેલે દિવસે ધોંણ ભરાય છે અને ગણપતિની સ્થાપના થાય છે. વરને ત્યાં ગૃહશાંતિ બીજા દિવસે અને કન્યાને ત્યાં ત્રીજા દિવસે થાય છે.

**વરધ લેવા જવું :**

લગ્નના શુભ પ્રસંગે જળકમલ ભરવામાં આવે છે તેને વરધ કહે છે અને આ વિધિને વરધ ભરવી કહે છે. આ માટે સૌથી પહેલાં કુંભારને ઘેરથી કોરા ઘડા લાવવામાં આવે છે. વધામણું લઈને સ્ત્રીઓ કુંભારને ઘેર વાસણો લેવા જાય છે. તેને વરધ લાવવી કહે છે. કુંભારને પાકું સીધું આપે છે. આકડાની પૂજા કરે છે, ત્યાં પૈસો, સોપારી અને સવાઆની મૂકે છે. કન્યાની વરધમાં સાડાસાત બેડાં, ચાર ડમરાં, ગોત્રીજાનું બેડું, બે હાંડલાં, બે કલેડાં અને બે અને બે માટલાં કુંભાર આપે છે. વરની વરધ હોય તો માટલું અને કલેડું એકજ આપે છે. વરધ માથે લીધા પછી વધામણાવાળી વરધ વધાવે છે.

વરધનાં વાસણો લઈને માંડવા પાસે આવે એટલે પરણનાર વરધને ચોખાથી વધાવે છે અને ચાંલ્લા કરે છે. પછી માંડવા નીચે પોટલીઓ ઉતારે છે. પછી પોટલીઓ છોડીને ઘરમાં કે વાડામાં કોઈ ભાંગી ન નાખે તેવી જગ્યાએ બધાં વાસણો ઉંધા મૂકે છે.

વરધનાં સર્જક કુંભારને વખાણે છે. ગામડું પહેલાં સ્વાશ્રયી હતું તેનું અહીં દર્શન થાય છે. સ્વાશ્રયના આગ્રહી વડીલોએ ગામમાં જ સોની, કુંભાર, સુથાર, લુહાર અને ચિતારા જેવા કારીગરોને પોતાના ગામ-નગરમાં વસાવ્યા.

**ગોરમાટી લાવવી :**

ગ્રહની શાંતિ માટે ગ્રહશાંતિ કરવામાં આવે છે. આ માટે ચોરી બનાવવી પડે છે અને ચોરી બનાવવા માટે ગોરી માટી લાવે છે. આ વિધિને ગોરમાટી લાવવી કહે છે. સ્ત્રીઓ સારાં સારાં કપડાં પહેરીને થાળીઓ કે ટોપલીઓ લઈને જાય છે. ત્યાં ચોખાનો સાથિયો પૂરે, પૈસો, સોપારી, પાપડ અને ઢેબરાં મૂકે. કોદાળીને નાડું બાંધે પછી ત્યાંથી ગોરમાટી ખોદે. ગોરમાટી લેવા જતાં અને આવતાં સ્ત્રીઓ ગીતો ગાય છે. આ ગીતોમાં પરણનાર વર કે કન્યાનાં વખાણ કે નિંદા હોય છે.

ગોરમાટી લઈને આવે એટલે પરણનાર ચોખાથી વધાવે છે. એટલે ગોરમાટીને નીચે મૂકે છે. આ વખતે જમાઈને ઉદ્દેશીને ઘણાં ગીતો ગવાય છે. પછી હજામ બધી ગોરમાટી ભેગી કરીને ચોરી બનાવે છે. ગોરમહારાજ હળદર, કંકુ, અબીલ-ગુલાલ વગેરેથી ચોરીને રંગે છે. આને ચોરી ચિતરવી કહે છે.

**મોસાળું : ગ્રહશાંતિ :**

બહેનનું સૌથી પહેલું સંતાન પરણતું હોય ત્યારે ભાઈ મોસાળું લાવે છે. મોસાળું ભરવા જેવી સંપત ના હોય તો ભાઈ પોતાને જે મળે તે લઈને આવે છે અને ઘરમાં આપી દે છે. ''તેને બેઠુંમોસાળું'' કહે છે. મોસાળું ભરે છે ત્યારે મોસાળિયા ગીતો ગાતાં ઢોલ-શરણાઈ વગાડતાં માંડવે આવે છે. પરણનાર મોસાળાની વસ્તુઓ જે સૂપડામાં મૂકીને આણેલી હોય છે. તેને ચાંલ્લા કરે છે અને વધાવે છે. મોસાળું ભરાઈ રહ્યા પછી ગ્રહશાંતિની તૈયારી થાય છે. ગ્રહશાંતિએ બેસનારને હળદરની પીઠી ચોળવામાં આવે છે, પછી તેઓ નાહીને તૈયાર થાય છે. સ્ત્રી પિયરથી આવેલાં કપડાં પહેરે છે. હાથે ગજરા બાંધે છે અને ગળામાં હાર નાંખે છે. પુરુષના ફેંટા કે ટોપી ઉપર તોડો લટકાવે છે અને ગળામાં હાર નાખે છે. ગ્રહશાંતિ કરવા બેસવામાં બહુમાન ગણાય છે. ગ્રહશાંતિની વિધિ બ્રાહ્મણ કરાવે છે. ગ્રહશાંતિની વિધિ પૂરી થતાં સુધી મોસાળાનાં ગ્રહશાંતિનાં, સગાંની કંજૂસાઈના, વહુના પિયરાને નિંદતાં અને વરનાં વખાણ કરતાં ગીતો ગવાય છે. વળી ચોરી કરાવનાર બ્રાહ્મણના લોભ, ભૂલો તથા વેવાઈની ગરીબીની ઠેકડી ઉડાવતાં ગીતો ગવાય છે.

**વરધ ભરવી :**

વરધ ભરવા માટે તેર ઘડા લઈ જવામાં આવે છે. કોઈ કોઈ જગ્યાએ ગોતરીજો પણ ભરીને લાવવામાં આવે છે. છ બેડાં પરણેલી સ્ત્રીઓ લે છે. એ ઘડો જે વાલતી વેલનો ઘડો કહેવાય છે. તે કુંવારી છોકરી લે છે. નદી, તળાવ, કૂવા કે વાવના નવાણ કાંઠે વરધ ભરવા જાય છે. ત્યાં જળ દેવતાની પૂજા કરવામાં આવે છે. સાથિયો પૂરી પૈસો, સોપારી, પાપડ અને ઢેબરાં કે પૂરી મૂકે છે તથા દીવો મૂકે છે. વરધ ભરતી વખતે સ્ત્રીઓ હાલેણી નાચે છે.

ગામની શેરી લાંબી છે. શેરીનો રસ્તો લાંબો છે. એ રસ્તે થઈને વરધ ભરવા જાય છે. વરધ ભરવા જતી નારીના દાંત લાલ હિંગળા જેવા રંગેલા છે. તે પિયુ, પિયુ ઝંખે છે, પણ પિયુ પરદેશ છે તે પિયુને સંદેશો પાઠવે છે.

''હે સાહ્યબા ! મને ઘણું દુઃખ છે. તે દૂર કર આ કૂવાનાં બહારથી ખેંચીને ભરવાનાં પાણી મારાથી ભરાતાં નથી. ઊંડી વાવ ખોદાવ, તેમાં ઉતરીને હું પાણી ભરીશ, મારાથી હલકા ટોડલાનો ભાર ઝીલાતો નથી. માટે સાંકળાં ઘડાવ, હાથનું કડું પહેરાતું નથી વાંક ઘડાવ, હાંસડી ઘડાવ મારા અંગને શોભે એવાં ઘરેણાં ઘડાવો વગેરે ગીતોનો ભાવાર્થ છે.

**ગોતરીજો ભરવો :**

વરધ ભરીને આવે એટલે પરણનાર ચાંલ્લા કરીને વરધને વધાવે છે. એટલે ઘડાને માંડવા નીચે મૂકી દે છે. જે બહેન થતી હોય તે ઘડાને ઢાંકી દે છે. આ વખતે જમાઈને લગતાં ગીતો ગવાય છે. ઘરમાંથી કોઈ દાપું આપવાનું કહે એટલે વરધ ઉઘાડી લે છે. પછી ચોરી ઉપર છાણા ગોઠવી ગોતરીજાનું બેડું, ગાગર અને ઘડો ભરીને મૂકે છે. તેની ઉપર બુઝારો અને તેમાં નાળિયેર અને તેની ઉપર ધોતિયું ઘડીબંધ ઓઢાડે છે. પછી પરણનાર સાથે પાંચ સગોત્રો થઈને ગોતરીજાને ઉંચકે છે પછી બે જણ ઉંચકીને ઘરમાં લઈ જઈને ગણપતિ ચિતરેલા હોય ત્યાં મૂકે છે. લગ્ન પત્યા પછી સારા દિવસે ગોતરીજો ઉઠાવી લઈ તેનું પાણી વાડમાં ઢોળી દેવામાં આવે છે અને પાણી બેઢું કોઈ લઈ જાય છે.

આ પ્રસંગે નાચી-કૂદી ગોતરીજાનું બહુમાન કરે છે. તેથી તેને દાપું આપી રાજી કરાય છે.

**વર કન્યા નવરાવવા :**

વરધ ભર્યા પછી વરને નવરાવે છે. ચાર જણી ચાર ચાર ડમરાં બે અને એક જણી દહીંનો લોટો લે છે. માથું ચોળાવી પછી નવરાવે છે. પાંચ સ્ત્રીઓમાં જે ભાભી હોય છે તે દહીંનો લોટો લે છે. ભાભી નવરાવે પછી બનેવી અગર ભાભી વરને ઘરમાં ગણપતિ પાસે લઈ જઈ ઉભો રાખે છે ત્યાં કપડાં પહેરાવે છે.

આવી જ રીતે જાન આવે, સામૈયું થઈ જાય અને બીજા ઉતારે જાન ઉતરે ત્યાંથી ગોળ ખાવા માટે વેવાઈઓ જાય છે તે વખતે કન્યાને નવરાવે છે.

બનેવી થતા હોય તે ઘરમાં ગણપતિ પૂજન થઈ ગયા પછી વરને ઉંચકીને ચોરીમાં લાવે છે અને બાજઠ ઉપર પધરાવે છે. આને ચોરીમાં પધરાવવું કહે છે. સૌ પ્રથમ ઘરમાંથી વરની માતા વરને કપાળે કંકુ અને ચોખા ચોડી ચોખા વધાવે છે અને એક રૂપિયો ચાંલ્લો કરે છે. આ રૂપિયો વરની કેડે બાંધેલા કપડાને બાંધી દે છે. ત્યાર પછી બીજાં સગા-વહાલાં ચાંલ્લા કરે છે. નિકટનાં સગાં-મામા, માસી, ફોઈ,

ફુઆ વગેરે વધારે રકમનો ચાંલ્લો કરે છે. કેટલાંક સગાં ચાંલ્લામાં જણસો આપે છે.

ચાંલ્લો કર્યા પછી વર અને તેના સરવાણિયાને ઘરમાં જમવા લઈ જવામાં આવે છે. આને શુકન કરવો કહે છે. શુકન કરીને નીકળ્યા પછી વરને ઘોડે અગર માફામાં કે ડમણિયામાં બેસાડે છે. આ વરને બહેનો, માતા, મામી, ફોઈ અને બીજી કુટુંબની સ્ત્રીઓ કોપરાંથી વધાવે છે. ગામમાં જે ઘર આગળ રહીને વર જાય તે ઘરની સ્ત્રી પણ વધાવે છે. આને કોપરાં વધાવવાં કહે છે.

**વરરાજાનો શણગાર :**

જૂના વખતમાં કેડે સૂરવાલ, શરીરે રાજા પહેરે છે તેવો શેરવાની જેવો કોટ, માથા ઉપર માંડવ મૂકતા. તેને કલગી લગાવે. પછી વરની આંખો મેશથી આંજી ગાલે નજર ન લાગે તે માટે ગાલ નજરિયાં કરે. ગળામાં એક્સરી પહેરે. હાથમાં કાંડા ઉપર પાંચી પહેરે. કાને સોનાના કાંટા-ખૂંપા પહેરે છેવટે જમણા પગે સાંકળું પહેરે, પછી 'પાટિયું' નામના રેશમી લુગડાની કેડ બાંધે અને હાથમાં કટાર ખોસેલું નાળિયેર ઝાલે છે.

**સામૈયું-ગરવાણું :**

વર ગામને ગોંદરે આવીને ઉતરે એટલે છોકરીઓ ગીતો ગાવા દોડી આવે છે. જાનૈયાને અનુલક્ષીને હાસ્ય, રમૂજ અને કટાક્ષ વેરતાં ગીતોની રમઝટ બોલવા માંડે છે. કન્યાપક્ષ તરફથી સામૈયું કરે છે.

**કલવો :**

વર બીજા ઉતારે આવે એટલે પાંચ જણ ગોળ ખાવા વેવાઈને ત્યાં જાય છે. ગોળ ખવાયા બાદ કન્યાની ફોઈ કલવાનો કંસાર બનાવે છે. ભાઈની દિકરી પરણે ત્યારે ફોઈ કલવો બનાવે એવો રિવાજ છે. આ કલવો રાંધેલો લઈ જવાનો રિવાજ છે. પરંતુ હવે પછી ગોળ અને લોટનો કોરો કલવો પણ લઈ જવાય છે. કલવો પાંચ શેર તો કોઈ સવાશેર રાંધે. ફોઈના હાથમાં ઘીની વાઢી અને ફુઆના હાથમાં કલવાની થાળી હોય છે. તેમની સાથે વરબેડિયા પણ લાવે છે.

વરની આગળ થાળી મૂકી ફોઈ સાસુ વાઢીથી ઘી રેડે. ઘીની વાઢીને વરરાજા પકડી રાખે કે જેથી બધું ઘી પડી જાય. કોઈ કોઈ વરરાજા વાઢીના નાળચે હાથનો અંગુઠો દઈ રાખે છે, જેથી ઘી ન પડે અથવા ઘી પડી ગયા પછી વાઢીને પકડી રાખે ફોઈસાસુ કંઈ આપવાનું કહે એટલે વરરાજા નાળચું મૂકી દે છે.

વરનો બનેવી વરને પાંચ વખત કલવો ખવડાવે અથવા ગોળ પાંચ વખત થોડો થોડો આપે. કલવો બીજા જાનૈયા ખાઈ જાય. કલવો ન ખાઈ શકાય તો કેટલીક જગ્યાએ દંડ લેવામાં આવે છે. કલવાનો કંસાર ખાવાથી રતાંધળાપણું જાય છે એવી લોક માન્યતા છે.

વરબેડિયાં એક પરણેલી અને એક કુંવારકા લે છે. એકમાં સાત પૈસા અને બીજામાં સાત સોપારી નાખે છે.

**હસ્તમેળાપ :**

હસ્તમેળાપની ક્રિયાને તડવીઓ, 'હાથમેળો' કરવો કહે છે. મંગળફેરાને 'મંગળવરની' કહે છે. મંગળફેરામાં વરકન્યા વારાફરતી આગળ પાછળ જાય છે. એમાં જે જલદીથી ફરે તે ચતુર ગણાય છે, એટલે ઘણીવાર કન્યા ફરતી વખતે ઉતાવળ કરે છે.

વરકન્યાને સગાંઓ કન્યાદાન આપે છે. પશુધન અને સોનું રુપું આપે. તેઓ માને છે કે પૈસા આપીશું તો પાણીની માફક વપરાય જશે પરંતુ પશુધન હશે તો તેઓ વધશે. સોનું-રુપું ટકશે અને તેમનું નામ અમર રહેશે.

**કન્યા વિદાય :**

પલ્લું વધાવ્યા પછી કન્યાને કપડાં - ઘરેણાં પહેરાવી તૈયાર કરે છે. એક થાળીમાં કંકુ પલાળી તેમાં હાથ બોળીને વર કન્યા પાંચ ઘેર હાથ-થાપા મારે છે. પછી વર કન્યા માંડવે આવે છે. વર માંચી ઉપર અને કન્યા બાજઠ ઉપર ઉભી રહે છે. પછી ગોર અથવા હજામ વરકન્યાના હાથમાં અનાજ આપે છે. વરકન્યા પાંચ વખત ડાંગરથી માંડવો વધાવે છે. પાંચમી વખતે વર સુપડું માંડવા ઉપર નાખે છે. પછી દેવને પગે લાગી વર-કન્યા ચાલે છે.

પોતાની પાળેલી દીકરી પરકુળને ઉજાળવા જઈ રહી છે. તે ટાણે સૌને દુઃખ થાય છે. કન્યા વિદાય વખતે એમનાં ગીતોથી શ્રોતાઓનાં હૈયાં ભરાય જાય એવાં છે. સાસરે જતાં કન્યાને માવતરથી છૂટા પડવાનું થાય છે. તેથી તે રડે છે. ત્યારે તેની સહેલીઓ કન્યાને આશ્વાસન આપે છે. બહેન ના રડીશ; આગળ મોસાળ આવે છે. મામી તને પાછી વાળી રોકી લેશે માટે રડીશ નહીં. કન્યાના મનમાં આશ્વાસન બંધાય છે. રસ્તામાં ફોઈ, મામાનાં ઘર આવે છે. તેમને મળી શકાશે તેમને ત્યાં થોડા દિવસ રહી શકાશે.

**વરવધૂ પોંખવાં :**

વરને માંડવે વધૂ આવે છે. કન્યા મંડપમાં વરનું પોંખણું થયું તેવીજ રીતે વર-મંડપે વધૂનું પોંખણું થાય છે. વધૂ ડોડિયાનો સપુટ ભાંગે છે. પછી ચોરી ઉપર ચોળી મૂકી રવૈયાથી વર-વધૂ મહીમંથન કરે છે. એ વખતે વહુ પોતાને છેડેથી સવારૂપિયો છોડીને ઝોળીમાં નાખે છે. થોડી વારે વહુ માખણ થયું કે નહીં તે તપાસવા ગોળીમાં હાથ નાખી જુએ છે. એ પાણીમાં હાથ બોળી વરને છાંટા નાખે છે. પછી માંડવામાં છાંટે છે અને છાંટતી છાંટતી ઘરમાં પેસે છે.

ઘરમાં ગણેશ પાસે વર-વધૂ બેસે છે. ત્યાં વર, વધૂના હાથનું અને વધૂ વરના હાથનું મીંઢળ છોડે છે. પછી એક થાળીમાં પાણી છોડી કંકુ નાખે છે. તેમાં વીંટી અને એક રૂપિયો નાખે છે. પછી વર-કન્યા તે લેવા માટે હરીફાઈ કરે છે. આમ પાંચવાર કરે છે. છેવટે જેના હાથમાં રૂપિયો આવે તેનું ઘરમાં ચલણ થશે એમ મનાય છે.

આ વિધિ થઈ રહ્યા પછી વર-વધૂ વેરાઈ માતાએ જાય છે. ત્યાં વર કાચા સુતરથી સ્થાનકને વીંટે છે અને તેની પાછળ વધૂ દૂધની ધાર કરતી ચાલે છે. છેવટે મીંઢળ અને વહુનું મોડિયું ત્યાં મૂકી દેવાય છે. નાળિયેર વધેરે છે. પછી સૌ ઘેર આવે છે. ઘેર આવી વર વડીલોને પગે પડે છે અને વધૂ નણંદ સાથે પાણી ભરવા જાય છે. પાછાં ફરતાં પોતાના ધોણના ચોખા-કરડ ખોળામાં ઘાલ્યા હોય છે. તે જે મળે તેને વહેંચતી વહેંચતી ઘેર આવે છે. આટલું થયા પછી લગ્ન વિધિ પૂરો થયેલો ગણાય છે.

વાયદા પ્રમાણે વહુના પિયરથી તેડવા આવે છે. તેને આણું કહે છે. તેવી જ રીતે વર તરફથી આણું મોકલીને વહુને તેડી લાવે છે.

**મૃત્યુ :**

ધાનકાઓમાં મૃતદેહને બાળવાનો અને દાટવાનો એમ બન્ને રિવાજ છે.

ગામમાં જેના ઘેર કોઈનું મૃત્યુ થયું હોય ત્યાં બધા પહોંચી જાય છે અને મૃત્યુ પામેલ વ્યક્તિનાં ઘરનાને આશ્વાસન આપે છે. સગાસંબંધીઓને બોલાવવામાં આવે છે. એક તરફ લાકડાં કાપીને સ્મશાનમાં મોકલવામાં આવે છે. જ્યારે બીજી બાજુ સુથારને બોલાવીને મૃતદેહ માટે ઠાઠડી તૈયાર કરવામાં આવે છે અને ચાર છેડે નાળીયેર બાંધવામાં આવે છે. ઠાઠડી ઉપર મુકતાં પહેલાં મૃતદેહને નવડાવવામાં આવે છે. તેઓ કાળા રંગના માટીના વાસણમાં પાણી ગરમ કરી લોટાના બદલે તુંબડાનો ઉપયોગ કરી મૃતદેહને નવડાવે છે અને કપડાં પહેરાવે છે.

જો કુંવારો છોકરો કે કુંવારી છોકરી મરી ગઈ હોય તો તેને પીઠી ચોળીને સ્નાન કરાવવામાં આવે છે. ત્યારબાદ મૃતદેહને ચોખ્ખી જમીન ઉપર કે ગામના છાણથી લીંપેલી જગા ઉપર મુકવામાં આવે છે. પાસે રામદીવો સળગાવે છે. મોઢામાં ગંગાજળ અને તુલસીનાં પાન મૂકે છે. આમ ઘરમાં વિધિ પૂરી થાય છે ત્યારબાદ મૃતદેહને ઠાઠડી ઉપર સુવડાવી બાંધવામાં આવે છે અને એની પર કફન ઓઢાડવામાં આવે છે અને સ્મશાન તરફ લઈ જવામાં આવે છે. મૃતદેહની ઠાઠડી આગળ એક માણસ માટલું લઈને ચાલતો હોય છે તેમાં સળગતાં છાણાં હોય છે. રસ્તે ચાલતાં ચાલતાં ઉંચકનારાઓ ''રામબોલો ભાઈ રામ'' નો ઉચ્ચાર કરે છે. ભજનો અને ધૂનો પણ બોલે છે.

સ્ત્રીઓ ગામની ભાગોળ સુધી જાય છે. શબને સ્મશાનમાં લઈ જતી વખતે વહેરાઈ માતાના સ્થાનક આગળ ઉતારે છે અને જે જલપાત્ર સ્નાન કરાવાનો ઉપયોગ કર્યો હતો તે જલપાત્રને વિધવા બાઈ પાસે પથ્થર પર તોડી નંખાવે છે. આ સાથે તુંબડાને પણ તોડી નાંખવામાં આવે છે. પછી પુરુષો જ શબને બાળવા સ્મશાને જાય છે અને સ્ત્રીઓ નદીએ સ્નાન કરવા જાય છે.

સ્મશાનમાં જઈ મૃતદેહને મૂકે છે અને લાકડાની ચેહ બનાવી ઉપર મૃતદેહને મૂકી તેના પર થોડાં લાકડાં મૂકી કુટુંબીમાંથી એક જણ આગ ચાંપે છે. એના પર ઢાંકેલું હોય તે કફન હરીજનને (ભંગીને) આપી દે છે. મૃતદેહ બે અઢી કલાકમાં બળીને રાખ થઈ જાય છે ત્યારપછી નદીમાં સ્નાન કરી ગામમાં પાછા ફરે છે. મૃત્યુ પછી સ્ત્રીઓ બારમું થાય ત્યાં સુધી રડતી હોય છે અને પુરુષો રાત્રે ભજન કિર્તન કરે છે.

**બારમું :**

મૃત્યુ પછી બારમે દિવસે બારમું કરે છે. આ વિધિ બે દિવસ ચાલે છે. પહેલા દિવસે પુરુષો અને છોકરાઓ કેશ મુંડન કરાવે છે અને સ્મશાનમાં જઈ મૃતદેહ બાળ્યો હોય તે સ્થળની રાખને પાણીમાં નાખી દે છે અને તે સ્થળને પાણી નાંખી સાફ કરવામાં આવે છે. આને ''સ્મશાન ધોવું'' એમ કહે છે.

આ સ્મશાન ધોવા આવતી વ્યક્તિઓ વાંસની બે નળીમાં ગૌમુત્ર અને બે નળીમાં દૂધ ઉપરાંત સાત જાતનું અનાજ ભેગું કરેલું હોય તેને વિધવા પાસે ઉંધી ઘંટીએ દળાવી તેની પાસેજ ઢેબરાં બનાવડાવેલાં હોય તે લઈ જાય છે અને જે સ્થળે અગ્નિસંસ્કાર કર્યો હોય ત્યાં તે સ્થળ અપવિત્ર થયું છે એમ માની પવિત્ર કરવા ગૌમુત્ર અને દૂધ પવિત્ર છે એમ માન્યતા હોવાથી લઈ જઈને ત્યાં મૂકે છે અને તે સ્થળને પવિત્ર કરે છે. બીજા દિવસે સગાંસંબંધીઓ ભેગાં થાય છે અને આખી રાત ભજન-કિર્તન કરે છે અને

મૃત્યુ પામેલ વ્યક્તિને જમાડવામાં આવે છે. (રાંધેલું અનાજ અગ્નિમાં નાખવામાં આવે છે.) જેને ''આગમાં નાખવું'' એમ કહે છે.

જે સગાંઓ ભેગાં થાય છે તે લગ્ન વખતે ચાંલ્લો કરવામાં આવે છે તેમ જે ઘરની વ્યક્તિ મૃત્યુ પામી છે તે ઘરના માલિકને પૈસા આપે છે. જેને ''વહેવાર કરવો'' એમ કહે છે. જે ઘર માલિક ચાંલ્લારૂપે સ્વીકારે છે. આ દિવસે બધાં સગાઓ અને ગામની નાતનાં સભ્યોને જમાડવામાં આવે છે. બારમાની વિધિ પતી ગયા પછી બધાંજ સગાંઓ વિદાય લેતી વેળા કુટુંબીજનોને મરી ગયેલ વ્યક્તિને હવે ભૂલી જવું એમ સમજાવે છે અને વિદાય લે છે.

**શ્રાધ્ધ :**

ભાદરવા મહિનામાં છેલ્લા પંદર દિવસને શ્રાધ્ધના દિવસો કહેવામાં આવે છે.

આ માસમાં વ્યક્તિ જે તિથિએ મૃત્યુ પામી હોય તે દિવસે શ્રાધ્ધ કરવામાં આવે છે. દા.ત. કોઈ વ્યક્તિ આઠમને દિવસે મૃત્યુ પામી હોય તો ભાદરવા વદ આઠમના દિવસે શ્રાધ્ધ કરવામાં આવે છે. આ દિવસે કાગડા-કુતરાઓને ભાખરીનો ''વાસ'' આપવામાં આવે છે. જે મૃતદેહ દેવ બનીને ઉપરોક્ત સ્વરૂપે આવીને લઈ લે એવી માન્યતા છે. આ દિવસે સારું ભોજન બનાવાય છે. આમ મૃત્યુ પછી અનેક વિધિઓમાંથી પ્રસંગો પસાર થાય એટલે મૃતાત્માને શાંતિ મળે એવી માન્યતા એમનામાં જોવા મળે છે.

## પ્રકરણ-૬

## ધાર્મિક જીવન

ધાનકાઓના સમગ્ર જીવન સાથે ધર્મ જોડાયેલ છે. ધર્મ સામાજિક, આર્થિક ક્રિયાઓ અને પ્રસંગો સાથે વણાઈ ગયેલ છે. ધર્મનું મહત્વ જીવન વહેવારનાં દરેક પાસાં સાથે ગુંથાયેલ છે, ધર્મનું કોઈ આગવું દર્શન દેખાતું નથી. ધર્મ વિશેની ગહન વાતોમાં તેને રસ નથી, પણ ધર્મ એ પોતાના જીવનમાં આવેલ મુશ્કેલીઓને નિવારવા માટેનું રક્ષણાત્મક સાધન તરીકે દેખાય છે. જયાં ભય લાગે ત્યાં કોઈને કોઈ દેવી-દેવતાનો આશરો શોધી ભૂવાના (બડવાના) માધ્યમ દ્વારા વિધિ-વિધાનો અને બલિદાનો આપી ભયમુક્ત થવાના પ્રયત્નો કરે છે. ધર્મનું મુખ્ય પાસું પિતૃપૂજા, ભૂત-પ્રેત અને ડાકણ વિધિ છે. ધર્મના ક્ષેત્રે ભુવાઓનું સ્થાન પણ અતિ મહત્વનું છે. અનેક દેવ-દેવીઓની પૂજા કરે છે. જેમાં હિન્દુ દેવો અને પોતાના પરંપરાગત દેવો પણ છે, ધર્મનું અલગ અસ્તિત્વ કલ્પવું મુશ્કેલ છે. એક એક કાર્યમાં દેવનું આહવાન કરી વિઘ્નો દૂર રહે તે માટેના દેવોને રીઝવવાના પ્રયત્નો કરતો હોય છે.

ધાનકાઓ દિવાળી, હોળી, અખાત્રીજ વગેરે તહેવારો પણ પોતાની રીતે ઉજવે છે, આ તહેવારોની ઉજવણીમાં પિતૃઓનું આવહાન કરવામાં આવે છે. આ ઉપરાંત કોઈપણ નવું કામ શરૂ કરવામાં, ખેતીની શરૂઆતમાં, ઘર બાંધવામાં, નવું અનાજ કાઢતાં, અનાજ ઘરમાં ભરતાં, નવું પશુ ખરીદતાં કે દરેક સામાજિક પ્રસંગે દેવો અને પિતૃઓને યાદ કરી જે-તે દેવની પૂજાવિધિ કરી તેને ખુશ કરી પોતાની મિલ્કતમાં વધારો થાય, રક્ષણ થાય અને કોઈ જાતની મુશ્કેલી ન સર્જે તે માટે બકરા કે મરઘાનું બલી આપી દારૂની શાક પાડવામાં આવે છે.

ઉજવવાના તહેવારો આ પ્રમાણે છે :

**તહેવારોની ઉજવણી :**

**(૧) દિવાસો :**

આ દિવસે ધાનકાઓ બડવાને બોલાવીને પૂર્વજો પિતૃદેવ વગેરેની પૂજા કરે છે. દેવને લોબાનનો ધૂપ ચઢાવે છે. પાવો વગાડે છે અને નાચે કૂદે છે. બકરું, મરઘું વગેરે ચઢાવે છે અને દારૂ તાડીની મહેફિલ માણે છે. ઢેબરાં અને ઘઉંના પૂડા બનાવે છે.

(૨) દિવાળી :

ગામમાં બધા જ લોકો ચોમાસુ ખેતીના કામમાંથી નવરા થાય એટલે કે ખેતરમાંથી બધું અનાજ ઘરમાં આવી જાય પછી આ તહેવાર મનાવે છે. આપણી જેમ એમની દિવાળી ચોક્કસ દિવસે આવતી નથી. તેઓ આને સહિયારી દિવાળી કહે છે. ગામના વડીલ વર્ગ ભેગા મળી ખાત્રી કરે કે બધાના ખેતરમાંથી અનાજ આવી ગયું છે. ગામમાં કોઈ માંદુ તો નથીને. કોઈ આ દિવસોમાં મરી તો નથી ગયું ને ? અને ખાત્રી કર્યા બાદ દિવાળીનો દિવસ નક્કી કરે છે.

આ તહેવારના દિવસે ગામનાં બધાંજ કુટુંબો એક સ્થળે ભેગાં થાય છે. બકરો કાપીને એના ભાગ પાડવામાં આવે છે. તે દિવસે ઘેર અડદની દાળનાં ઢેબરાં બનાવે છે. વડાં કરે છે. સામેલના રોટલા બનાવે છે તે દિવસે સગાં-વહાલાંને બોલાવે છે. તેઓ દારૂ લઈને આવે છે અને બધાં સાથે બેસી ખાય-પીએ છે. બે દિવસ સુધી આ તહેવારની ઉજવણી થાય છે. દરેક ગામમાં જુદા જુદા દિવસોએ દિવાળી થતી હોય છે. જેથી સગાંઓ એકબીજા ગામમાં આ તહેવાર મનાવવા જાય છે.

(૩) અખાત્રીજ :

આ દિવસે લોકો ફળીયે ફળીયે ફરે છે અને બકરાં, મરઘાં મારે છે. દારૂ-તાડી પી એક બીજા પર છાંટે છે. આ દિવસે રાત્રે બધા ભેગાં મળી ફળીયામાં જેનું ઘર આગળ પડતું હોય તેને ત્યાં જાય છે. ત્યાં બધાનું દારૂ-તાડીથી સ્વાગત થાય છે. ત્યાર બાદ જુવાનીયાઓ વાંસળી અને પાવો લઈ વગાડે છે અને નાચે છે અને મોડી રાત્રે આનંદ સાથે છૂટા પડે છે. આ દિવસે દરેક ઘેર વડાં, ઢેબરાં, ઘઉંના પૂડા અને મરઘાંનું શાક બનાવીને ખાય છે.

(૪) હોળી :

આ ઉત્સવના દિવસે રંગબેરંગી નવાં નવાં કપડાં પહેરી સ્રીઓ બધાં જ ઘરેણાં પહેરી જયાં ગામમાં હોળી બનાવી હોય ત્યાં ભેગાં થાય છે અને નાળીયેર તેમજ અન્ય વસ્તુઓને હોમે છે અને હોળીના પાંચમે દિવસે રંગપંચમી આવે છે. ત્યારે કેસુડાના રંગથી એક બીજાને રંગી દે છે. દિયર-ભાભી, દેરાણી-જેઠાણી તેમજ ગામના જુવાનીયાઓ એક બીજાને રંગ છાંટે છે. આ દિવસે ઢોલ અને વાંસળી વગાડી જુવાનીયાઓ નાચે છે. આ એકજ તહેવાર એવો છે કે જે બધાની સાથે આવે છે.

**દેવ-દેવતાઓ :**

ધાનકા જાતિમાં અન્ય હિન્દુ જ્ઞાતિઓની જેમ દેવ-દેવીઓ પ્રત્યે શ્રધ્ધા જોવા મળે છે. તેથી તેઓ તેને પૂજા કરી બલી ચઢાવતા જોવા મળે છે. તેમાં મરઘાં, બકરાં કે શ્રીફળ ચઢાવે છે.

એમના દેવોમાં ભાથીજી મહારાજ, હનુમાનજી, રામદેવપીર, મેલડીમાતા-વહેરાઈ માતા, ઝાંપડી માતા વગેરે ઉપરાંત રામ, કૃષ્ણ અને શંકર જેવા દેવો પણ જોવા મળે છે. આ સૌ દેવોને તેઓ ભગવાન તરીકે પૂજે છે. ભક્તો પોતાના ઘરમાં તેમના ફોટા રાખીને પૂજે છે. ઉપરાંત તેઓ ગામમાં વચ્ચે કે સીમાડા પર મંદિર બાંધી તેમાં મૂર્તિની સ્થાપના કરી પૂજા કરતા જોવા મળે છે. કેટલાંક દેવ-દેવીઓને તેઓ ઝાડ નીચે ભૂવા-જાગરીયા દ્વારા બેસાડે છે અને ભૂવા જ એમની પૂજા કરી તેને બલી ચઢાવે છે.

**ભાથીજી મહારાજ :**

ભાથીજી મહારાજનું મોટું સ્થાન ફાગવેલ ગામે આવેલું છે. ઉપરાંત ગામડે ગામડે પણ ભાથીજીનાં મંદિર જોવા મળે છે. તેઓ શુધ્ધ દેવ તરીકે પૂજાય છે. આ દેવના સ્થાનકે દર વર્ષે દેવદીવાળીના તહેવાર વખતે જવારા નાખવામાં આવે છે. આ દિવસોમાં રાત્રે આઠ દિવસ સુધી ભજન-કિર્તન કરી ભૂવાઓને ધુણાવવામાં આવે છે. દેવને ભોગ ધરાવવા માટે શ્રીફળ, સુખડી અને ઘીનો દીવો વગેરે ધરાવવામાં આવે છે. અઠવાડિયા સુધી ઉત્સવ મનાવવામાં આવે છે.

એમને પૂજવા પાછળની એવી માન્યતા છે કે ઝેરી પ્રાણી કરડે જેમકે સાપ, વિંછી વગેરે તો આ દેવની બાધા માની ઝેર ઉતારવા લીમડાના પાનનો કડવો રસ બનાવી સાપ જેને કરડેલો હોય તેને પાવામાં આવે છે. ઉપરાંત મંત્રતંત્રથી આ દેવનો ભૂવો ઝેર ઉતારે છે. કયારેક આવેશમાં આવી જઈ ભૂવો ઝેર ચૂસી પણ લેતો હોય છે. ત્યાર પછી આ દેવને ઘીનો દીવો કરી શ્રીફળ વધેરવામાં આવે છે.

આ દેવને ઘણી શ્રધ્ધાથી તેઓ પૂજે છે.

**બળિયાદેવ :**

આ દેવનું સ્થાનક દરેક ગામમાં જોવા મળે છે. બળિયા અને અછબડા અને ફોલ્લાવાળા દર્દીના આ દેવ છે. આ શુધ્ધ દેવ છે. આ દેવને પગે પડવા જાય છે. બીજા દેવો કરતાં આને મહાન ગણવામાં આવે છે.

જયારે નાના બાળક અથવા યુવાનને બળિયા (small pox) નીકળે ત્યારે આ દેવની પૂજા કરવામાં આવે છે. ઉપરાંત નાના બાળકને પ્રથમ શીતળાની રસી મૂકાવવામાં આવે ત્યારે પણ તેની બાધા રાખવામાં આવે છે અને જેને બળિયા નીકળે તેને ૧૦ દિવસ સુધી સ્નાન કરાવવામાં આવતું નથી. લીલાં શાકભાજી પણ તેલમાં તળીને આપવામાં આવતાં નથી અને દશ દિવસ પછી પગે પડવા માટે લઈ જાય છે ત્યારે જુવારની ધાણી, શ્રીફળ, માટીનો ઘોડો લઈ જાય છે અને ઘીનો દીવો કરી અગરબત્તી સળગાવે છે અને બળિયાદેવની માનેલી માનતા પૂરી કરે છે.

**હનુમાનદાદા :**

હનુમાનજીનું સ્થાનક ગામડે ગામડે જોવા મળે છે. લોકો મહાદેવના નામથી પણ હનુમાનજીને ઓળખે છે. જેમકે લીમડી ગામમાં લીમડેશ્વર મહાદેવ- સુરપાણ ગામમાં સુરપાણેશ્વર મહાદેવ વગેરે. આ મહાદેવ પાછળની એવી માન્યતા છે કે લંકાદહન વખતે હનુમાનજીને રામ-સીતાએ તેલ અને સિંદુરનું માલીસ કર્યું હતું અને રામે આકડાનાં ફુલની માળા પહેરાવી હતી અને વરદાન આપ્યું કે ''માનવી લોક કાયમ તેલ સિંદૂર અને આકડાના ફુલની હારથી તારી પૂજા કરશે'' તેથી આજે પણ ધાનકાઓ આ રીતે જ પૂજા કરતા જોવા મળે છે. તેઓ તેલ, સિંદૂર આકડાનું ફુલ, લાલ ધજા અને પછી તેલનો દીવો કરી શ્રીફળ ધરાવે છે અને શનિવારે ઉપવાસ કરે છે. શનિવારના દિવસે તેઓ વાળ, દાઢી અને નખ કાપતા નથી.

**મેલડીમાતા :**

મેલડીમાતા બધી દેવીઓમાં ઘણી જ શક્તિશાળી ગણાય છે. આ દેવીનું સ્થાન બધાં જ ગામડામાં નથી. આ દેવીની ઉત્પત્તિ સાત જોગણીઓના શરીરના મેલમાંથી થયેલી એમ માની તેનું નામ મેલડીમાતા રાખેલું એમ જાણવા મળે છે. એનું સ્થાનક અમુક ઘરોમાં જ એક ખુણામાં ગોખલામાં હોય છે.

આ દેવી ચૂડેલ કે ભૂત-પ્રેતને ઘરમાં આવી નુકસાન કરવા દેતી નથી અને કુટુંબનું રક્ષણ કરે છે. ઘરમાં કોઈ બીમાર પડે તો આ દેવીની બાધા રાખવામાં આવે છે. બાધામાં તેઓ મરઘાંનું બલિદાન આપવાનું જણાવે છે. કેટલીકવાર બકરાનું પણ ભૂવાઓ બલિદાન આપે છે. વાંઝિયાપણું દૂર કરવા પણ આ દેવીની બાધા રાખવામાં આવે છે.

**વહેરાઈ માતા :**

ગામની નજીક વહેરાઈ માતાનું સ્થાનક હોય છે. આ દેવી ગામની કુળદેવી તરીકે માનવામાં આવે છે. નવરાત્રીના દિવસોમાં ગરબા ગાઈને દશેરાના દિવસે એની પૂજા કરવામાં આવે છે. પરણીને આવેલાં નવદંપતિને આ માતાને પગે પડાવવામાં આવે છે. અહીં શ્રીફળ વધેરી બન્નેના હાથનાં મીંઢળ છોડવામાં આવે છે.

ગામમાં કોઈ વ્યક્તિ મૃત્યુ પામે તો અહીં વિસામો આપવામાં આવે છે. સ્ત્રીનો જો પતિ મૃત્યુ પામે તો અહીં પોતાના સૌભાગ્યરૂપ બંગડીઓ કાઢીને ફોડી નાખવામાં આવે છે.

પરણીને કોઈ પણ સ્ત્રી આ ગામમાં આવે તો ત્યારે આ માતા આગળ તે પ્રાર્થના કરે છે કે ''હું તમારા દરબારમાં આવી છું આપ મારું રક્ષણ કરવા બંધાયાં છો'' અને મરણ પામે ત્યારે એવી અનુમતિ લેવામાં આવે છે કે ''હું તમારા દરબારમાંથી સદાને માટે વિદાય લઉં છું.'' એવી અનુમતિ લેવા મૃતદેહને અહીં ઉતારવામાં આવે છે.

**ઝાંપાની ઝાંપડી માતા :**

આ માતાનું સ્થાન દરેક ગામને સીમાડે હોય છે. તે ગામનું ચારે દિશાએથી રક્ષણ કરે છે. બહારથી આવતી અનેક પ્રકારની મુશ્કેલીઓને રોકે છે. ખાસ કરીને ડાકણને ગામમાં પ્રવેશતાં આ માતા રોકે છે એમ માનવામાં આવે છે.

હોળીના દિવસે આ માતાની પૂજા કરવામાં આવે છે. તે દિવસે બકરાનો બલી ચઢાવવામાં આવે છે. અને તોરણ બનાવી ગામની ભાગોળે લટકાવે છે. તોરણમાં આંબાના પાન, મહુડાના પાન કે ડાળીઓ કેસુડાનાં ફુલ અને નાળિયેર હોય છે. ઉપરાંત બલી આપેલ બકરાની પૂંછડી પણ તોરણમાં લટકાવે છે. વરરાજા જયારે પરણવા જાય ત્યારે આ માતાને ફુલોનો હાર પહેરાવી પરણવા જવાની અનુમતિ માગે છે. પરણીને હેમખેમ પાછો આવે એવી પ્રાર્થના કરે છે.

આ સિવાય ધાર્મિક ક્ષેત્રે ભૂત-પ્રેતનું પણ એટલું જ મહત્વ દેખાય છે. આ ઉપરાંત 'ડાકણનો વિચાર પણ સમગ્ર સમાજમાં ફેલાયેલ દેખાય છે. ડાકણ કોઈ જીવતી સ્ત્રી હોય છે જે અનેક પ્રકારની મારણ વિદ્યાઓ જાણતી હોય છે. જેનો ડર ખૂબ જ જોવા મળે છે. ડાકણની ખબર પડે તો લોકો તેને મારી નાંખે છે. આ ડાકણની વિદ્યા પણ ભૂવાઓ ઉતારે છે. જે કામ ઘણું મુશ્કેલ ગણાય છે. આ વિદ્યા મનુષ્યને માટે નુકસાનકારક હોવાથી ડાકણ તરફ ધૃણાની નજરે જોવાય છે. જયારે ભૂવાની વિદ્યા ઉપકારક છે અને તે લોકોનાં દુઃખ દર્દો દૂર કરે છે. લોકોને મદદ કરે છે. જેથી તેનું સ્થાન મહત્વનું છે.

## પ્રકરણ-૭

# ધાનકાઓમાં શિક્ષણ

દરેક પ્રજાની ઉન્નતિનો મોટો આધાર કેળવણી પર છે. શિક્ષણના અભાવે આદિવાસી પ્રજા અત્યાર સુધી અજ્ઞાનતાના અંધકારમાં અટવાતી આવી છે; આર્થિક રીતે ચુસાતી આવી છે; જુદી જુદી રીતે કચડાય પણ છે; આર્થિક, સામાજિક અને ભૌતિક રીતે દરિદ્ર બની છે. વિવિધ રીતે પાંગળી બનેલી આ પ્રજામાં નવો પ્રાણ પુરવા શિક્ષણ એ ઉત્તમોત્તમ અને પાયાનું સાધન છે. આ પ્રજાને પાયામાંથી બેઠી કરવા, આર્થિક રીતે સધ્ધર બનાવવા અને સામાજિક રીતે આગળ લાવવા માટે શિક્ષણ એ જ એક ઉત્તમ ઈલાજ છે. શિક્ષણ દ્વારા જ નવું જીવન પ્રાપ્ત કરી શકશે.

**શિક્ષણનો હેતુ :**

જેમ એક નાનકડા વડલાના બીજમાં એક મહાવડની સંભાવના પડેલી છે તેમ મનુષ્યની અંદર અનંત મહાશક્તિ બીજ રૂપે રહેલી છે તેનો શિક્ષણ દ્વારા વિકાસ થવો જોઈએ. શિક્ષણ એટલે મનુષ્યની અંદર રહેલું હીર બહાર લાવવું. કેળવણીનો હેતુ બાળકને અને આખા સમાજને ભાવિ જીવન માટે તૈયાર કરવાનો છે. ટૂંકમાં શરૂઆતથી જ બાળકનાં શરીર, મન અને હૃદયનો સર્વાંગી વિકાસ સાધવો અને તેના ચારિત્રનું ઘડતર કરવું. વિદ્યાર્થીનું શરીર ખડતલ થાય, તેની બુધ્ધિ તેજસ્વી બને, હૃદય વિશાળ થાય, તેની ભાવનાઓ ઉન્નત અને ઉર્ધ્વગામી બને અને તે સમાજને, રાષ્ટ્રને ઉપયોગી થાય તેવી કેળવણી શિક્ષણ આપવું તે છે.

''પાયાની કેળવણી'' ની શોધને ગાંધીજીએ પોતાની અણમોલ અને ઉત્તમ ભેટ કહી છે. હિંદમાં નવ સંસ્કૃતિના નિર્માણ માટેનો તે કાર્યક્રમ છે. તેની અંદર સાચે જ નવનિર્માણની ક્રાંતિશક્તિ રહેલી છે. બાળકને ઉપયોગી થાય તેવા ઉદ્યોગની આજુબાજુ કેળવણી ગુંથવાથી તે ઉદ્યોગ બાળકને અને સમાજને ઉપયોગી થાય છે. તેમાંય નવી તાલીમ આમાં મહાન ભાગ ભજવી શકે તેમ છે; જે આદિવાસીઓના વિકાસમાં અનેક રીતે ઉપયોગી અને અનુકુળ થાય તેમ છે.

**ગુજરાતમાં શિક્ષણનું પ્રમાણ : આદિવાસીઓમાં શિક્ષણ :**

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ ૪૩.૭૫ ટકા હતું તેમાં પુરુષોમાં ૫૪.૫૩ ટકા અને સ્ત્રીઓમાં ૩૨.૩૧ ટકા શિક્ષણનું પ્રમાણ જોવા મળ્યું હતું. ૧૯૬૧ અને ૧૯૭૧ના દાયકા દરમ્યાન સાક્ષરતામાં ૫.૩૪ ટકાનો વધારો નોંધાયો હતો. ૧૯૮૧ની ગણતરી પ્રમાણે

આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ૨૧.૧૫ ટકા હતું. તેમાં પુરુષોમાં ૩૦.૪૧ ટકા અને સ્ત્રીઓમાં ૧૧.૬૪ ટકા શિક્ષણ હતું. ૧૯૬૧-૭૧ની વસ્તી ગણતરી મુજબ આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ અનુક્રમે ૧૧.૬૯ ટકા અને ૧૪.૧૨ ટકા જોવા મળ્યું હતું.ગુજરાતમાં વસતા આદિવાસીઓ શિક્ષણની દ્રષ્ટિએ સામાન્ય વસ્તી અને અનુસુચિત જાતિની સરખામણીમાં ઘણાં પાછળ જોવા મળ્યાં હતાં. જેમાંય આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણુંજ ઓછું જોવા મળ્યું હતું.

**જિલ્લાવાર આદિવાસીઓના શિક્ષણની સ્થિતિ :**

ગુજરાતમાં જિલ્લાવાર શિક્ષણની માહિતી નીચેના કોઠા નં.૭:૧માં દર્શાવવામાં આવી છે.

**કોઠા નં.૭:૧**

**જિલ્લાવાર શિક્ષણ (૧૯૮૧) ટકામાં**

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ વસતિમાં અક્ષરજ્ઞાન | | | આદિવાસીઓમાં અક્ષરજ્ઞાન | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| ૧ | જામનગર | ૪૦.૫૩ | ૫૦.૨૯ | ૩૦.૨૬ | ૧૩.૮૧ | ૨૦.૧૫ | ૭.૧૪ |
| ૨ | રાજકોટ | ૪૮.૯૧ | ૫૮.૩૦ | ૩૯.૦૧ | ૪૦.૨૦ | ૪૯.૯૫ | ૨૯.૦૮ |
| ૩ | સુરેન્દ્રનગર | ૩૭.૧૭ | ૪૮.૨૪ | ૨૫.૩૨ | ૮.૫૬ | ૧૪.૫૯ | ૨.૩૫ |
| ૪ | ભાવનગર | ૩૯.૯૩ | ૫૧.૨૬ | ૨૮.૧૦ | ૨૮.૫૫ | ૪૨.૨૯ | ૧૩.૬૪ |
| ૫ | અમરેલી | ૪૨.૨૦ | ૫૨.૦૫ | ૩૨.૧૦ | ૩૧.૬૮ | ૪૪.૨૫ | ૧૭.૩૯ |
| ૬ | જૂનાગઢ | ૪૧.૬૨ | ૫૨.૬૨ | ૩૦.૧૧ | ૧૨.૩૦ | ૧૮.૯૮ | ૫.૧૪ |
| ૭. | કચ્છ | ૩૫.૩૯ | ૪૪.૦૭ | ૨૬.૭૨ | ૬.૧૦ | ૧૦.૩૯ | ૧.૪૫ |
| ૮ | બનાસકાંઠા | ૨૨.૮૪ | ૩૩.૮૬ | ૧૧.૨૦ | ૭.૯૮ | ૧૩.૭૮ | ૧.૮૪ |
| ૯ | સાબરકાંઠા | ૩૯.૭૫ | ૫૩.૮૪ | ૨૫.૩૩ | ૨૪.૩૦ | ૩૬.૮૪ | ૧૧.૮૨ |
| ૧૦ | મહેસાણા | ૪૭.૪૫ | ૫૯.૪૮ | ૩૫.૦૪ | ૨૪.૬૧ | ૩૭.૦૦ | ૧૦.૭૫ |
| ૧૧ | ગાંધીનગર | ૫૪.૮૩ | ૬૩.૨૪ | ૪૫.૭૮ | ૩૫.૯૫ | ૪૪.૬૬ | ૨૩.૫૧ |
| ૧૨ | અમદાવાદ | ૫૫.૮૮ | ૬૫.૩૦ | ૪૫.૩૧ | ૩૧.૫૯ | ૪૧.૭૦ | ૧૯.૬૩ |
| ૧૩ | ખેડા | ૪૯.૨૫ | ૬૨.૫૪ | ૩૪.૭૨ | ૧૪.૧૩ | ૨૦.૮૪ | ૬.૪૯ |
| ૧૪ | પંચમહાલ | ૨૮.૧૪ | ૪૦.૮૦ | ૧૪.૯૨ | ૧૩.૬૭ | ૨૨.૮૨ | ૪.૩૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | વડોદરા | ૪૮.૧૭ | ૫૮.૪૬ | ૩૬.૯૪ | ૧૭.૨૩ | ૨૬.૯૪ | ૬.૯૯ |
| ૧૬ | ભરૂચ | ૪૪.૫૭ | ૫૫.૪૩ | ૩૩.૦૬ | ૨૩.૧૩ | ૩૩.૮૭ | ૧૧.૯૮ |
| ૧૭ | સુરત | ૪૬.૬૮ | ૫૫.૦૪ | ૩૭.૬૫ | ૨૩.૯૪ | ૨૩.૩૫ | ૧૫.૪૦ |
| ૧૮ | વલસાડ | ૪૦.૦૭ | ૫૫.૮૧ | ૩૮.૧૭ | ૨૮.૧૫ | ૩૭.૫૧ | ૧૮.૭૮ |
| ૧૯ | ડાંગ | ૨૯.૯૬ | ૩૮.૪૮ | ૨૧.૨૦ | ૨૬.૯૯ | ૩૫.૬૫ | ૧૮.૧૨ |
| | **ગુજરાત** | **૪૩.૭૫** | **૫૪.૫૩** | **૩૨.૩૧** | **૨૧.૧૫** | **૩૦.૪૧** | **૧૧.૬૪** |

ઉપરના કોઠા નં.૭:૧ માં જિલ્લાવાર શિક્ષણ અને તેમાં આદિવાસીઓનાં શિક્ષણનું પ્રમાણ આપવામાં આવ્યું છે. જિલ્લાવાર શિક્ષણના આંકડા તપાસીએ તો.

(૧) ત્રણ જિલ્લાઓમાં શિક્ષણનું પ્રમાણ ૧૦ ટકા કરતાં ઓછું છે.

(૨) પાંચ જિલ્લાઓના ૧૧ થી ૨૦ ટકા શિક્ષણ છે.

(૩) સાત જિલ્લાઓમાં શિક્ષણનું પ્રમાણ ૨૧ થી ૩૦ ટકા છે.

(૪) ચાર જિલ્લાઓમાં ૩૧ થી ૪૦ ટકા જેટલું શિક્ષણ જોવા મળે છે.

અર્થાત્ આઠ આદિવાસી જિલ્લાઓમાં શિક્ષણની સ્થિતિ જોઈએ તો બે જિલ્લાઓમાં શિક્ષણનું પ્રમાણ ૧૧ થી ૨૦ ટકા સુધીનું અને ૫ જિલ્લાઓમાં ૨૧ થી ૩૦ ટકા જેટલું છે. બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ ૧૦ ટકા કરતાં પણ ઓછું જોવા મળે છે.

ઉપર મુજબ રાજયમાં શિક્ષણની ટકાવારીનું પ્રમાણ જોયા પછી તપાસના જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો કુલ વસતિમાં અક્ષરજ્ઞાન ધરાવનારની સંખ્યા ૪૪.૫૭ ટકા છે. જેમાં ૫૫.૪૩ ટકા શિક્ષણ પુરુષોમાં અને ૩૩.૦૬ ટકા શિક્ષણ સ્ત્રીઓમાં જોવા મળે છે. જયારે જિલ્લાની કુલ આદિવાસી વસ્તીમાં શિક્ષણનું પ્રમાણ ૨૩.૧૩ ટકા છે. તેમાં ૩૩.૮૭ ટકા શિક્ષણ પુરુષોમાં અને સ્ત્રીઓમાં માત્ર ૧૧.૯૮ ટકા શિક્ષણનું પ્રમાણ છે. સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછું જોવા મળે છે.

તપાસના જિલ્લામાં, તાલુકામાં અને તપાસના નમૂનાના બંને ગામોમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે તે નીચેના કોઠાના અભ્યાસથી ખ્યાલ આવે છે.

**કોઠા નં.૭:૨**
**તપાસના વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ (ટકામાં ૧૯૮૧)**

| | | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| (૧) | રાજ્યમાં કુલ વસ્તીમાં અક્ષરજ્ઞાન | ૫૪.૫૩ | ૩૨.૩૧ | ૪૩.૭૫ |
| (૨) | રાજ્યમાં કુલ આદિવાસી વસ્તીમાં અક્ષરજ્ઞાન | ૩૦.૪૧ | ૧૧.૬૪ | ૨૧.૧૫ |
| (૩) | ભરૂચ જિલ્લાની કુલ વસતિમાં અક્ષરજ્ઞાન | ૫૫.૪૩ | ૩૩.૦૬ | ૪૪.૫૭ |
| (૪) | જિલ્લાની કુલ આદિવાસી વસ્તીમાં અક્ષરજ્ઞાન | ૩૩.૮૭ | ૧૧.૯૮ | ૨૩.૧૩ |
| (૫) | અભ્યાસ ક્ષેત્રના તાલુકાની કુલ વસ્તીમાં શિક્ષણ | ૬૬.૬ | ૩૩.૪૪ | ૧.૯ |
| (૬) | તાલુકાની કુલ આદિવાસી વસ્તીમાં શિક્ષણ | ૭૨.૮ | ૨૭.૨૩ | ૦.૧ |
| (૭) | નમૂનાના ગામોમાં શિક્ષણ<br>(૧) બોરિયા | ૬૬.૧ | ૩૩.૯૫ | ૫.૬ |
| | (૨) મોટાપીપરીયા | ૬૮.૫ | ૩૧.૫૪ | ૪.૦ |

ઉપરના કોઠા નં.૭:૨ માં દર્શાવેલ આંકડાઓ પરથી તારવી શકાય છે કે રાજ્યની અને જિલ્લાની કુલ વસ્તીની સરખામણી આદિવાસીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઘણું ઓછું હતું. તેમાંય સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ પુરુષોના શિક્ષણ કરતાં અડધું પણ ન હતું. અભ્યાસક્ષેત્રના ગામોમાં પણ શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું હતું.

અભ્યાસક્ષેત્રના બંને ગામોમાં ચાલુ ભણતા બાળકોની સંખ્યા જોઈએ તો બોરિયા પ્રાથમિક શાળામાં કુલ ૨૩૪ બાળકો ધો.૧ થી ૭ માં આજુબાજુના ઉમરવા, ભીલવશી, ફુલવાડી, ઈન્દ્રવર્ણા ગામોના લગભગ ૧૦ બાળકો ભણવા આવતા હતા.

**બોરિયા પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૭માં ભણતા બાળકોની વિગત આ મુજબ છે.**

**(માર્ચ-૮૮)**

| ધોરણ | કુલ બાળકો | | હરિજન | | આદિવાસી | | મુસલમાન | | અન્ય | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | ૧૮ | ૧૦ | - | - | ૧૭ | ૧૦ | ૧ | - | - | - |
| ૨ | ૫ | ૧૧ | - | - | ૫ | ૧૦ | - | ૧ | - | - |
| ૩ | ૯ | ૧૨ | - | - | ૯ | ૧૨ | - | - | - | - |
| ૪ | ૧૬ | ૬ | ૧ | - | ૧૪ | ૫ | ૧ | - | - | ૧ |
| ૫ | ૩૩ | ૨૫ | - | - | ૩૩ | ૨૪ | - | ૧ | - | - |
| ૬ | ૨૬ | ૧૫ | ૨ | - | ૨૪ | ૧૫ | - | - | - | - |
| ૭ | ૩૫ | ૧૩ | - | - | ૩૫ | ૧૩ | - | - | - | - |
| કુલ | ૧૪૨ | ૯૨ | ૩ | - | ૧૩૭ | ૮૯ | ૨ | ૨ | - | ૧ |

બોરિયા પ્રા.શાળાની સ્થાપના : ૩૦-૧૦-૧૯૮૨

શાળાના મકાનની સંખ્યા ૩ ઓરડા - ૬

કર્મચારીગણ ૫ + ૨ = ૭

ઉપર મુજબ બોરિયા શાળાની અંદર ભણતા કુલ બાળકોની દ્રષ્ટિએ જોઈએ તો હવે શિક્ષણનું પ્રમાણ થોડું વધ્યું હોય તેવું લાગે છે. શાળામાં ભણતા મોટાભાગના બાળકો આદિવાસીઓના જ છે. તેમાં માત્ર ૩ હરિજન બાળકો અને ૪ મુસ્લિમ બાળક-બાલિકાઓનો સમાવેશ થાય છે.

શાળાના મકાનની વિગતો જોઈએ તો શાળાનું મકાન જુનું થઈ ગયેલું છે. છોકરાઓને બેસવા માટે પૂરતા ઓરડાની વ્યવસ્થા પણ નથી. શાળામાં રીપેરીંગની કામકાજની અને તેને બેસવા યોગ્ય બનાવવાની તાતી જરૂરિયાત છે.

**બોરિયા માધ્યમિક શાળા :**

બોરિયા ગામમાં પ્રાથમિક ઉપરાંત માધ્યમિક શાળા પણ શરૂ કરવામાં આવેલી છે. આ શાળાની શરૂઆત જૂન-૧૯૮૦ થી કરવામાં આવી છે. પરંતુ શાળાનું મકાન જોતાં વિદ્યાર્થીઓને ભણવા માટે

બિલકુલ અનુકૂળ આવે તેમ નથી. છતાં આજુબાજુના વિદ્યાર્થીઓને માધ્યમિક કક્ષાનું શિક્ષણ મેળવવા માટે દૂર જવું ન પડે તે માટે આ શાળા આર્શીવાદ રુપ છે. આ શાળામાં કર્મચારીગણ પણ પૂરતો છે. તેમાં શિક્ષકોની સંખ્યા ૧૦, કલાર્ક ૨ (બે) અને પટાવાળા ૩ (ત્રણ)ની વ્યવસ્થા છે.

પિન્ટુલ્લા વિદ્યામંદિર બોરિયામાં માર્ચ અંતિમ નીચે મુજબ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા.

**પિન્ટુલ્લા વિદ્યામંદિર બોરિયા (મા.શાળા)**

કુલ સ્ટાફ : ૧૫, શિક્ષકો ૧૦ (દસ), કલાર્ક ૨ (બે), પટાવાળા ૩ (ત્રણ)

શાળાની સ્થાપના : ૯-૬-૧૯૮૦

**શાળામાં ભણતા બાળકોની સંખ્યા**

| ધોરણ | કુમાર | કન્યા | કુલ | આદિવાસી | | |
|---|---|---|---|---|---|---|
| | | | | કુમાર | કન્યા | કુલ |
| ૮ | ૯૬ | ૨૯ | ૧૨૫ | ૯૬ | ૨૯ | ૧૨૫ |
| ૯ | ૫૩ | ૮ | ૬૧ | ૫૩ | ૭ | ૬૦ |
| ૧૦ | ૫૪ | ૧૫ | ૬૯ | ૫૨ | ૧૪ | ૬૬ |
| **કુલ** | **૨૦૩** | **૫૨** | **૨૫૫** | **૨૦૧** | **૫૦** | **૨૫૧** |

ઉપર મુજબ માધ્યમિક શાળાની માહિતી જોતાં જણાય છે કે ગામના આદિવાસી બાળકો પ્રાથમિક શિક્ષણ પુરું કરીને ધોરણ દસ સુધીનું શિક્ષણ પણ ગામમાં જ મેળવે છે. આ શાળામાં ભણતા કુલ બાળકોમાં લગભગ બધાજ બાળકો આદિવાસીઓના જ છે. પરંતુ કુલ બાળકોની દ્રષ્ટિએ કન્યાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. આ પ્રમાણ માત્ર ૨૦ ટકા જેટલું જ છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવતી કન્યાઓનું પ્રમાણ જોઈએ તો કુલ સંખ્યાની દ્રષ્ટિએ ઘણી ઓછી કન્યાઓ આગળ ભણવા જાય છે. અર્થાત ગામમાંજ પ્રાથમિક અને માધ્યમિક શાળાની સુવિધા હોવા છતાં સ્થાનિક કુમાર કન્યાઓના કુટુંબના વડાઓમાં શિક્ષણના અભાવને કારણે હજુ જોઈએ તેટલું શિક્ષણ અંગે તેઓ વિચારતા નથી. માત્ર અર્થોપાર્જનની ક્રિયાઓમાં વધુ રસ દાખવે છે.

**મોટા પીપરીયા ગામની પ્રાથમિક શાળામાં ભણતા બાળકોની સંખ્યા :**

મોટા પીપરીયા ગામની પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૭માં ભણતા બાળકોની સંખ્યા નીચેના કોઠામાં દર્શાવી છે.

શાળાની સ્થાપના : ૧-૨-૧૯૫૭

મકાન સંખ્યા : ૧ ઓરડાની સંખ્યા ૨

શિક્ષકોની સંખ્યા : ૪

**ધોરણવાર ભણતા બાળકો**

| ધોરણ | કુલ બાળકો | | | આદિવાસી બાળકો | | |
|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ૯ | ૮ | ૧૭ | ૬ | ૫ | ૧૧ |
| ૨ | ૧૦ | ૬ | ૧૬ | ૧૦ | ૬ | ૧૬ |
| ૩ | ૧૩ | ૧૦ | ૨૩ | ૧૧ | ૮ | ૧૯ |
| ૪ | ૬ | ૯ | ૧૫ | ૬ | ૭ | ૧૩ |
| ૫ | ૨૬ | ૧૨ | ૩૮ | ૨૬ | ૧૧ | ૩૭ |
| ૬ | ૧૫ | ૮ | ૨૩ | ૧૪ | ૮ | ૨૨ |
| ૭ | ૮ | ૧૦ | ૧૮ | ૮ | ૧૦ | ૧૧ |
| **કુલ** | **૮૭** | **૬૩** | **૧૫૦** | **૮૧** | **૫૫** | **૧૩૬** |

મોટા પીપરીયા પ્રાથમિક શાળામાં ભણતા કુલ બાળકોની સંખ્યા ૧૫૦ની હતી. તેમાં ૮૭ કુમાર અને ૬૩ કન્યાઓ હતી. તેમાં ધો.૧ થી ૭ માં ૮૧ કુમાર અને ૧૫ કન્યાઓ આદિવાસી હતાં. ૩ કુમાર અને ૩ કન્યા મુસ્લીમ, ૨ કન્યાઓ હરિજન અને ૩ કુમાર અને ૩ કન્યા અન્ય પછાત વર્ગના હતા.

કોઠામાં જોતાં એકંદરે આદિવાસી કુમાર અને કન્યાઓનું પ્રમાણ ઠીક ઠીક કરી શકાય તેવું જોવા મળ્યું હતું. આ શાળામાં પણ નાના પીપરીયા, વખતપુરા એમ બે ગામોમાંથી ૨૦ થી ૨૫ જેટલાં બાળકો શિક્ષણાર્થે આવતાં હતાં. જેઓ ધોરણ ૫ થી ૭ માં અભ્યાસ કરતાં હતાં.

ઉપર મુજબ નમૂનાના બંને ગામોમાં શિક્ષણ મેળવતાં કુલ બાળકોની સંખ્યાના વિગતવાર અભ્યાસ પછી નમૂનાનાં બંને ગામોના કુલ ૮૦ કુટુંબોમાંથી ભણેલા, અભણ અને ચાલુ ભણતા બાળકોની સંખ્યા જોઈએ, તો નીચે દર્શાવેલ નમૂનાના કુટુંબોમાં શિક્ષણના કોઠા ઉપરથી ખ્યાલ આવશે.

## કોઠા નં. ૭:૩
## નમૂનાના કુટુંબોમાં શિક્ષણ

| ક્રમ | કુટુંબ સંખ્યા | શિક્ષણ પૂરું કરેલ | | | | | | | | | | | | | | ચાલુ શિક્ષણ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ સભ્ય સંખ્યા | | અભણ | | પ્રાથમિક ધો.૧ થી ૪ | | ૫ થી ૭ | | માધ્યમિક | | ઉચ્ચત્તર | | સ્નાતક | | બાલવાડી | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચ | | સ્નાતક | | કુલ | |
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | ૧૧ | ૨૬ | ૨૩ | ૫ | ૧૨ | ૪ | ૧ | ૫ | ૨ | ૧ | ૧ | - | - | ૧ | - | ૪ | ૩ | ૬ | ૪ | - | - | - | - | - | - | - | - |
| ૨ | ૨૯ | ૮૯ | ૭૯ | ૧૮ | ૫૨ | ૧૮ | ૪ | ૧૩ | ૫ | ૧૨ | ૧ | ૩ | - | ૧ | - | ૬ | ૨ | ૧૪ | ૧૩ | ૪ | ૨ | - | - | - | - | - | - |
| ૩ | ૨૦ | ૬૫ | ૬૦ | ૨૧ | ૩૮ | ૧૮ | ૬ | ૯ | ૮ | ૪ | - | - | - | ૨ | - | ૩ | ૫ | ૨ | ૨ | ૨ | ૧ | ૨ | - | ૨ | - | - | - |
| ૪ | ૧૨ | ૪૫ | ૩૭ | ૧૦ | ૨૧ | ૧૦ | ૨ | ૬ | ૨ | ૫ | ૧ | - | - | - | ૧ | ૩ | ૪ | ૯ | ૬ | ૨ | - | - | - | - | - | - | - |
| ૫ | ૮ | ૩૨ | ૩૮ | ૯ | ૨૦ | ૩ | ૩ | ૫ | ૧ | ૩ | ૨ | ૪ | - | - | - | - | ૧ | ૫ | ૯ | ૨ | ૨ | ૧ | - | - | - | - | - |
| કુલ | ૮૦ | ૨૫૭ | ૨૩૭ | ૬૩ | ૧૪૩ | ૫૩ | ૧૬ | ૩૮ | ૧૮ | ૨૫ | ૫ | ૭ | - | ૪ | ૧ | ૧૬ | ૧૫ | ૩૬ | ૩૪ | ૧૦ | ૫ | ૩ | - | ૨ | - | ૬૭ | ૫૪ |
| ટકા | | ૧૦૦.૦ | | ૨૪.૫ | | ૨૦.૬ | | ૧૪.૮ | | ૯.૭ | | ૨.૭ | | ૧.૬ | | ૬.૨ | | ૧૪.૦ | | ૩.૯ | | ૧.૨ | | ૦.૮ | | (૨૬.૧) | |
| | | ૧૦૦.૦ | | ૬૦.૪ | | ૬.૭ | | ૭.૭ | | ૨.૧ | | - | | ૦.૪ | | ૬.૩ | | ૧૪.૩ | | ૨.૧ | | - | | - | | | |

ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ નમૂનાનાં કુટુંબોના કુલ પુરુષ સભ્ય સંખ્યામાંથી ૨૪.૫ ટકા પુરુષો અભણ હતા. ૨૦.૬ ટકા પુરુષ સભ્યોએ પ્રાથમિક કક્ષાનું ધોરણ ૧ થી ૪ સુધીનું, ૧૪.૮ ટકા પુરુષ સભ્યોએ ધોરણ ૫ થી ૭ સુધીનું, ૯.૭ ટકા પુરુષ સભ્યોએ માધ્યમિક કક્ષાનું, ૨.૭ ટકા પુરુષ સભ્યોએ ઉચ્ચ શિક્ષણ ધોરણ ૧૧-૧૨ સુધીનું અને ૧.૬ ટકાએ સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવ્યું હતું. (જેમાં પી.ટી.સી.નો પણ સમાવેશ કરેલ છે.)

જયારે કુલ સ્ત્રી સભ્યોમાંથી ૧ થી ૪ સુધીનું, ૭.૭ ટકા સ્ત્રીઓએ ધોરણ ૫ થી ૭ સુધીનું, ૨.૧ ટકા સ્ત્રી સભ્યોને માધ્યમિક અને ૦.૪ ટકા સ્ત્રીઓએ સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવ્યું હતું. અર્થાત કુલ સભ્ય સંખ્યામાં ઘણાઓછા પુરુષ સભ્યો અશિક્ષિત હતા. જયારે સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત હતું.

**ચાલુ શિક્ષણ :**

અભ્યાસમાં આવરી લીધેલા નમૂનાના બંને ગામોના કુલ ૮૦ કુટુંબોમાંની કુલ સભ્ય સંખ્યામાંથી, કુલ પુરુષ સભ્ય સંખ્યામાં ૨૬.૧ ટકા સભ્યો બાલવાડીથી માંડીને સ્નાતક સુધીનું શિક્ષણ મેળવી રહ્યા હતા. જેમાં ૬.૨ ટકા બાલવાડીનું શિક્ષણ, ૧૪.૦ ટકા પ્રાથમિક શિક્ષણ, ૩.૯ ટકા માધ્યમિક, ૨.૧ ટકા સભ્યો ઉચ્ચ અને ૦.૮ ટકા સભ્યો ટેકનીકલ/સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવી રહ્યા હતા. જયારે કુલ સ્ત્રી સભ્યોમાં ૨૨.૮ ટકા સ્ત્રીઓ શિક્ષણ મેળવી રહી હતી. તેમાંથી ૬.૩ ટકા કન્યાઓ બાલવાડીનું શિક્ષણ, ૧૪.૩ ટકા કન્યાઓ પ્રાથમિક અને ૨.૧ ટકા કન્યાઓ માધ્યમિક શિક્ષણ મેળવી રહી હતી. અર્થાત કુલ ચાલુ શિક્ષણમાં પુરુષ અને સ્ત્રીઓની સંખ્યામાં બાલવાડી સુધી શરૂઆતમાં સારી હાજરી જોઈ શકાય છે. પરંતુ ધીમે ધીમે પ્રાથમિક કક્ષાના ધોરણ પાંચ પછી કન્યાઓના શિક્ષણમાં ઘટાડો થતો જાય છે. કોઠાના વ્યવસ્થિત અભ્યાસથી શિક્ષણની પરિસ્થિતિને ઊંડાણથી સમજી શકાશે.

એકંદરે જોઈએ તો ધાનકાઓમાં હજુ શિક્ષણની ભૂખ ઢોડિયા, ગામીત, ચૌધરી અને પટેલિયા આદિવાસી જાતિ જેટલી જાગી નથી. ધાનકાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. તેના માટે તેમની આર્થિક પરિસ્થિતિ પણ જવાબદાર છે.

# પ્રકરણ-૮

## વિકાસલક્ષી સૂચનો

ધાનકા જાતિની ભૂભૌગોલિક, ઐતિહાસિક, વિસ્તાર, અર્થવ્યવસ્થા, સામાજિક સંગઠન, સામાજિક રીતરિવાજો અને ધાર્મિક તેમજ શૈક્ષણિક પાસાઓ વિષે આપણે અગાઉના જુદા જુદા પ્રકરણોમાં વિસ્તારથી ચર્ચ્યા. તેમનામાં આજે ઘણું પરિવર્તન આવેલું જોઈ શકાય છે. લોકોના જીવનમાં પણ આધુનિક આચાર વિચાર અને પ્રવર્તમાન પ્રણાલિનો પ્રવેશ થઈ ચૂક્યો છે. તેઓ સમજે છે કે આજે જુદા જુદા સમાજો વિકાસની સાથે કદમ મિલાવીને આગળ વધી રહ્યા છે ત્યારે સુધરેલા જીવનનું જ્ઞાન તેમનામાં પ્રસરી રહ્યું હોય તેવું લાગે છે.

સ્વરાજ્ય પ્રાપ્તિ પછી નાગરિકતાના સરખા હક્કો મળવાને લીધે આધુનિક શિક્ષણ અને સંસ્કૃતિ પ્રાપ્ત કરવાનો હક્ક તેમને પણ મળ્યો છે. વળી બધી આદિવાસી જાતિઓને રાજ્ય બંધારણથી રાજ્યનું વિશિષ્ટ રક્ષણ પણ મળેલું છે. એમના હિતાર્થે રાજયમાં આજે અનેક વિભાગો ખોલવામાં આવેલા છે.

આદિજાતિ વિકાસ કોર્પોરેશન, આદિવાસી વિસ્તાર પેટા યોજનાઓ, સહકારી ક્ષેત્રની પ્રવૃત્તિઓ અને સરકારી વિવિધ યોજનાઓની પ્રવૃત્તિઓથી પ્રજામાં ઘણો વિકાસ જોઈ શકાય છે. છતાં ધાનકા આદિવાસીઓની આર્થિક પરિસ્થિતિ સામાન્ય રીતે નબળી જોવા મળી છે તેમાં કેટલાક કારણો જવાબદાર ગણી શકાય તેવાં નીચે મુજબ દર્શાવ્યા છે.

(૧) બાળકના જન્મ પછી છોકરાની બાબરી ઉતારવાની વિધિમાં ધાનકા લોકો ઘણોજ ખર્ચ કરતા હોય છે.

(૨) લગ્ન-મરણ પાછળ વધુ પડતો ખર્ચ કરતા જોવા મળ્યા છે.

(૩) સામાજિક પ્રસંગોએ ઈચ્છા અનિચ્છાએ સમાજમાં પોતાનો મોભો જાળવવા આવક કરતાં વધુ ખર્ચ કરે છે.

(૪) બારમું અને તેરમું એમ બંને દિવસનો જમણવારનો ખર્ચ વગેરે

આવી કારમી મોંઘવારીમાં આવા દેખા-દેખીની અસર હેઠળ કરવામાં આવતા વધારાના ખર્ચમાંથી ઉગરવા આર્થિક રીતે પગભર થવા, ખર્ચનું પ્રમાણ ઘટાડવામાં આર્થિક ઉન્નતિ અને પ્રગતિ સમાયેલી છે.

આ માટે આદિવાસી જાતિઓની સાથે સાથે ધાનકા જાતિની સંસ્કૃતિનો નાશ ન થાય બલ્કે સંસ્કૃતિના ઉત્તમ લક્ષણોના વિકાસની સાથે વિકાસ સાધી શકાય તેવો માર્ગ અપનાવવો જોઈએ.

ધાનકાઓમાં એકંદરે શિક્ષણનું પ્રમાણ ઘણુંજ ઓછું છે તેમાંય સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત છે. તો શિક્ષણમાં વધુને વધુ રસ પેદા થાય તેવા પ્રયત્નો હાથ ધરીને શિક્ષણ અને કેળવણી દ્વારા આર્થિક જીવનને સમૃધ્ધ બનાવવું જોઈએ. માનવતાનું પરિવર્તન અને નવરચના બધે કરવાની છે; પરંતુ આદિવાસીને બિનઆદિવાસી પ્રજાનો સંપર્ક નિસ્વાર્થ સેવાવૃત્તિથી થાય અથવા તો માનવતાની વૃત્તિથી થાય તે ઘણું મહત્વનું છે. એમાં એક સંસ્કૃતિ બીજી સંસ્કૃતિની પૂરક બને છે અને આગળ વિકાસ કરી શકે છે.

આદિવાસીઓ અને બિનઆદિવાસીઓમાં પરસ્પર એકતા, મિલન, બંધુતાનો ભાવ નિર્માણ થાય તે જોવું જોઈએ. આદિવાસીઓમાં પોતાને આગળ આવવાની, બીજા સમાજની હરોળમાં ઊભા રહેવાની તમન્ના જગાવવી અને વિશાળ રાષ્ટ્રીય જીવનમાં પોતે એક સ્વતંત્ર નાગરિક તરીકે ઝંપલાવતો થાય તે રીતે માર્ગદર્શન પૂરું પાડવા ઉપર ભાર મૂકવો જોઈએ. રાષ્ટ્રના નવઘડતરમાં પ્રત્યેક આદિવાસી એક નાગરિક તરીકે તેનો પોતાનો અમૂલ્ય ફાળો આપતો થાય તેમાં સૌનું હિત રહેલું છે. એટલે કે આદિવાસીઓમાં વધુ જાગૃતતા લાવીને તેમનામાં રહેલું હીર બહાર લાવી શકીશું તોજ સમાજ અને રાષ્ટ્રના નવનિર્માણમાં સંગીન ફાળો આપી શકશે.

**રહેઠાણ :**

ધાનકા જાતિના ઘરો મોટેભાગે કાચા અને સાંઠી રાંઠીની દિવાલવાળા જોવા મળે છે. દરેક ઘરોમાં મોટે ભાગે બબ્બે કુટુંબ સાથે રહેતા જોવા મળ્યા છે. સામાજિક દ્રષ્ટિએ અને તેમના બાળકોના ઉજવળ ભાવિ માટે વર્તમાન સંદર્ભમાં તેમને ઘરથાળના પ્લોટો અને બાંધકામ માટે સહાય આપવી જોઈએ અને ઘરથાળના પ્લોટો પણ એવી જગ્યાએ આપવા કે જે ગામથી નજીક, સમતળ જમીન અને પાયાની સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ હોય.

**ખેતી :**

ધાનકા જાતિનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતી ઉપરાંત ખેત-મજૂરી અને છૂટકકામ કરી જીવન નિર્વાહ ચલાવે છે. કેટલાક કુટુંબોમાં સામાન્ય નોકરી કરનાર પણ છે. જીવનનિર્વાહનો મુખ્ય આધાર

ખેતી જ છે. ખેતીની જમીન એકંદરે સારી કહી શકાય તેવી છે. પરંતુ સિંચાઈની વ્યવસ્થાના અભાવે માત્ર ચોમાસુ ખેતી પર આધાર રાખવો પડે છે. જમીનનું પ્રમાણ પણ કુટુંબદીઠ સરેરાશ ૪.૩૭ એકર જેટલું છે. અપૂરતી જમીન અને તે પણ નાના નાના ટૂકડાઓમાં વહેંચાયેલી છે.

ધાનકા જાતિની ખેતીના વિકાસ માટે સરકારશ્રીએ જાહેર કરેલા ખેતવિકાસ માટેના કાર્યક્રમોને લાભ અજ્ઞાન એવા ધાનકા ખેડૂતો સુધી પહોંચે તેમનામાં જાગૃતિ લાવે તેવા એક કન્વીનરની નિમણૂંક પણ કરવી ઘટે.

તાલુકા લેવલના વિસ્તરણ અધિકારીઓ અને ગ્રામસેવકો પણ હોય છે. પરંતુ ગ્રામસેવકોની અનિયમિતતા અને બેજવાબદારી ભર્યા વલણને કારણે ધાનકાઓ સુધી ખેતી વિષયક લાભો જે પહોંચવા જોઈએ તે પહોંચી શકતા નથી અને જેઓને લાભ મળે છે તેમને પૂરતાં નાણાં પણ મળતા નથી. આ માટે ધાનકા જાતિના વસવાટવાળા ગામોને લક્ષમાં લઈ તેમનામાંથી કોઈ સ્થાનિક માણસને કન્વીનર બનાવી સરકારી લાભોની જાણકારી તેમના સુધી પહોંચે તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ, જેથી ખેતીનાં સાધનો, બિયારણ, ખાતર અને કિટસની યોગ્ય ફાળવણી હાથ ધરી શકાય.

રાજયની આવકમાં ખેતીનો મુખ્ય ફાળો રહેલો છે. રાજયની આવકમાં વધુ હિસ્સો ખેતીના પ્રાથમિક વિભાગ દ્વારા મળે છે. શ્રમજીવી લોકોનો પણ મુખ્ય આધાર ખેતી છે. ગ્રામવિકાસમાં ખેતી અને સંલગ્ન વ્યવસાયો તેમજ તેને લગતા કાર્યક્રમો અત્યંત મહત્વનો ભાગ ભજવે છે. એ જ રીતે સમાજના અત્યંત ગરીબ વર્ગોના ઉત્પાદકને પ્રશંસનીય રીતે વિકાસ કરી આગળ લાવવાનું પણ જરૂરી બન્યું છે.

તેથી સિંચાઈ, બહુવિધ પાક પદ્ધતિ સુધારેલ ફાર્મ-ટેકનોલોજી મારફત ઉત્પાદન અને જમીનની ઉત્પાદકતા વધારવા પર ભાર મૂકી, વિસ્તરણ સેવાઓનો ફેલાવો કરીને, તેની ગુણવત્તા સુધારવાનો પ્રયત્ન કરવો રહ્યો. એકલા પાક ઉત્પાદકની બાબતમાં જ નહિ, પરંતુ સાથે સાથે પશુપાલન, ડેરીવિકાસ, બાગાયત, વન વગેરે બાબતોનાં પણ ઉત્પાદન કક્ષા ઊંચી લાવવા અને રોજગારી વધારવાના પ્રયત્નો જરૂરી છે.

આ સાથે આ વિસ્તારના નાના અને સીમાંત ખેડૂતો તેમજ ખેતમજૂરો માટેના કાર્યક્રમો, અનાવૃષ્ટિ પાત્ર વિસ્તારના કાર્યક્રમો, સંકલિત ગ્રામવિકાસ રોજગાર માટે ઘટક કક્ષાએ આયોજન અને મોસમ સિવાયના ગાળામાં બેરોજગારી અંગેના રાહત કામોને વેગ આપવો જરૂરી છે.

આગળ ઉપર અર્થવ્યવસ્થાના પ્રકરણમાં દર્શાવ્યા મુજબ ધાનકાઓનો મુખ્ય આધાર ખેતી છે. સૌથી વધુ આવક મેળવવાનું સ્રોત પણ ખેતી છે. તેમને કુલ આવકના ૭૩.૬ ટકા આવક ખેતી અને પશુપાલનમાંથી જ થાય છે. જેથી આ વિસ્તાર માટે ખેતી ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

ખેતી શિક્ષણ અને સંશોધનના કાર્યને વેગ આપી અતિ ઉત્તમ અને ઓછા વરસાદે તૈયાર થતા પાકોનું ઉત્પાદન વધારવા પર ભાર મૂકવો જોઈએ. આ વિસ્તારમાં બિયારણ- કિટસ તૈયાર કરી ખેડૂતોને આપવાં જોઈએ. આ વિસ્તારમાં બાજરી, કપાસ, જુવાર અને મગફળીના પાકોનું ઉત્પાદન વધે તે માટેના સંશોધનો ઉપર ભાર મૂકવો જોઈએ.

આ ઉપરાંત જમીન સુધારણાના કાર્યક્રમો, નાની સિંચાઈ યોજનાઓ અને નાના નાના તળાવો ઉભા કરીને ચોમાસાના વરસાદના પાણીને નાથીને આ વિસ્તારમાં નાની સિંચાઈ યોજનાને વેગ આપીને ખેતી વિષયક ઉત્પાદકતા વધારવા માટે આવી ટૂંકાગાળામાં તૈયાર થતી યોજનાઓ હાથ ધરી, પ્રાથમિક ઉત્પાદક સામગ્રી પૂરી પાડીને જુદા જુદા વિસ્તારોની અસમતુલા ઘટાડી શકાશે.

આદિવાસી વિસ્તારોમાં તળાવો, નાના નાના બંધો, ટયુબવેલ અને જૂના કૂવાઓનું સમારકામ તેમજ ભૂમિ અને જળ સંરક્ષણની યોજનાઓ, સિંચાઈ ક્ષેત્રના વિકાસની સાથે સાથે સંગ્રહ કરેલા પાણીનો અધિકતમ ઉપયોગ કરીને ખેડૂતોના વિકાસ માટે આશીર્વાદ રુપ નીવડશે.

સિંચાઈની સાથે સાથે ઉત્તમ પ્રકારના બિયારણોના કિટ્સ પણ સમયસર મળે તેવી વ્યવસ્થા અનિવાર્ય છે. આ વિસ્તારમાં કપાસ, ડાંગર અને મકાઈ તેમજ મગફળીના પાક અને રોકડિયા પાકોનું ઉત્પાદન વધારવા પર ભાર મૂકવો જોઈએ.

**પશુપાલન :**

આજે રાજય સહકારી ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. તેમાંય દૂધ સહકારી મંડળીઓ દ્વારા શ્વેતક્રાંતિ થઈ રહી છે  ત્યારે આ વિસ્તારમાં પણ દૂધ સહકારી મંડળીઓ દ્વારા સારી ઓલાદની ભેંસોનું વિતરણ કરીને આદિવાસી ખેડૂત કુટુંબોને તેમની રોજબરોજની આવકમાં ઉમેરો થાય તે હેતુથી આ પ્રવૃત્તિને પણ વિકાસ કાર્યમાં અગત્યતા આપીને પ્રાધાન્ય આપવું રહ્યું.

પશુપાલન રાજયના ખેતી વિષયક અર્થતંત્રમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે. પશુઓ આડપેદાશ પણ પૂરી પાડે છે. ગાય, ભેંસ અને બળદ એ નાના ખેડૂતો માટે આધારસ્તંભ ગણી શકાય તેવાં છે.

પશુપાલનના વ્યવસાયને વિકસાવવા સાથે સાથે સઘન પશુવિકાસ ઘટકો, પશુસંવર્ધન ફાર્મ અને પશુ આરોગ્યની સુવિધાઓને પણ એટલું જ મહત્વ આપવું જોઈએ. પશુપાલનનો વિકાસ ખેતી ઉત્પાદનના પાયામાં વિવિધતા લાવવા માનવપોષણ સુધારવા અને નબળાવર્ગને પૂરક આવક મેળવવા તેમજ રોજગારીની વધુ તકો ઉભી કરવામાં સહાયરૂપ બનશે. નમૂનાના કુટુંબો પાસેના પશુધનની વિગતો જોતાં આ વિસ્તારમાં ગાય અને ભેંસોનું વધારે પ્રમાણમાં વિતરણ થાય તે પ્રકારે આર્થિક સહાય આપવી જોઈએ.

**રોજગારી :**

આ વિસ્તારમાં રોજગારીનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. રોજબરોજ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેકારોની સંખ્યામાં ઉમેરો થતો રહે છે. ત્યારે આ વિસ્તારમાં આજે નર્મદા યોજના પૂર ઝડપે આગળ વધી રહી છે. તેમાં આદિવાસી યુવકો, મજૂરોનો ઉપયોગ વધુ ને વધુ થાય અને રોજગારીનો વ્યાપ વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ. નર્મદા યોજનામાં આદિવાસી મજૂરોને પોતાની સ્થાવર મિલ્કતો તો ગુમાવવી પડે છે. સાથે સાથે રોજગારીમાં પણ તેમને સ્થાન ન અપાય એ એક વિચિત્ર બાબત ગણાવી શકાય. આ માટે આ વિસ્તારના ઓછું ભણેલા અને ટેકનીકલ જ્ઞાન મેળવેલા વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે તે જોવું જોઈએ.

છેલ્લે આ વિસ્તારમાં શિક્ષણના બહોળા પ્રચાર અને પ્રસાર ઉપર ભાર મૂકવો જોઈએ. જયાં જયાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓની વ્યવસ્થા છે ત્યાં આદિવાસી બાળકોના રહેઠાણ માટે છાત્રાલયોની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

ધાનકા જાતિનો વસવાટ એક સળંગ પટ્ટામાં ૮૦ ગામોમાં જૂથમાં વસ્તી છે. તો બીજા આદિવાસી વિસ્તારો કરતાં આ વિસ્તારમાં શૈક્ષણિક સુવિધાઓનો વ્યાપ વધી શકે તેમ છે. તો વહેલી તકે આ વિસ્તારમાં છાત્રાલયોની વ્યવસ્થા ઉભી કરી વધુને વધુ બાળકો શિક્ષણ લેતા થાય તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. જે આજના વર્તમાન પ્રવાહોમાં આ કાર્ય અનિવાર્ય છે.

ધાનકા જાતિના વિકાસ માટે ખાસ ખેતી વિકાસના કાર્યક્રમો, પશુપાલનના વ્યવસાયને વેગ અને શિક્ષણની પ્રવૃત્તિઓ તેમજ શિક્ષણનો વ્યાપ વધારવા ખાસ કાર્યક્રમો ઘડીને વિકાસમાં અગ્રિમતા આપવી જરૂરી છે.